રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## લોકસેવા મહાવિદ્યાલય લોકભારતી સણોસરામાં મૂલ્યાંકન અર્થે પધારેલ
## નૅક પિયર ટીમ



તારીખ : ૦૬,૦૭ સપ્ટેમ્બર - ૨૦૨૪

સ્થળ : લોકભારતી ગ્રામવિદ્યાપીઠ

વર્ષ: ૭૮ અંક : ૦૩ ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪

## લોકસેવા મહાવિદ્યાલયના મૂલ્યાંકન અર્થે પધારેલ નેંક પિયર ટીમની વિવિધ વિભાગોમાં મુલાકાત


















સોનલ પરીખ

# કોડિયું

વર્ષ : ૭૮ | ઓક્ટોબર ૨૦૨૪ | અંક : 03

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | ગાંધીજીની કેળવણીની યોજના<br>નાનાભાઈ ભટ્ટ | ...૦૬ |
| ૦૨ | વિચારપ્રવર્તક યુગપુરુષઃ ગાંધીજી<br>વિનોબા ભાવે | ...૦૭ |
| ૦૩ | ગાંધીબાપુનો પ્રસાદ<br>વિજયાબહેન પંચોળી | ...૦૮ |
| ૦૪ | ગાંધીયાત્રા એટલે જ સત્યયાત્રા...<br>ગુણવંત શાહ | ...૦૯ |
| ૦૫ | મોરારિબાપુની નજરે ગાંધીબાપુ<br>નીતિન વડગામા | ...૧૧ |
| ૦૬ | અહિંસાની ફિઝા અને આપણે<br>તુલા-સંજય | ...૧૩ |
| ૦૭ | ભુવનવ્યાપ્ત સત્યની સંજીવની<br>પારસકુમાર | ...૧૪ |
| ૦૮ | માનવતાનું ધરુવાડિયું<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૧૬ |
| ૦૯ | ગાંધી તો જ જીવે ને ?<br>ડૉ. બળવંતભાઈ તેજાણી | ...૧૯ |
| ૧૦ | ખાદી વિશે વિચારીએ, આચરણ કરીએ...<br>પિનાકિન મકવાણા | ...૨૨ |
| ૧૧ | આપણા કામોની પ્રાથમિકતા કેવી રીતે નક્કી કરવી?<br>મુનિ દવે | ...૨૩ |
| ૧૨ | ગાંધીનો ધબકારઃ નોખી માટી, નોખા માનવી...<br>સોનલ પરીખ | ...૨૬ |
| ૧૩ | એકોક્તિઃ વાલ્મિકી<br>વિશાલ જોષી | ...૨૮ |
| ૧૪ | કથા આશા અને વિકાસનીઃ સમાજ જીવનનો પહેલો પાઠ<br>બિંદુ-પાર્થેશ | ...૩૦ |
| ૧૫ | ગાંધીદર્શન 'સંપ્રદાય' તો નથી બની ગયોને?<br>વિશાલ ભાદાણી | ...૩૨ |
| ૧૬ | કેળવણીયુક્ત શિક્ષણઃ અનિષ્ટોનું અમોઘ ઔષધ<br>રેખાબા સરવૈયા | ...૩૩ |
| ૧૭ | અટકી જાઓ<br>ડૉ. બાલુભાઈ શેલડિયા | ...૩૫ |
| ૧૮ | મોતીભાઈ એટલે શિક્ષકોના શિક્ષક<br>ડૉ. મહેશ સી. વાઘેલા | ...૩૬ |
| ૧૯ | સંસ્થા સમાચાર<br>પ્રશાંતભાઈ મહેતા | ...૩૮ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

આજે ૧૫૫મો ખેલ દેશમાં ગાંધીજયંતી નિમિત્તે ખેલાઈ રહ્યો છે! આટલા વર્ષે પણ વિશ્વમાં તેમના વિશે તમામ પ્રકારના સમૂહમાધ્યમો મહત્તમ સ્થળ- સમય આપીને તેમને યાદ કરે છે. એથી મોટી ઉપલબ્ધિ કે મહાનતા શું હોઈ શકે?

ગાંધીજી, વિનોબા, રવિશંકર મહારાજ વગેરેને સૌથી વધારે અન્યાય કર્યો હોય તો તે બૌદ્ધિકોએ કર્યો છે. તેમની વિદ્વતાનું પ્રદર્શન કરવા તેમણે હંમેશા આ સાધુજન કર્મઠપુરુષોના પોતાના લાભમાં હોય તેવા જ વિચારો-વાક્યો રજૂ કર્યા છે. આ જ્ઞાનમારગીઓએ હું કોણ છું? તેની ચિંતા કરી છે જ્યારે સામાન્ય ભક્તિમારગીજનોએ હું કોનો છું? મારે કોનું ઓઢણું ઓઢવાનું છે તેની શોધ કરેલી છે. સાધુઓની શોધ-ઓળખમાં જેમ સાધુતા ખોવાઈ ગઈ છે તેમ આ કહેવાતા વિદ્વાનોની આકર્ષક, તર્કબદ્ધ રજૂઆતની હોડમાં વિદ્વતા ખોવાઈ ગઈ છે! આપણે આ મહાનુભાવાને સમજ્યા છીએ પણ તેનો સૌ પોતપોતાના ક્ષેત્રોમાં, પોતાના સ્વાર્થ માટે એક સક્ષમ સાધન તરીકે ઉપયોગ કરે છે. આપણે શીલવંત સાધુને વારંવાર નમવાનું ભૂલીને બળવંત સાધુને નમવા લાગ્યા છીએ. અહંકાર, રાગ-દ્વેષ, સ્પર્ધા-સરખામણી વગેરે ન હોવા જોઈએ તેવા લેખો લખનારા કે ઉપદેશ આપનારા પોતે પાછા એ જ માધ્યમોની સવારી કરીને નીકળ્યા છે તે ભૂલી જાય છે. ગમે તેટલું જ્ઞાન, અભ્યાસ, અભિવ્યક્તિ, પદ, પ્રતિષ્ઠા હોય પણ જો વિવેકપૂર્ણ આચરણ ન હોય તો એ નર્યો દંભ જ છે. આપણે અનુભવીઓની અને અભિવ્યક્તિ ધરાવતા એમ બંનેની જરૂર છે. આપણે હંમેશા અતિરેકવાદનો ભોગ બનતા આવ્યા છીએ. કોઈની ઉત્તમ વિદ્વતા અથવા ઉત્તમ અભિવ્યક્તિથી અંજાઈ જઈએ છીએ પણ તેમના વાણી, વર્તન અને માનવીય અભિગમ ધરાવતા વ્યવહાર યોગ્ય છે કે નહીં તેને ધ્યાનમાં લેતા જ નથી. મોહનમાંથી મહાત્માની સાવ સાદી-સરળ સફરની ગુરુચાવી તો અઘોળ આચરણમાં સમાયેલી છે! આપણી પાસે ઉપલબ્ધ માહિતીઓ, અભ્યાસ, વાંચન, વિદ્વતા, પદ, સંબંધો વગેરે જો પ્રદર્શન માટે ન વપરાય પણ રચનાત્મક-સર્જનાત્મક ક્ષેત્રે છેવાડાના માણસ સુધી વપરાય તો એ ખરી વિદ્યા છે. અંતે જ્ઞાન પણ એક શક્તિ છે. શક્તિ પોતે ક્યારેય સારા-નરસાનો ભેદ પારખી શકતી નથી, એ તો શક્તિના વાપરનાર પર નિર્ભર કરે છે. એ તો સ્વર્ગના કે નર્કના દ્વાર ખોલી આપનારી મહાશક્તિ છે.

આપણા મોટાભાગના વિચારો પરદેશી બીબાંઓમાં અટવાઈ ગયા છે. વળી, તે વધારે આકર્ષક અને પ્રિય જણાય છે. આપણા વિચારો-યોજનાઓ જ્યારે આપણી ધરતીમાંથી જન્મશે ત્યારે જ આપણને ફાયદો થવાનો. વિચિત્ર અને દુઃખની વાત એ છે કે ગાંધીજીની વાતો જે આપણી ધરતીમાંથી જન્મી છે એ આપણને કઠે છે !! આ તો મેચીંગ વગરનું લોહી ચઢાવી દર્દીને સાજો કરવાના પ્રયત્ન જેવું છે !! આવી ઘટનાઓમાં સમય અને શક્તિ ખર્ચાતા હોવા છતાં દર્દી સાજો થતો નથી.

આપણે ગાંધીજયંતી અને નવરાત્રીપર્વના સંગમે શક્તિપ્રાપ્ત કરવા અને તેને સાચા માર્ગે વાપરવાની વિવેકબુદ્ધિ મેળવવા સભાનતાથી પ્રયત્ન કરીએ એ જ સાચી ગરબી !

આપણે પરસ્પરને શુભેચ્છાઓ પાઠવી પ્રસન્ન રહીએ.

— [signature]

# ૦૧ ગાંધીજીની કેળવણીની યોજના

**નાનાભાઈ ભટ્ટ**

કેળવણીના ઘડવૈયાઓ આવતીકાલનો સમાજ કેવો હોવો જોઈએ એ ધ્યાનમાં રાખીને જ કેળવણીનું ઘડતર કરે છે. આવતીકાલનું જર્મની કેવું હોવું જોઈએ એ વિચારીને જ હિટલરે જર્મનીની કેળવણીની યોજના ઘડી હતી. આવતીકાલનું હિન્દુસ્તાન કેવું બનાવવું છે એ વિચારીને અંગ્રેજોએ આપણી કેળવણીની યોજના ઘડી હતી. આપણું આવતીકાલનું સ્વતંત્ર ભારત કેવું હોવું જોઈએ એ ધ્યાનમાં રાખીને ગાંધીજીએ વર્ધાયોજનાનું સ્વરૂપ આકયું છે. એટલા માટે એ જરૂરનું છે કે ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, ગ્રામઉદ્યોગ, રાષ્ટ્રભાષા, નઈ તાલીમ અને રચનાત્મક કાર્યક્રમનાં તમામ અંગોને આપણે આ ઉઠાવમાં જ જોવાં જોઈએ જે લોકો વર્ધાયોજનાને તેના આ ઉઠાવમાંથી ખસેડીને વિચારે છે તે લોકો વર્ધાયોજનાના હાર્દને સમજતા નથી, માત્ર તેના ખોખા ને ચૂંથે છે.

ગાંધીજીની આ નવીન કેળવણી યોજના એવી નથી કે માત્ર નિષ્ણાંતો જ તેને સમજી શકે. એમનું તો એ કહેવું છે કે કોઈપણ શિક્ષક એવો ન હોવો જોઈએ કે જે આ તાલીમના હાર્દને ન સમજતો હોય. નઈ તાલીમના આ હાર્દને ગાંધીજી અહિંસા કહે છે. ગાંધીજીની અહિંસા એ માત્ર ધર્મગ્રંથમાં ભણાવવાનો શબ્દ નથી પણ જીવનમાં જીવવાનો શબ્દ છે. એમની અહિંસાને જો આપણે શિક્ષણ શાસ્ત્રીઓની ભાષામાં બોલવું હોય તો, આપણે વિશાળ માનવપ્રેમ કહેવો જોઈએ. શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે પ્રેમની ગાંઠ બાંધવાની આપણે વાતો કરીએ છીએ, પણ આવો પ્રેમ આપણા માટે માત્ર ભાષણમાં બોલવાનો અથવા તો શિક્ષણગ્રંથમાં ગોખવાનો શબ્દ નથી. શિક્ષક પોતાના વિદ્યાર્થીને પ્રેમથી વશ કરતો હશે અને એ જ પાછો ઘેર જઈને પોતાની બાયડીને મારી શકતો હશે ખરો? શિક્ષક પોતાના વર્ગમાં વિદ્યાર્થીઓને પ્રેમથી નવરાવતો હશે અને દુશ્મન દેશનાં બાળકોની કતલ કરી શકતો હશે ખરો? આપણે સૌ આજે બોલીએ છીએ કે કેળવણી માત્ર અંદરથી ઊગવી જોઈએ, બહારથી લાદવી ન જોઈએ. આનો અર્થ જ એ થયો કે ગમે તેવા ઉચ્ચ હેતુથી પણ કોઈપણ વ્યક્તિને કે પ્રજાને પોતાનું વ્યક્તિત્વ બીજા પર લાદવાનો અધિકાર નથી.

આ પ્રકારની અહિંસાને માત્ર કલ્પનાની સૃષ્ટિમાં જ રહેવા દેવી ન હોય પણ વ્યવહારમાં ઉતારવી હોય, તો આપણે આપણા સમાજની રચના જે આજે શહેરી પદ્ધતિએ યોજીએ છીએ તેને બદલે ગ્રામપદ્ધતિએ યોજવી જોઈએ.આપણે સૌ એવી જ રીતે ઊછર્યા છીએ કે કોઈપણ વસ્તુનો વિચાર કરવા બેસીએ ત્યારે આપણે તેને શહેરીજીવનના ઢાળામાં જ ઢાળી દઈએ છીએ. આ વસ્તુ ધરમૂળનો ફેરફાર માંગે છે. આ ફેરફાર કરવા માટે આપણે આજનાં જીવનમૂલ્યોને બદલવા પડશે.

ગાંધીજી રૂઢ અર્થમાં મહેતાજી નથી; ગાંધીજી રૂઢ અર્થમાં શિક્ષણ શાસ્ત્રી પણ નથી; એ તો દ્રષ્ટા છે. જેમ આપણા ઋષિ-મુનિઓને અંતરમાં સત્યનો ભાસ થયો તેમ ગાંધીજીને અંતરમાં આ યોજનાનું દર્શન થયું અને એ દર્શનને એમણે આપણી ભાંગી તૂટી ભાષામાં મૂક્યું. એ દર્શનને જો આપણે શિક્ષણની પરિભાષામાં ગોઠવવું હોય તો એ આપણે કરવું જોઈએ. એમણે વર્ધાયોજના આપણી પાસે રજૂ કરી એટલે આપણી પાસે આવી યોજનાઓનાં જે ખાલી બીબાં પડ્યાં હતાં એના ઢાળમાં આપણે એને નાખી. આપણે સૌ શિક્ષણનાં પરદેશી બીબાંઓ લઈ બેઠા છીએ; આપણા વિચારો ધરતીમાંથી ઊભા થયેલા નથી. ગાંધીજીની આ યોજના આપણા દેશની સમગ્ર ધરતીમાં જન્મી છે અને તેથી જ તે આપણને વિચિત્ર પણ લાગે છે અને છતાં સાચી પણ લાગે છે. આપણું કામ તો એ છે કે ગાંધીજીના આ દર્શનને સમજવું અને પછી તેને આપણી મહેતાજીની પરિભાષામાં ગોઠવવું.

## ૦૨ વિચારપ્રવર્તક યુગપુરુષઃ ગાંધીજી

**વિનોબા ભાવે**

---

પરમેશ્વરની હિન્દુસ્તાન પર ઘણી મહેર રહી છે. અનાદિ કાળથી આજ પર્યંત અનેક મહાપુરુષો અહીં અવતર્યા છે અને અહીંના જીવનને સમૃદ્ધ કરતા ગયા છે. એ મહાપુરુષોની પરંપરાની છેલ્લી કડી ગણાય તેવા અને હવે પછી આવનારા મહાપુરુષોની શ્રેણીમાં પ્રથમ ગણાય તેવા ગાંધીજી હતા. ભૂતકાળમાં મહાપુરુષોએ આપણને જે કાંઈ આપ્યું તેનો સાર આપણે ગાંધીજીમાં પામ્યા અને ભવિષ્યમાં જે અસંખ્ય મહાપુરુષો પરમેશ્વર મોકલવાનો છે, એમના બીજ પણ ગાંધીજીમાં પામ્યા. પાછલા પ્રયત્નોનું ફળ મળ્યું અને આગલી આશાઓનું બીજ મળ્યું. આ રીતે એક સંધિકાળમાં તેઓ આવ્યા અને તેમના જીવનમાં ભૂત અને ભવિષ્યની સાંધ મળી. દરેક મહાપુરુષને વિશે એવું કહી શકાતું નથી. દરેકની પોતપોતાની વિશેષતા તો હોય જ છે; પરંતુ મહાપુરુષોમાં પણ પુરાતન પરંપરાનું ફળ અને નૂતન પરંપરાનું બીજ જેમના જીવનમાં એકત્ર થઈ ગયું હોય, એવા તો વિરલા જ હોય છે. એવા વિરલ મહાપુરુષો પૈકી ગાંધીજી એક હતા.

ગાંધીજી એક સત્યપુરુષ હતા એ તો બધા માને છે, પણ સત્યપુરુષ હોવા ઉપરાંત તેઓ એક નવા વિચારના પ્રવર્તક પણ હતા. એમણે એક નવો જીવનવિચાર આપ્યો. આવો નવો વિચાર બધા પુરુષની મારફત પ્રગટ નથી થતો. જે સત્યપુરુષનું ઘડતર એક ખાસ હાલતમાં થાય છે એના મનમાં નવો વિચાર પાંગરે છે. હૃદય તો બધા પુરુષોનું એક સરખું જ હોય છે, પણ દરેકની બુદ્ધિ અને પ્રતિભા જુદી જુદી જાતની હોય છે, જેમની પ્રતિભાની જે કાળે ઘણી જરૂર હોય છે તે સત્યપુરુષ, તે કાળનો યુગપ્રવર્તક બની જાય છે. ગાંધીજી આવા યુગપ્રવર્તક સત્યપુરુષ હતા.

ગાંધીજી એક એવા વ્યાપક વિચારક થઈ ગયા કે તેઓ લગભગ સ્મૃતિકારોની કોટીમાં આવે છે. કોઈએ એમને ઈશુ સાથે સરખાવ્યા છે, તો કોઈએ ટિળક સાથે. મારા મતે એમની તુલના સ્મૃતિકારો સાથે થઈ શકે. જેમનો વ્યાપક વિચાર જીવનનાં સર્વ પાસાઓને સ્પર્શે છે, એવા મનુ અને યાજ્ઞવલ્કય સાથે એમને સરખાવી શકાય. તેઓ એક સમાજશાસ્ત્રજ્ઞ હતા.

ગાંધીજી સેવાપ્રધાન અને કર્મપ્રધાન પણ હતા. ગાંધીજીએ જે પ્રભાવ પાડ્યો તે પ્રત્યક્ષ અને પરોક્ષ પણ છે. એમની ખૂબી એ હતી કે તેઓ પોતાના ગ્રંથો કરતા વધુ મોટા હતા. ગાંધીજીનું જીવન ખૂબ ઊંચું સારું અને ઉન્નત હતું. તેથી તેમના ગ્રંથો કરતાંયે તેમના જીવનમાં અધિક પ્રતિભા હતી.

બહુ ખુશીની વાત એ છે કે ગાંધીજી જેવા આવડા મોટા મહાપુરુષ આપણા માટે થઈ ગયા. છતાં ભગવાનની કૃપા છે કે તેઓ અલૌકિક પુરુષ પેદા નહોતા થયા. સુખદેવ જન્મથી જ જ્ઞાની હતા. કપિલ મહામુનિ જન્મતાંવેંત જ માને ઉપદેશ દેવા લાગ્યા. શંકરાચાર્ય આઠ વર્ષની ઉંમરમાં વેદાભ્યાસ પૂર્ણ કરીને ભાષ્ય લખવા લાગ્યા. પરંતુ ગાંધીજી એ કોટિમાં નહોતા જન્મ્યા. તેઓ સામાન્ય માણસ હતા, અને આ જીવનમાં એમણે જે કાંઈ પ્રાપ્ત કર્યું તે પોતાની પ્રત્યક્ષ સાધનાથી અને સત્યનિઠાથી કર્યું. તેથી એમનું જીવન આપણા માટે વધુ અનુકૂળ પડશે, અનુસરણ કરવા યોગ્ય ઠરશે.

ગાંધીજી પોતે સંવેદનશીલ હતા કે નિત્ય નિરંતર પરિસ્થિતિ અનુસાર ઝટ બદલાતા રહેતા. કોઈને પણ એવો ભરોસો નહોતો કે આજે ગાંધીજીએ આવું વલણ લીધું છે એટલે કાલે કેવું લેશે ! કારણ કે તેઓ વિકાસશીલ મનુષ્ય હતા. એમનું મન હંમેશા સત્યની શોધના ખ્યાલમાં જ રહેતું. ગાંધીજી સતત પરિવર્તનશીલ હતા. તેથી આપણે આજની પરિસ્થિતિ અનુસાર સ્વતંત્ર ચિંતન કરતા રહેવું જોઈએ.

## ૦૩ ગાંધીબાપુનો પ્રસાદ

**વિજ્યાબહેન પંચોળી**

---

**પ્રસાદ:૧**

હંમેશા હું કપડાં બાર વાગ્યા પહેલા ધોઈ નાખું . એક દિવસ થાકી ગઈ હતી, એટલે બપોરે બે અઢી વાગ્યે સૂઈને ઊઠીને ધોઈ નાખીશ. એમ વિચારી, કપડાં પલાળીને બાપુજીના બાથરૂમમાં મૂકેલાં. હું ઊઠીને બાથરૂમમાં કપડાં લેવા ગઈ તો બાથરૂમ અંદરથી બંધ, અને અંદર છબ છબ અવાજ આવે. મેં બારણું ખખડાવ્યું પૂછ્યું કોણ છે?

બાપુજી કહેઃ 'એ તો હું... '

મેં કહ્યુંઃ ' શું કરો છો?'

બાપુજીઃ 'કપડાં ધોઉં છું.'

મેં કહ્યું : 'બહાર નીકળો. બારણું ઉઘાડો.'

બાપુજીઃ 'નહીં નીકળું.'

મેં કહ્યું : 'નીકળો છો?'

બાપુજીઃ 'નહીં નીકળું.'

મેં જોરથી બારણું ભભડાવ્યું- કહ્યું નીકળશો? બાપુજીનો એક જ જવાબ, નહીં નીકળું.

મેં કહ્યું : 'નહીં નીકળો તો બારણું ભાંગી નાખીશ. એટલે ઊઠીને સાકળ ઉઘાડીને બહાર આવ્યા.' મને કહે કે, 'આજે મને થયું કે બિચારી થાકી ગઈ છે એટલે ચાલ હું ધોઉં.'

મેં કહ્યું : 'આજ પછી આવું નહીં કરવાનું. તમે આમ કરો એનું મને ખૂબ દુઃખ થાય છે'

તો કહેઃ 'હવે નહીં ધોઉં.'

**પ્રસાદ:૨**

ઈ.સ.૧૯૪૦ માં ગાંધીજીના મનમાં ઊગ્યું કે આ અંગ્રેજ સરકાર સામે પવિત્ર માણસનું સમર્પણ - બલિદાન દેવાય તો કંઈક આંખ ઊઘડે. એટલે એ વખતે દિવાળીના વેકેશનમાં હું સેવાગ્રામ ગઈ હતી. બાપુજી કહે કે,

'મારા મનમાં આવા વિચારો ચાલે છે. તું આવી છો તો જા પવનાર જઈને વિનોબાજીને તેડી લાવ.'

હું પવનાર ગઈ. વિનોબાજીને વાત કરી કે પૂજ્ય બાપુજીના મનમાં આપને માટે આવા વિચારો ચાલે છે, આપને બોલાવે છે. મને તેડવા મોકલી છે.

મને કહે, 'ચાલ તૈયાર છું.' બેઠા હતા ત્યાંથી ઊભા થઈ ગયા. અમે સેવાગ્રામ આવ્યાં.

વિનોબાજી ગાડીમાંથી ઉતરીને સીધા બાપુજી પાસે ગયા. હું બહાર ઊભી રહી. મને એમ કે બાપુજી સાથે ખાનગી વાત થવાની હોય, ચર્ચા કરવી હોય એટલે હું ન ગઈ. વિનોબાજી એકલા જ બાપુજી પાસે ગયા.એટલે તરત બાપુજી વિનોબાજીને કહે,

'છોકરી ક્યાં? મેં તો તમને તેડવા મોકલીને તમે તો વિજયાને આશ્રમ સાચવવા પવનાર મૂકીને આવ્યા લાગો છો!'

વિનોબાજી કહે, 'ના રે ના ! હું કાંઈ મૂકીને આવ્યો નથી. આ બહાર ઊભી રહી !'

હું બહાર ઊભી ઊભી સંવાદ સાંભળતી હતી એટલે તરત અંદર ગઈ.

વિનોબાજી કહે, 'લ્યો આવી.'

આમ ઘડીક ગમ્મત કરીને બાપુજીએ એમની સાથે વાત કરીને 'ખડા સત્યાગ્રહી' તરીકે એમને પસંદ કર્યા અને નક્કી કરેલી તારીખે એમણે સત્યાગ્રહ કર્યો ને જેલમાં ગયા.

**પ્રસાદ:૩**

હું લગ્ન પછી આંબલા આવવાની હતી. ગાંધીબાપુ પાસે બેઠી હતી. પોતાનો ખોળો બતાવીને કહેઃ 'આ ખોળો સદાય તારા માટે ખાલી છે, જ્યારે આવીને પડવું હોય ત્યારે આવીને પડવું.'

હું શું બોલું? આ વાત્સલ્યની- સ્નેહની હું અધિકારી છું? અને છતાં અંદરથી આનંદ પણ એટલો જ થાય- એ ખોળામાં પડવાની ધન્યતાનો.

## ૦૪ ગાંધીયાત્રા એટલે જ સત્યયાત્રા...

ગુણવંત શાહ

મહાત્મા ગાંધીજીને હું વાચન, વિચાર અને વિવેક દ્વારા ફરીફરીને નીરખતો રહ્યો છું. મહાત્મા ગાંધી જીવનભર સત્યના પ્રયોગો કરતા રહ્યા. આવા પ્રયોગોમાં મળેલી સફળતાને કારણે જ તેઓ 'મહાત્મા' કહેવાયા.પોતાની આત્મકથાને 'સત્યના પ્રયોગો' કહેવાનું ગાંધીજી માટે સર્વથા ઉચિત હતું. સત્યશોધકને છાજે એવું ખુલ્લું મન અને હૃદય એમની પાસે હતું. ગાંધીજીનો ગતિપથ સત્યના પ્રયોગોથી છવાયેલો રહ્યો છે. જયાં જયાં સત્ય જળવાય ત્યાં ત્યાં બોખું સ્મિત વેરનારા શાશ્વત ગાંધી ઊભા છે. ગાંધીની હાજરીમાં અપ્રામાણિક બનાવાનું ખૂબ જ મુશ્કેલ છે. મારે કબૂલ કરવું જોઈએ કે ગાંધીજીએ સાચું બોલવાની સહજ ઈચ્છાને બહુ મોટું બળ પૂરું પાડયું. પરિણામે જયારે જૂઠું બોલાઈ જાય ત્યારે બાપુ મારા પર ડોળા કાઢતા હોય એવો ભાવ જાગે છે.

ગાંધીજીની શબ્દયાત્રા પણ અંતતોગત્વા સત્યયાત્રા જ હતી. ગાંધીજીનું ત્રાજવું સત્યની વાતે સોનીનું ત્રાજવું હતું. સત્ય અનંત છે. સત્ય સરિતા જેવું છે. એ સતત વહેતું રહે છે. સત્ય સ્થિતિશીલ નહીં ગતિશીલ હોય છે. સત્ય કોઈ ભયંકર કે જોખમકારક બાબત નથી. માણસે પૂરી માત્રામાં જીવવું હોય તો સત્યનિષ્ઠ બનવું જ પડે. સત્યનિષ્ઠ હોવું એટલે જ જીવનનિષ્ઠ હોવું ! જયારે જયારે માણસ જૂઠું આચરણ કરે ત્યારે એ થોડો થોડો મરતો હોય છે. ગાંધીજીનો દેહ રૂપાળો ન હતો અને તેઓની પર્સનાલિટી પણ પ્રભાવશાળી ન હતી. આમ છતાં સરદાર, નેહરુ, રાજાજી, કૃપાલાનીજી અને કેટલાય અંગ્રેજ રાજનીતિજ્ઞો પર પણ એમનો પ્રભાવ પડયો તેનું કારણ શું? એમના ચહેરા પર સત્યનું દિવ્ય અજવાળું સદાય પથરાયેલું રહેતું.

માણસના ચારિત્ર્યનો ખરો માપદંડ તો સત્યપાલન જ હોય. બીજા બધા સદ્‌ગુણો સત્યપાલન સિવાય કદી નહીં જામે. જયાં જૂઠ હોય ત્યાં બીજું બધું હોય, પરંતુ ચારિત્ર્ય ન હોય. સાચું બોલવામાં અને સાચું આચરણ કરવામાં જ ખરો સ્વાર્થ રહેલો છે. જે દિવસે કોઈને છેતરવાનું ન બને એ દિવસે રાતે ઘસઘસાટ ઊંઘ આવે છે. ઘસઘસાટ ઊંઘ જેવી કીમતી ચીજ બીજી કઈ? સત્યકેન્દ્રી જીવન અને જીવનકેન્દ્રી સત્ય ! સત્યપૂત શબ્દ એટલે ઈશ્વરની અનુજ્ઞા પામેલો શબ્દ! ગાંધીજી સત્યને સહારે જીવનસાગર તરી ગયા. તેઓ આજે આપણી પાસે ઉઘરાણી કરે તો એક જ પ્રશ્ન પૂછેઃ 'બેટા, તું દિવસમાં કેટલી વાર જૂઠું બોલ્યો?' એવે વખતે આપણી શરમને કયાં સંતાડવી? આપણા બાયોલૉજિકલ પિતા તરફથી ન મળે તેવી દિવ્ય મિલકત આપણને ગાંધીબાપુ વારસામાં આપતા ગયા છે. એ દિવ્ય મિલકત એટલે સત્યપ્રીતિ.

ગાંધીજીની સત્યનિષ્ઠાએ લાખો લોકોની સહજ સચ્ચાઈને જબરી તાકાત પૂરી પાડી. ગાંધીજયંતી દર વર્ષે આવે છે. એ દિવસે ડાયરીમાં લખવા જેવું મધુરતમ વાકય છેઃ 'સાચું બોલવામાં લાભ જ લાભ છે.' જે મનુષ્ય જૂઠો હોય તે નિખાલસ બનવાનો વૈભવ નહીં વેઠી શકે. જે મનુષ્ય જૂઠો હોય તે આખાબોલા થવાનું સાહસ ન કરી શકે. પ્રત્યેક નાનું જણાતું અસત્ય આપણને ચારિત્ર્યહીનતાની અંધકારમય ખીણભરી લઈ જતું હોય છે. સત્યવાદી થવા માટે ગાંધીવાદી થવાની જરૂર નથી. માણસ નિખાલસ બને તેથી આપોઆપ કપટમુકત બનતો હોય છે.

ગાંધીજી મહાત્મા કહેવાયા, તે સત્યની ઉપાસના કરવામાં એમણે બતાવેલી નિષ્ઠાને કારણે કહેવાયા છે. એમની સત્યનિષ્ઠામાં જ કદાચ એમની બ્રહ્મચર્યનિષ્ઠા સમાઈ જાય છે. સત્યઊર્જા તો વિદ્યુતઊર્જા, સૂર્યઊર્જા ,પવનઊર્જા,જળવિદ્યુત કે થર્મલઊર્જા કરતાંય વધારે મહાન

ઊર્જા છે. એવી સત્યઊર્જા કોઈ ક્ષુલ્લક લાભ માટે વેડફી મારવી એ તો રત્નચિંતામણિ ગુમાવીને થોડાક બટાકા એકઠા કરવા બરાબર છે. ગાંધીજીએ આવો ખોટનો સોદો ન કર્યો તેથી જ તેઓ ‘મહાત્મા’ કહેવાયા.

ગાંધીજીએ જીવનભર સત્યની ઉપાસના એવી નિષ્ઠાથી કરી કે તેમનું ટકાઉપણું આવનારી સદીઓને નહીં ગાંઠે. ગાંધીજીનો દેહ ૭૯ વર્ષ ટકયો, પરંતુ એમની આત્મમૂલક સત્યનિષ્ઠાને શાશ્વતીનો સથવારો હતો. ગાંધીજી મનુષ્ય હતા અને તેથી અપૂર્ણ હતા. તેઓની સત્યનિષ્ઠા શંકાથી પર હતી. એમના ટીકાકારો પણ આ બાબતે અસંમત નહીં થાય.

ગાંધીજીનું જીવન તપાસીએ તો એક વાત સમજાશે. તેમણે કદી પણ દંભ કર્યો ખરો? તેઓ જેવું જીવ્યા તેવું બોલ્યા. તેઓ જેવું જીવ્યા તેવું લખ્યું. સત્યશોધકને પક્ષે દૃઢતા (firmness) જરૂરી ખરી, પણ જડતા (rigidity) તો સત્યને નુકશાન પહોંચાડે. જો સત્યશોધક ખુલ્લા મનનો ન હોય તો એનો સત્યાગ્રહ પણ હઠાગ્રહ બની રહે. ગાંધીજીના સાધનશુદ્ધિ માટેના આગ્રહમાં પણ ‘સત્યને ભોગે કશું જ ન ખપે’ એવી જીવનનિષ્ઠાનું વિસ્તરણ મળે છે. સત્ય સિવાયની બીજી કોઇ મુત્સદ્દીગીરી તેમને આવડતી ન હતી. એમના વ્યકિતત્વના ટુકડા પડયા હોય એવો એક પણ દાખલો જોવા મળતો નથી. આવું કેમ બન્યું ? એક જ કારણ જડે છે. તેમણે સત્યનો હાઇવે કદી ન છોડયો. જયાં સત્યપાલન હોય, સત્યનિષ્ઠા હોય અને સત્યાગ્રહ હોય ત્યાં દંભ હોઈ જ ન શકે. સત્યપાલન અભય વિના નથી જામતું અને બધાં જૂઠની ખીંટી દંભ છે. ગાંધીજીએ અભયની સાધના ન કરી હોત તો એમનું સત્યાચરણ ફિક્કું પડી ગયું હોત અને દંભ વધી પડયો હોત.

સત્યના ઉપાસકે સતત યાદ રાખવું રહ્યું કે અનેકાંતવૃત્તિનું હાર્દ અહંકારશૂન્યતા છે. અહંકાર આગલે બારણેથી પ્રવેશે ત્યારે સત્ય પાછલે બારણેથી ભાગી છૂટે છે. ગાંધીજીએ ભારતીય સંસ્કૃતિનું મૂળિયું પકડયું અને કહ્યું: ‘સત્ય એ જ પરમેશ્વર’ એમના જીવનમાં ઊગેલું આવું મહાકાવ્ય ઉપનિષદીય ઊંચાઈ ધરાવનારું છે. ગાંધીજીને સમજવાની ગુરુચાવી (માસ્ટર-કી) એટલે સત્ય. સત્યના પર્યાય તરીકે ગાંધીબાપુને વારંવાર નિહાળવા રહ્યા. ગાંધીજીનો સત્યાગ્રહ ઇતિહાસ સર્જી ગયો એ સાચું, પરંતુ પ્રતિકાર સાથે જોડાયેલાં સત્ય અને અહિંસા તો માનવજાતને બે ડગલાં આગળ લઈ જનારાં પરિબળો હતાં. ગાંધીજીનો જે કંઈ જાદુ હતો તે એમણે જીવનભર સેવેલા સત્યનો જ અલૌકિક પ્રભાવ હતો. એમણે ધર્મના ગુરુત્વમધ્યબિંદુ તરીકે સત્યને નિહાળ્યું હતું. તેઓ ‘સનાતની હિંદુ’ હતા, તેનો અર્થ એ જ કે તેઓ ભારતીય સંસ્કૃતિએ પ્રબોધેલા સત્યની સનાતનતાના મર્મજ્ઞ હતા. ગાંધીજીના જાદુનું રહસ્ય શું? એક જ જવાબ જડે છે. મહાત્માએ રોમેરોમ નિચોવી દઈને પોતાની ભીતર સચ્ચાઈનું જતન કર્યું હતું.

ગાંધીજીએ સત્યની ઉપાસના કરી તેને પરિણામે જે સત્યઊર્જા પ્રાપ્ત થઈ તેના પરચા અનેકવાર લોકોને મળ્યા. ગાંધીજી સત્યાગ્રહની વાત કરે ત્યારે કાયમ આત્મબળની વાત કરતા. સત્ય બધા માનવીય સદ્‌ગુણોનું ગુરુત્વમધ્યબિંદુ છે. થોડીક છૂટ લઈને એમ પણ કહી શકાય કે ભારતીય સંસ્કૃતિની ચોટલી સત્ય છે. ગાંધીજીએ એ ચોટલી નિષ્ઠાપૂર્વક ઝાલી રાખી અને પ્રતિક્ષણ સત્યઊર્જા એકઠી કરતા રહ્યા.

જો પરમ સત્યને દેહ ધારણ કરવાનું મન થાય તો તેણે મહાત્મા ગાંધીનો દેહ ધારણ કરવો પડે. દાંડીના દરિયાકિનારે ગાંધીજીએ મીઠાની નહીં, સત્યની ચપટી ભરી હતી ! સત્યઊર્જા એ જ ગાંધીઊર્જા ! ગાંધીજી કદી અપ્રસ્તૃત નથી થવાના, કારણ કે સત્ય કદી પણ અપ્રસ્તૃત થવાનું નથી. કમ્મર પર લટકતી ગાંધીની ઘડિયાળ પર કલાકોના નહીં, સદીઓનાં નિશાન હતાં.

(ટહુકો, વડોદરું )

## ૦૫ મોરારિબાપુની નજરે ગાંધીબાપુ

**નીતિન વડગામા**

---

મોરારિબાપુ રામકથાઓમાં 'રામાયણ'નાં પાત્રો અને પ્રસંગોને નિમિત્તે તો સ્વાભાવિક રીતે જ એમનું દર્શન વ્યક્ત કરે છે, પરંતુ બાપુનું વિચાર-વિશ્વ કેવળ એટલા પૂરતું સીમિત નથી. તલગાજરડી વ્યાસપીઠની વૈચારિક ક્ષિતિજો સતત વિસ્તરતી રહે છે અને એને પરિણામે એ વ્યાસપીઠ પરથી રામકથા ઉપરાંતની અનેક વિભૂતિઓ અને વ્યક્તિમત્તાનું ગુણસંકીર્તન થતું પણ જોવા મળે છે. રામ, કૃષ્ણ અને શિવ જેવા સનાતન ધર્મના ઈષ્ટદેવોનું મહિમાગાન કરવાની સાથોસાથ બાપુ ભગવાન બુદ્ધ, મહાવીર કે ઈશુ ખ્રિસ્તનું પણ શ્રદ્ધાપૂર્વક સ્મરણ-સંકીર્તન કરે છે. તો વળી, વિનોબા ભાવે, રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ કે સોક્રેટિસ જેવી વિભૂતિઓ પણ બાપુની કથાના કેન્દ્રીય વિષય બને છે. 'માનસ-મહાબીર', 'માનસ-સારનાથ', 'માનસ-બોધગયા', 'માનસ-ઈશુ', 'માનસ-મહામુનિ', 'માનસ-મહર્ષિ', 'માનસ-પરમહંસ', 'માનસ-મહાત્મા', 'માનસ-લોહપુરુષ', 'માનસ-સુકરાત' વગેરે રામકથાઓમાંથી એ બાબતનાં પર્યાપ્ત પ્રમાણ મળી રહે છે.

મોરારિબાપુને ગાંધીબાપુ પ્રત્યે વિશેષ લગાવ હોય એનો અંદાજ એમની કથાઓમાંથી અવશ્ય આવી શકે તેમ છે. 'માનસ-મહાત્મા'-૧ (દાંડી), 'માનસ-મહાત્મા'-૨ (અમદાવાદ) અને 'માનસ-મહાત્મા'-૩ (દિલ્હી) એ ત્રણ ગાંધીબાપુને કેન્દ્રમાં રાખીને થયેલી રામકથાઓ છે. 'માનસ-રાજઘાટ' (દિલ્હી), 'માનસ-હરિજન' (દિલ્હી) અને 'માનસ-નવજીવન' (અમદાવાદ) કથાઓમાં પણ તુલસી-દર્શનની સમાંતરે ગાંધી-દર્શનનું વહેણ વહેતું જણાય છે. આ ઉપરાંત મોરારિબાપુની ઘણીબધી કથાઓમાં પ્રસંગોપાત્ત ગાંધીજીના વિચારો કે જીવનમૂલ્યોના સંદર્ભો આવતા જોઈ શકાય છે.

બારેક વર્ષ પહેલાં- ૨૦૧૨માં- મોરારિબાપુની એક મુલાકાતમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે, 'મોરારિબાપુને ગાંધીબાપુ બહુ ગમે છે એનું કારણ શું? અને ગાંધીવાણી, ગાંધીવિચાર અને ગાંધીવ્યવહાર એમાંથી આપને સવિશેષ કઈ બાબત સ્પર્શે છે?'

મોરારિબાપુનો ઉત્તર હતો કે, 'નાનપણથી તે નિર્વાણ સુધીની ગાંધીબાપુના જીવનની જે યાત્રા છે, એ કદાચ કોઈપણ જીવની મહાત્મા બનવાની યાત્રા છે. એક જીવાત્મા મહાત્મા સુધી કેમ વિકસે એની એક આખી માર્ગદર્શિકા છે, એક આખી ગાઈડ છે. એવી સંભાવના દરેકમાં પડી છે. કોઈપણ જીવાત્મા મહાત્મા થવા માટે અધિકારી છે; એ ધારે તો એવું કરી શકે છે અને પરમાત્મા સુધી પહોંચી શકે છે; એટલે ગાંધી મને બહુ ગમે છે.'

ગાંધીવાણી, ગાંધીવિચાર અને ગાંધીવ્યવહારના સંદર્ભમાં મોરારિબાપુએ જણાવ્યું હતું કે, 'મારે એ ત્રણમાંથી પસંદ કરવું હોય તો મને ગાંધીવિચાર વધુ ગમે. એમનો વ્યવહાર ઘણી જગ્યાએ મારા મગજમાં નથી ઊતર્યો અને એમની વાણી પણ ક્યારેક મારા પ્રિય સત્યની સાથે બેસતી નથી. વાણીમાં કઠોરતા આવે અને એનો વ્યવહાર પણ ક્યારેક આપણને ન સમજાય એવો છે, જે હું નથી સમજી શકતો; એ બરાબર છે. એ મહાત્મા છે. પણ આ ત્રણમાંથી પસંદ કરવું હોય તો હું ગાંધીવિચારને પકડું; એ મારા માટે વધુ અનુકૂળ છે.'

ગાંધીજીની સત્યનિષ્ઠા અને સંવેદનશીલતા; એમની સાદગી, સહજતા, સરળતા અને સહિષ્ણુતા; એમની સેવાભાવના, સમર્પણભાવના અને રાષ્ટ્રભાવના- એ બધાંની મોરારિબાપુ એમની કથાઓમાં અવારનવાર આદરપૂર્વક નોંધ લે છે. ગાંધીજીને અત્યંત પ્રિય એવા નરસિંહના 'વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે.' એ પદનું આગવું અર્થઘટન કરીને, મોરારિબાપુ વૈષ્ણવજનનાં એ બધાં લક્ષણો ગાંધીબાપુમાં હોવાનું પણ

પ્રતીતિપૂર્વક જણાવે છે.

ગાંધીજીની પ્રવૃત્તિને મોરારિબાપુ 'નિર્વાણ' અને 'નિર્માણ' જેવી બે વિચારધારામાં વહેતાં કુંભજતત્ત્વ સાથે સરખાવે છે. 'ગાંધી અગસ્ત્ય તારક છે.' એવા સૂત્રાત્મક નિવેદન સાથે મોરારિબાપુ કહે છે કે, 'ગાંધીબાપુ અગસ્ત્યરૂપમાં આવીને બ્રિટિશરોના સત્તારૂપી સમુદ્રને ત્રણ અંજલિમાં પી ગયા. તાનાશાહીરૂપી વિંધ્યાચલ વધી રહ્યો હતો; દુનિયાને કાયમ પરતંત્રતાની બેડીમાં બાંધવાની વિચારધારાનો વિંધ્ય આગળ વધતો જતો હતો; એવા સમયમાં ગાંધી કુંભજ તારક બનીને આવે છે અને એના સામ્રાજ્યને રોકવા કુંભજકર્મ કરે છે.'

રાજઘાટ પર કથા કરતી વખતે મોરારિબાપુએ ગાંધીબાપુના મનના, બુદ્ધિના, ચિત્તના અને અહંકારના ઘાટની તાત્ત્વિક ચર્ચા કરી હતી અને જણાવ્યું હતું કે, 'વ્યાસપીઠ પરથી હું મારી જવાબદારી સાથે કહું છું, ગાંધીજીના મનનો ઘાટ બહુ સ્વચ્છ હતો. ગાંધીજી જણાવે છે કે જ્યાં જ્યાં મન પર દાગ લાગ્યા; કોઈ એવી ચીજ લીધી, તો એ બધું જ લખી દીધું કે મેં આનું સેવન કર્યું; મેં આ પીધું; દુનિયાની કોઈ ચીજ એવી નથી, જે મેં સ્પર્શી ન હોય !'

ગાંધીજીના સત્યનિષ્ઠ ઉચ્ચારણ અને પારદર્શી આચરણનાં ઓવારણાં લેતાં મોરારિબાપુ એમ પણ જણાવે છે કે, 'બહુ ઓછાં લોકોએ નિર્દંભ સ્થિતિમાં ગાંધીજી જેવી નિજકથા લખી છે. બેનકાબ લખવું બહુ કઠિન છે. આજની યુવાપેઢી એમાંની કેટલીક વાતો સ્વીકારશે નહીં. ગાંધીજીના વિચારો જરા મજબૂત હતા. એમણે સત્યના સંદર્ભમાં પ્રયોગ કર્યા; સંયમના સંદર્ભમાં પ્રયોગ કર્યા. ગાંધીજીને સમજવા મુશ્કેલ છે. એમણે એ બધું અભય બનીને કર્યું.' ('માનસ-રાજઘાટ.')

'વિશ્વવંદ્ય ગાંધીબાપુ વિશ્વ-માનુષ છે.' એવા નિવેદન સાથે મોરારિબાપુ વિશ્વ માનુષનાં જે ચારેક મહત્ત્વપૂર્ણ લક્ષણો ગાંધીબાપુના વ્યક્તિત્વ સાથે જોડાયેલાં છે એને આ રીતે રેખાંકિત કરી આપે છે કે, 'એમનામાં નિઃસ્પૃહતા હતી. બીજું, મેં જ્યારે પણ ગાંધીબાપુ વિશે વિચાર્યું છે કે સાંભળ્યું છે ત્યારે મને એ માણસ જવાન કિસાન દેખાયો છે. ત્રીજું, ગાંધીમાં સંવેદનાથી સભર વિજ્ઞાન છે અને ચોથું, સત્ય અને અહિંસાનું તીક્ષ્ણ વ્રત; એમણે કહ્યું કે સત્ય જ મારો ધર્મ છે અને સત્યને પામવાનો મારો રસ્તો છે અહિંસા.' ('માનસ-રાજઘાટ.')

'માનસ-હરિજન' રામકથામાં મોરારિબાપુ 'હરિજન' શબ્દની અર્થચ્છાયા સ્પષ્ટ કરતાં જણાવે છે કે, 'હરિજન એટલે વૈષ્ણવજન; હરિજન એટલે સાધુજન.' બાપુ એવાં હરિજનનાં ગુણલક્ષણો તારવી આપે છે અને એ ગાંધીબાપુમાં ક્યાં-કેવી રીતે ચરિતાર્થ થાય છે એ પણ ચીંધી બતાવે છે. તુલસીદાસજી સાધુને વૃક્ષ, પૃથ્વી, પર્વત અને નદી સાથે સરખાવીને સાધુનો મહિમા કરે છે, તો મોરારિબાપુ ગાંધીબાપુમાં પણ એ ચારેય લક્ષણો સાર્થક થતાં નિહાળે છે. આ ઉપરાંત હરિજન-સંતજન ગ્રંથિમુક્ત હોય અને કોઈપણ પરિસ્થિતિમાં વિચિલિત ન થાય, એમ જણાવીને બાપુ ગાંધીજીમાં નિહિત એ ગુણોને પણ રેખાંકિત કરી આપે છે. મોરારિબાપુ ગાંધીબાપુનું મહિમાગાન કરે છે અને એમના આદર્શો કે જીવનમૂલ્યોની સરાહના કરે છે, તો સાથોસાથ ગાંધીબાપુના કેટલાક વિચારો સાથેની પોતાની અસહમતી પણ દર્શાવે છે. તો વળી આપણી ઔપચારિક એવી ગાંધીભક્તિ પ્રત્યે આ શબ્દોમાં ટકોર પણ કરે છે કે, 'આપણે ગાંધીનાં સ્ટેચ્યૂ બનાવીએ, ગાંધીની મૂર્તિ બનાવીએ અને પછી એને આપણે આકાશમાં મોકલી દઈએ છીએ ! ગાંધી આપણો વ્યવહાર બને, આપણો આચાર બને એ પણ જરૂરી છે. દેશ-કાળ અનુસાર ગાંધીના કેટલાક વિચારો સાથે સવિનય અસહમતી હશે તો પણ ગાંધી રાજી થશે. ગાંધી આપણા જેવા નથી કે વાતવાતમાં નારાજ થઈ જાય. નારાજ થાય એ ગાંધી નહીં. ક્યારેક ક્યારેક હું પણ ગાંધીની કેટલીક વાતોમાં સહમત નથી થઈ શકતો. એ મારી નિજતા છે.'

મોરારિબાપુ જેવા સાધુપુરુષ દ્વારા આમ, સાધુચરિત ગાંધીબાપુના આંતર-બાહ્ય વ્યક્તિત્વ પર અનેકશઃ પ્રકાશ પડતો રહ્યો છે, જેમાંથી ગાંધીજીની તેજોમય વ્યક્તિતા ઉજાગર થઈ આવે છે. એ મહાપુરુષનું જીવન જ સ્વયં બહુ મોટો જીવનસંદેશ છે.

(મો.૮૦૦૦૦૦૦૨૦૭)

## ०६ અહિંસાની ફિઝા અને આપણે

**તુલા-સંજય**

---

આઝાદી પછીના તુરંતના દિવસોમાં એક કોંગ્રેસીએ ગાંધીને કહેલું કે, 'બાપુ, તમે તો મહાત્મા કહેવાઓ અને મહાત્માઓ હિમાલયમાં જ હોય ને! અહીં સરકારને એમનું કામ કરવા દો ને!!' બાપુનો પ્રત્યુત્તર હતો કે : 'ભાઈ, હું મહાત્મા તો નથી જ પણ હા હું સત્યનો સાધક તો છું જ અને તમારી વાત પણ સાચી કે હું હિમાલયમાં જ હોવો જોઈએ પણ મારો હિમાલય ક્યાં?! જ્યાં લોકો દુ:ખી છે, જ્યાં લોકો તકલીફમાં છે, જ્યાં લોકો અપમાનિત થાય છે ત્યાં મારો હિમાલય છે.'

વિનોબાજીએ પણ જ્યારે કશ્મીરની યાત્રા કરેલી ત્યારે ત્યાંના લોકો સાથેના સંવાદમાં વારંવાર કહેતા કે : 'આપકા ધર્મ ક્યા હૈ વો મૈં જાનના ચાહતા નહીં હૂં, આપકા વિચાર ક્યા હૈ વો ભી મૈં જાનના ચાહતા નહીં હૂં, આપકો દુ:ખ ક્યા હૈ વો મૈં જાનના ચાહતા હૂં, ઔર હો સકે તો મૈં વો દુ:ખ દૂર કરને મેં સહયોગ કરના ચાહતા હૂં.'

આ દુ:ખને કેવી રીતે જાણીશું? કેવી રીતે શોધીશું? કોઈ ભૂખ્યો છે તો એ પણ એનું દુ:ખ છે. કોઈ વસ્ત્ર વિના કડકડતી ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યો છે તો એ પણ એનું દુ:ખ છે. દુ:ખ બહુ બધા પ્રકારના છે. આપણા છેલ્લા ૨૨વર્ષોના (એ ૨૦૦૨ના તોફાનો હોય, આસામમાં બોડો-મુસ્લિમ સંઘર્ષ હોય, કાશ્મીર હોય કે પછી મણિપુરનો સંઘર્ષ હોય...) સંઘર્ષના ક્ષેત્રોમાં કામ કરવાના અનુભવના આધારે લાગે છે કે સૌથી દુ:ખી એ છે કે જે હિંસાનો ભોગ બન્યો છે. આપણે ભૂખ્યા છીએ અને કોઈ ખાવા આપી દે છે તો આપણું દુ:ખ મટી જાય છે, દૂર થઈ જાય છે. ઠંડી લાગતી હોય અને કોઈ ઓઢાડી દે તો આપણું દુ:ખ મટી જાય છે. પણ એક દુ:ખ એવું છે કે જે દુ:ખનું નિરાકરણ આ પ્રકારે આવતું નથી અને કારણ પણ એ જ છે કે અન્ય પ્રકારના દુ:ખની પીડા એ શરીર કે મનના ઉપલા સ્તર સુધી જ વિસ્તરેલી હોય છે. જ્યારે હિંસાના દુ:ખની પીડા એ ચેતનાના સ્તર સુધી ઉતરેલી હોય છે.

'બુલ્લા કી જાના મૈં કૌન'ના ગાયક રબ્બી શેરગીલે એક વાતચીતમાં કહેલું કે; ૧૯૮૪ના દિલ્હી દંગા વખતે ૪૦૦-૫૦૦ પરિવારની કોલોનીમાં અમે પાંચ-દસ જ શીખ કુટુંબો રહેતાં હતાં. ત્યારે હું આઠેક વરસનો હતો અને મારે ચાર મોટી બહેનો હતી. ચૌદ વર્ષથી લઈને ચોવીસ વર્ષ સુધીની. મારી યુવાન બહેનોને લઈને આમેય મારું ઘર કોલોનીમાં આકર્ષણનું કેન્દ્ર તો હતું જ અને એ દિવસોમાં મારા પિતા પર પણ હુમલો થયેલો અને ત્યારે પહેલીવાર મેં અનુભવેલું કે: 'પુરી દુનિયામેં હમારી હિફાજત કરનેવાલા કોઈ ભી નહીં હૈ'

હિંસાના દુ:ખની સાથે આ અસહાયતા, ભયભીતતા, આ ડર ઊભો થાય છે અને સાથે સાથે એક અલગ જ પ્રકારનું એલીયેનેશન પણ ઊભું થાય છે, જે હિંસાનો ભોગ બનેલી વ્યક્તિને બદલા થકી દુ:ખ દૂર કરવાના રસ્તે દોરી જાય છે.

આના બદલે અહિંસાના કરણ(Tool) ને, આજની અત્યંત સંકુલ સમસ્યાઓને સમજીને, એક અલગ પ્રકારે વિકસાવવું પડશે જેથી કરીને બદલા ને બદલે બદલાવને રસ્તે ચાલી શકાય. ગાંધીની ઉપસ્થિતિમાં જે મિલન થવાનું હતું તે મિલન ગાંધી વિના સેવાગ્રામમાં થયું ત્યારે ગાંધી હવે રહ્યા નથી ત્યારે આપણે કરીશું શું? આ સંવાદમાં જવાહરે કહેલું કે, 'હવે આપણે અહિંસાની ફિઝા બનાવવી પડશે!!'

મો.૯૮૨૬૩૮૮૨૩૪

## ૦૭ ભુવનવ્યાપ્ત સત્યની સંજીવની

**પારસકુમાર**

---

ભુવનવ્યાપ્ત સત્યની સંજીવનીનું નામ છે મહાત્મા,માનવતાને સત્યના રંગે રંગી નાખે તેનું નામ જ મહાત્મા. તેજપાયેલા તરણાની જેમ નીતરતી આંખો, શૌર્યસભર સત્યમાં ડૂબેલી મૂછો અને લાકડીના ટેકે આરુઢ થયેલી વજ્ર જેવી આભાને હિન્દુસ્તાન મોહનદાસ કરમચંદ ગાંધી તરીકે ઓળખે છે. યુગાવતાર મોહનની ધવલતા એટલે માનવતાની શુભ્રતા. નયનાભિરામ સત્યની છટા જ મોહનદાસને મહાત્મા બનાવે છે. મહાત્માના માતૃધર્મના કેન્દ્રમાં માનવતા છે. માનવજાતને મહાત્માના માતૃધર્મનું સૂક્ષ્મ મૂલ્યાંકન કરવાની છૂટ છે પણ સ્વમૂલ્યાંકન કર્યા વિના મહાત્માને માઈક્રોસ્કોપમાં મૂકવાની છૂટ નથી. માઈક્રોસ્કોપનો ખોળો ખૂંદીને જવાન થનારી પેઢી મહાત્મા ગાંધીના સૂક્ષ્મ ભાવમાં ભીંજાતા શીખી જશે ત્યારે જવાન પેઢીને ભુવનવ્યાપ્ત સત્યની સંજીવની પ્રાપ્ત થશે. ભુવનવ્યાપ્ત સત્યની સંજીવનીનું નામ છે મહાત્મા. માનવતાને સત્યના રંગે રંગી નાખે તેનું નામ જ મહાત્મા.

ખુલ્લા મનના સત્યશોધક મહાત્મા સત્યની પ્રતિષ્ઠા વધારનારા મહાત્મા હતા. મહાત્મા ગાંધી સત્યની સભાનતા રાખીને જીવનારા મહાત્મા હતા. જે સત્યની સભાનતાથી દૂર છે તે કારાગારના સંદૂકમાં કેદ છે. મહાત્માના પારસસ્પર્શમાં પ્રેમાળ સત્યનો સ્પર્શ ઝળુંબે છે. ઘણીવાર ભ્રમિત સત્ય માણસને ભ્રમિત ભયમાં ડુબાડે છે. ભ્રમિત ભયમાં ડૂબેલાં લોકોને ક્યારેક ગાંધીજીનો પણ ભય લાગે છે. તરીને તારવે તે વિચાર.ગાંધીજીની જીવનસાધનાનું બીજું નામ અભયસાધના છે. ગાંધીજીનો વિચાર વાસ્તવમાં અભય જીવનનું ભાષ્ય છે. ગાંધીનો વિચાર એટલે ભયના અભિનયમાંથી મુક્ત થવાની ઘટમાળ. ગાંધીના સત્યાગ્રહને ઉત્ક્રાંતિના એરણ પર મૂકીને ઉગવાની જવાબદારી નવી પેઢીની છે. જૂની પેઢીની શુષ્કતાના કારણે જ નવી પેઢીને ગાંધીની રોમાંચકતાનો પૂરતો પરિચય થયો નથી. સત્યાગ્રહને ઉત્ક્રાંતિના ગર્ભમાં મૂકીને પોઢનારો મૂઠી હાડકાંનો માણસ વાસ્તવમાં અઢી અક્ષરની સુવાસ પ્રસરાવીને આથમનારો અંતર્યામી હતો.

આપણને મોહનમાંથી મહાત્મા તો મળ્યા પણ ચરખાધારી મહાત્માના દેહમાંથી મુરલીધર મોહનના અણસારા સમયસર કળાયા નહીં. નવી પેઢી પૂર્વગ્રહ ત્યજીને મહાત્માને મળે તો ખાદીધારી મહાત્માના દેહમાંથી પીતાંબરધારી મોહનના પૂરાવા જરૂર મળે. ગાંધીવિચાર કોઈની માલિકી સ્વીકારતો નથી. આ વિચાર અભેધ દુર્ગ છે અને અભેધ દુર્ગની રાંગ પર ઝળહળતી જ્યોતિનું નામ મહાત્મા ગાંધી છે. સત્યનો રંગ માત્ર શ્વેત નથી, સત્યના મેઘધનુષી ઈતિહાસમાં ઓગળ્યાં વિના મોહનદાસ ગાંધીને મળવું અઘરું છે. ગાંધીનું મૌન સત્યની કોતરોમાં છુપાઈ જાય છે ત્યારે અહિંસાની આબોહવા માનવતાથી ઉભરાઈ જાય છે.

ગાંધીનું સત્ય એટલે સત્યના અનુક્રમમાં ઝળુંબતું જીવનનું જાજરમાન સત્ય. અંત્યોદય અને સર્વોદયયુક્ત સત્યનું નામ જ પ્રજ્ઞાયુક્ત સત્ય છે. પ્રજ્ઞાયુક્ત સત્યને ઈશ્વરનો ડર નથી લાગતો. કેમ કે પ્રજ્ઞાયુકત સત્યના શિખર પર સ્વયં ઈશ્વર બિરાજમાન હોય છે. નવી પેઢી પોતાના આચાર, વિચાર અને વ્યવહારમાં પોતે જ પોતાનો કેટલો વિરોધ કરે છે તે જાણી જાય તો મહાત્માના આચાર, વિચાર અને વ્યવહારમાં પળવારમાં ડૂબી જાય. નવી પેઢી સત્યને ચાહે છે એનો અર્થ એ જ કે નવી પેઢી આજેય ઊંડે ઊંડેથી ગાંધીને ચાહે છે. ગાંધીને ચાહવાની ફેશનના ફણગા ફૂટશે ત્યારે દેશની પ્રત્યેક છાતીમાં સત્યનો શંખનાદ ગુંજશે. મહાત્મા સાથે નવી પેઢીનું જોડાણ નૂતન સદીની કલાત્મક ઘટના ગણાશે.

મહાત્મા કુમાઉં પ્રાંતની મુલાકાતે હતા ત્યારે બાગેશ્વરના જીતસિંહ ટંગડિયાએ મહાત્માને પગ વડે ચાલતો ચરખો ભેટમાં આપેલો. પગ વડે ચાલતો ચરખો પરંપરાગત ચરખા કરતાં ચલાવવામાં સરળ અને ઉત્પાદનમાં અગ્રેસર હતો. બાપુએ ભેટમાં મળેલાં ચરખાને 'બાગેશ્વરી ચરખો' નામ આપ્યું અને બાગેશ્વરી ચરખાને પોતાની સાથે વર્ધા લાવ્યા. ઈતિહાસ બની ગયેલાં કુમાઉંની ચરખાની વિરાસત આજે વેન્ટીલેટર પર છે. મોર્ડન લોકો પગ વડે ચાલતા ચરખા પર પગ મૂકીને ઘણા આગળ નીકળી ગયા છે. સૂતરને કાંતનારો ચરખો આજે સૂતર જેવા સત્યને કાંતનારા લોકોને નીરખી નીરખીને છેલ્લાં શ્વાસ લઈ રહ્યો છે.

દિલ્લી જવાનું થાય તો કનોટ પ્લેસ પાસે આવેલા રાષ્ટ્રીય ચરખા મ્યુઝીયમની મુલાકાત લેવાનું ચૂકશો નહીં. ચરખાના ઈતિહાસ અને ચરખાના વિકાસમાં ગાંધીસ્મૃતિની સુવાસ છેલ્લારા મારે છે. સંગ્રહાલયના જુદા જુદા ચરખા જુદી જુદી સંસ્કૃતિની ધરોહર બનીને ગાંધીજનને આવકારવા આતુર છે. પણ ગાંધીજન પાસે ચરખાના ધબકારા સાંભળવાનો સમય નથી. ચરખા સ્મારક એટલે ગાંધીસ્મૃતિનું સ્મારક. રાષ્ટ્રીય ચરખા મ્યુઝીયમમાં વિશ્વનો સૌથી મોટો પાંચ ટનનો ચરખો રાખવામાં આવ્યો છે. ગુણવંત શાહનો વિચાર ઊગી આવે છેઃ 'એક જમાનામાં ચરખા પર સૂતર કંતાતું હતું.આજે ઘટમાળના ચરખા પર માણસ કંતાઈ રહ્યો છે.' (ગાંધીના ચશ્માં,પાન-૧૫૯) ગુજરાતના વિચારપુરુષ ગુણવંત શાહે 'ગાંધીની લાકડી', 'ગાંધીની ચંપલ', 'ગાંધીની ઘડિયાળ' અને 'ગાંધીના ચશ્માં' જેવા ખુદ ગાંધીને એકીબેઠકે વાંચવાનું મન થાય તેવા ગુજરાતને ચાર મૂલ્યવાન ગ્રંથો આપ્યા છે. થોડા વર્ષો પહેલાં આદરણીય ગુણવંત શાહને 'ગાંધીનો ચરખો' નામે આ શ્રેણીનું અંતિમ પુસ્તક આપવાનું નમ્ર સૂચન કર્યું ત્યારે હૂંફ ભર્યો જવાબ મળેલો, 'ટાઈટલ સરસ છે પણ ગાંધી પર હવે કોઈ નવું પુસ્તક આવવાની શક્યતા નથી.' મેં ઉતાવળા સાદે કહ્યું, 'જો ગાંધી બાપુ તમે લખેલાં આ ચાર પુસ્તકો લે તો તમને 'ગાંધીનો ચરખો' પુસ્તક લખવાનો આગ્રહ જરૂર કરે.' જવાબમાં ગુજરાતના વિચારપુરુષ ગાંધીને ગમી જાય એ રીતે વિચારપૂર્વક હસી પડેલાં.

ગાંધીને સત્યનો વેશ ધારણ કરીને અસત્યનું આચરણ કરનાર લોકોનો ડર લાગે છે. ગાંધીના સત્યને ગાંધીના સદાચારનો ટેકો છે. જડતા સત્યને પીડા પહોંચાડે છે પણ દઢતા સત્યને બુલંદ બનાવે છે. સત્યના રંગે રંગાયેલી આંખમાં માનવતાની જાહોજલાલી ઝળહળે છે. જાહોજલાલીનું ઊર્ધ્વારોહણ થાય ત્યારે જગતમાં ગાંધી નામની ઘટનાનો જન્મ થાય. ગાંધીજી ક્યારેય અમેરિકા નહોતા ગયા પણ ગાંધીની સૌથી વધુ પ્રતિમા અમેરિકામાં છે. સ્વિત્ઝરલેન્ડના જીનીવામાં મહાત્મા ગીતા વાંચતા વાંચતા સ્થિતપ્રજ્ઞ ભાવમાં ડૂબેલાં હોય તેવી મોહનમય પ્રતિમા છે. ગાંધી અને ગીતા યુગાવતાર મોહનના બે કિનારા છે. ગીતા સાથે પ્રમાણિકતા કેળવનારી પેઢી ગાંધીને ક્યારેય અવગણી શકે નહીં. કવિવર રવીન્દ્રનાથ ટાગોરનો વિચાર ગાંધીની ગરિમાને ઘેરી વળે છેઃ 'હે પ્રભુ ! અમે તારા આભારી છીએ કે તે મહાત્મા જેવી મહાન ભેટ અમને આપી.'

મહાત્મા તો મહામાનવ છે અને આપણે સૌ તુચ્છમાનવ છીએ. આવો હીન ભાવ જ નવી પેઢીને મહાત્માથી દૂર કરે છે. મહાત્માને મળવા માટે સત્યના કેડે દોડવું પડે. સત્યનો આત્મા એટલે મોહનદાસ કરમચંદ ગાંધીનો આત્મા. ગાંધી હિન્દુસ્તાનની ધરતી પર ઘટેલી ઘટના નથી,ગાંધી તો ઘટ ઘટમાં ગુંજતી સંસ્કૃતિ છે. ગાંધીની સંસ્કૃતિ સત્યની સંસ્કૃતિ છે. સત્યથી ઝળુંબતા જળમાં ઝબોળાઈને વહેતાં નિર્મળ વાયરાને ગુણી લોકો ગાંધીજન ગણે છે. ગાંધીના સત્યમાં પ્રમાણિકતા છે, હિમાલયની અડગતા છે અને આચરણનું અરણ્ય છે. જેણે મહાત્માને સદેહે જોયા હોય તેવા તમામ લોકો થોડા વર્ષો પછી આથમી જશે. જૂની પેઢી આથમશે પણ ગાંધીની ગરિમા યુગે યુગે ઊગતી રહેશે. નવી જન્મેલી તાજી પેઢીના વિચારોમાં મહાત્માની સુવાસ નિરંતર મઘમઘતી રહેશે. બરખુરદાર,સત્યની ભૂમિમાં ગંગાજળ ઘૂઘવે છે, મૃગજળ નહીં. હેપી બર્થ ડે - ડીયર બાપુ !

મો. ૯૮૨૫૯૯ ૬૫૩૯

## ૦૮ માનવતાનું ઘરુવાડિયું

**ડો. દિનુ ચુડાસમા**

ગાંધીજીનું જીવન નિત્ય-નૂતન હતું. આજે ગાંધી જેટલા પ્રસ્તુત છે એટલા કદી ન હતા. વૈશ્વિક તાપમાનના સમયમાં ગાંધીજીનો પ્રકૃતિ સંરક્ષણનો વિચાર અમલમાં નહીં લાવીએ તો ખૂબ બૂરી દશા થવાની છે. યુદ્ધગ્રસ્ત, હિંસામય જગતમાં ગાંધીની અહિંસા આપણે અપનાવવી જ રહી. ઝાકઝમાળનો આ સમય, સૌને બીજાથી ચડિયાતા દેખાવું છે. એવા સમયે ગાંધીની સાદગી આત્મસાત્ કરીએ તો ઘણો સુધાર આવી શકે તેમ છે. સગવડોના અતિરેકથી મુંઝારો અનુભવતા માણસો, મિનિમાલીઝમ અપનાવે તો ગાંધીજીનો આત્મા રાજી રહે એમ છે. ભ્રષ્ટાચાર અને અસત્યના પૂરમાં સત્યને સેવીએ એટલે બાપુનો જીવ શાતા પામશે. ગાંધીજીને બૃહદ પરિમાણથી પામી,સમજી શકાય એમ છે. ગાંધીજીના જીવનમાં જીવાયેલ સંવેદનો, ઊર્મિઓ,વિચારો વિશે સંક્ષિપ્તમાં જોઈએ...

(૧) ગાંધીજીમાં ભકિતયોગ અને કર્મયોગનો સંગમ જોઈ શકાય, અલખને ઓટલે બિરાજવાની પાત્રતા એમણે સાધના દ્વારા પ્રાપ્ત કરી હતી. શ્વેતવસ્ત્રને ધારણ કરતો ગાંધી ભીતરથી સંપૂર્ણ ગેરુઆ રંગે રંગાયેલો ફકીર માણસ હતો. ભીતરના સૂરને સાંભળીને એ અંતરાત્માના અવાજને લોકકલ્યાણના રચનાત્મક કાર્યોમાં પ્રયોજતો કર્મશીલ સેવક ગણો તો ચાલે.

(૨) ગાંધીજીનું યુગકાર્ય પ્રલંબ હતું ને એ માટે સ્વયંની પાત્રતા કેળવવા સજાગ હતા. પ્રાર્થના એમના માટે આત્માનો ખોરાક તેથી નિત્ય પ્રભુ-પ્રાર્થના એમનામાં ઓતપ્રોત-સહજ હતી. અસ્તિત્વ તરફનો અનુરાગ અનહદ હોવાથી અંતરાત્મા ઊર્જાસભર હતો. એ વિશે ચિંતક ગુણવંત શાહનો એક ગાંધીમત જોઈએ:-

‘જીવનમાં ઉચ્ચતમ આદર્શ માટેની સાધના સાથે પણ ગાંધીજી પોતાનું નિર્મળ બોખું સ્મિત જાળવી શકયા. ‘માહ્યલાનો ટેકો ધરાવતી બુદ્ધિ’ ( inner intellect) વિના આવું શકય ન બને.’

(૩) અંતરના અજવાસની અનુભૂતિ પામવાની સાધનામાં નિમગ્ન ગાંધીજી ડાયનેમિક સ્ટેબિલિટી, ડાયનેમિઝમ- સમય પ્રમાણે પરિવર્તનો સ્વીકારી આગળ વધતો માણસ હતો. સમયની તાસીરને ઓળખી લેનારો ઈન્સાન કહો તો ચાલે.

(૪) બાપુનું દરેક કાર્ય ધ્યાનમય હતું. કોઈ માણસને બે મિનિટ મળવાનો સમય આપેલ હોય પરંતુ બે મિનિટ મળીને આવેલો માણસ ગાંધીજીને આખો મળીને આવતો. એ સમયે ગાંધી અને મુલાકાતી વચ્ચે માનસિક તાદાત્મ્ય અખિલાઈસભર રહેતું.

(૫) ગાંધીજીનો કર્મયોગ એટલે જ પરમેશ્વરે સર્જેલી સૃષ્ટિમાં જે કંઈ પામ્યા તેનું ઋણ અદા કરવાની ભાવનાથી થતું કર્મ. ગાંધીજીનું યજ્ઞકાર્ય એટલે જે કંઈ કામ કરીએ તેમાં હાથપગ, મગજ અને હૃદય, એમ ત્રણેને કામે લગાડીને કાર્યમાં તલ્લીન થવાનો કસબ. ગાંધીજીનું ધ્યાન એટલે જીવનના સકારાત્મક પાસાને ઉજાગર કરવાની લગની.

(૬) બાપુનો પ્રકૃતિ પ્રેમ એટલે જળસંપત્તિનું જતન કરવું, વૃક્ષોનું રક્ષણ કરવું,પશુધનનું આરક્ષણ કરવું, સ્વચ્છતાને અગ્રીમતા આપવી.

(૭) ગાંધીવિચારનું આચરણ એટલે છેવાડે શ્વસતા લોકો સુધી પ્રથમ હરોળના લોકો જઈ સંવાદ રચે એની સમસ્યાઓ જાણી એને પોતાની સાથે કરી લે એવી જીવનશૈલી નિર્મિત થાય.

(૮) ભીતરની શકયતાને પ્રયોગોથી ચકસતા રહેતા પ્રાણવાન માણસ ગાંધીજી હતા.પોતાના આદરેલા કામોમાં ખોવાઈ જવું બાપુ માટે સહજ રહેતું એવી માનસિક સમુદ્ધિ એમની હતી. કર્મ તરફની તલ્લીનતાએ જ બાપુના રચનાત્મક કાર્યોને વૈશ્વિક કર્યા છે.

(૯) ભોજન આરોગતા ગાંધીજી તો સમગ્રતા અન્નમય બની જતા. પૂરતો સમય ભોજનને આપતા, સાદુ ભોજન પણ છપ્પનભોગ જમતાં હોય તેમ પ્રત્યેક કોળિયાને પાચક બનાવી સ્વાદ લેતા. ગાંધીજીના આલોચક એવા આચાર્ય રજનીશે એમની તરુણવયે ગાંધીબાપુને જમતા જોયા હતા એ ભોજન-સમયને પોતાના એક વકતવ્યમાં પ્રગટ કરતા કહેલુંઃ 'બાપુ, ખા રહે હૈ ઔર દુનિયા થમ સી ગઈ હો. બાપુ ઔર ભોજન એક હો ગયે ઐસા લગે.'

(૧૦) ગાંધીજીની કરુણાનો પાયો એટલે માનવ-માનવને જોડતો સ્નેહનો સેતુ,જયાં કોઈપણ માનવનું શોષણ થતું હોય તેને દૂર કરવા ગાંધીજી પ્રયત્ન આદરે જ.

(૧૧) ભારતના બહૂધા લોકોને પેટ ભરાય એટલું ભોજન ના મળે તો બાપુ પણ પોતાની જમવાની થાળીમાં વાનગીઓ ઘટાડી દે.

(૧૨) માનવ ઉપયોગી, માનવતાને ઉજાગર કરનારી અનેક બાબતોના તેઓ જીવંત આચરણકર્તા રહ્યા હતા.

(૧૩) અંગ્રેજ હકુમત-જોહુકમીથી ભારતીય પ્રજાને આઝાદી અપાવવા અનેક વખત ઉપવાસ બાપુ કરતા એમના પાયામાં કરુણા જ ધરબાયેલી છે. ગાંધીની કરુણા સત્ય,પ્રેમથી રસાયેલી છે.

(૧૪) ગાંધીજીને પ્રેમપંથના યાત્રી કહો કે જીવન સાધક એમની પાસે સત્યનું તેજ હતું ને એટલીજ નિખાલસતા-પારદર્શકતા ભીતર પડી હતી, દંભરહિત જીવનીથી સહજ રહેતા. જયાં દંભ હોય ત્યાં પ્રેમ હોય નહીં.

(૧૫) દેહના વિષયો તો ત્યારે જ નાશ પામે જયારે માણસ પ્રેમસ્વરૂપ થઈ જાય. શરીરના વિષયોને બાપુએ સભાનતાથી ઓછા કરવા અનન્ય પ્રયોગો કર્યા જેવા કે ખોરાકના હોય, બ્રહ્મચર્ય વ્રત, ઉપવાસ, મૌન, નિત્ય પ્રાર્થના, શરીરશ્રમ, રેંટિયો, ખાદી, ચાલવા જવું, માણસ તરફ હાર્દિકતા વધારવી, કોઈનો દ્વેષ કરવો નહિ. પ્રેમપંથનો આ માણસ ફકીરની જેમ રહેતો અને પ્રેમના બાદશાહની જેમ જીવતો હતો.

(૧૬) નિરામય જીવનશૈલીનું જીવંત ઉદાહરણ બાપુ હતા. દિવ્ય જીવનશૈલીનો એક સંવાદ કાનમાં પીઈએ, ગાંધીજીએ મનુબહેને તા. ૨૯/૦૧/૧૯૪૭ના રોજ કહેલું કે,

'જો મનુ, હું એક ફોડકીથી મરું તો પોકારીને કહેજે કે આ દંભી મહાત્મા હતો. જો બંદૂકની ગોળીએ મરું તો જાણજે કે સાચો મહાત્મા હતો. '

(૧૭) ગાંધીજીનો 'પ્રેમ' વાડાબંધીથી મુકત સૃષ્ટિમય હતો, પ્રકૃતિ તરફની અસીમ નિસ્બત એમાં દેખાય છે.

(૧૮) બૌદ્ધિક ખરા પણ કોરા પંડિત નહિ, હૃદયની સમુદ્ધિમાં સમજણના સેતુ સંગાથ મબલખ સ્નેહ ભળેલો રહેતો.

(૧૯) જગતના રાજકીય પ્રવાહોથી વાકેફ રહેતા છતાં રાજકારણી નહિ, રાજકીય કિન્નાખોરી ગેરહાજર હોય એવા રાજપુરુષ હતા.

(૨૦) બાળક સાથે બાળક બની જતા, અગત્યની મિટિંગ ચાલતી હોય તે સમયે બકરીને ચારો નાખવા ઊભા થઈ જતા. દરેક પ્રકારની સ્વચ્છતા એમના મનની-તનની, દેશના પ્રાગણની પણ સામેલ. બાપુના હાથમાં સાવરણો પણ શોભે. દરેક કાર્યો જાણે કે પ્રેમયજ્ઞ હોય એમ જાગૃત રહી થયા કરે. ગાંધીજીના પ્રેમમય જીવનને ગુણવંત શાહ બિરદાવતા કહે છે કેઃ-

**'સ્વસ્થ' મનુષ્ય એટલે એવો મનુષ્ય જેને કારણે ઉત્ક્રાંતિની ધીમી પ્રક્રિયા એક ડગલું આગળ વધે. મહાત્મા ગાંધીના ઉત્ક્રાંત માનવ્યને આવી દૃષ્ટિએ બિરદાવું છું.'**

(૨૧) નાનપણમાં દાસી રંભાએ અંધારાથી ડરતા મોહનને 'રામ'નામ મંત્રરૂપે આપેલો ત્યારથી અભયની પ્રાપ્તિ સુધીના માઈલોના માઈલની સફર ગાંધીજીએ 'રામ'નામ લેતા, સત્યના સથવારે પાર કરી હતી. રંભાએ આપેલ રામનામનો જપ - સહજ સુમિરન બાપુના અંતિમ શ્વાસ સુધી સાથે હતો. બાપુએ જ કહેલું કેઃ

'રામનામ હૃદયસ્થ થઈ ગયું હોય તો જયાં સુધી હૃદય ચાલે ત્યાં સુધી હૃદયમાં રામ નામ ચાલતું રહેવું જોઈએ.'

(૨૨) મોહન જયારે પરદેશમાં વિદ્યાભ્યાસ માટે જાય ત્યારે માતા પૂતળીબાઈએ દીકરાને ત્રણ વચનોનું પાલન કરવાનું કહ્યું; (૧) માંસ નહીં ખાય. (૨)

મદિરા નહીં પીએ. (૩) પરસ્ત્રી સંગથી દૂર રહેશે. ગાંધીજીએ જ્યાં વિદેશમાં કોઈ જોવાવાળું કે ટોકવાવાળું નથી એવા સ્થળે આ ત્રણે બાબતોને સત્યમય રહી સેવી હતી. ઘરથી દૂર રહી, અનેક પ્રલોભન છતાં પોતાની માતાને આપેલ વચનો નિભાવેલ. એ આત્મબળ બાપુને કયાંથી મળેલ જવાબ ગાંધીજી આપે સાંભળો;

'સત્યની મારી શોધમાં મેં ઘણાં વિચારોનો ત્યાગ કર્યો છે, ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. સત્યના શોધકને એક રજકણથી પણ નીચે રહેવું પડે છે.'

(૨૩) એકવડિયો દેહબાંધો ધરાવતા આ રચનાત્મક, પરિશ્રમી માણસ પાસે હિમાલયથી અધિક સંકલ્પબળ હતું. આ અડગ ઊર્જાનું પાવરહાઉસ એટલે 'સત્ય' વિરોધ કરનારા માણસો પણ ગાંધીજીની સત્યનિષ્ઠા વિશે શ્રદ્ધાવાન બની જતાં.

(૨૪) સાચું જ બોલનારા આ મિલેનિયમમેન અહિંસક સત્યાગ્રહી તરીકે દુનિયામાં એ વખતે પાંખુ મીડિયા હોવા છતાં પ્રસરી ગયેલાં તેનું કારણ એટલે સત્યરૂપી મંત્રની સાધના હતી. બાપુની વાણી જ સાંભળીએ,

'અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. હું સત્યનો નમ્ર પણ સતત પ્રયત્નશીલ શોધક છું. ઈશ્વર છે અને તેનું સૌથી તાદ્રશ નામ સત્ય છે. એ વિશે મને શક નથી. હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું.'

(૨૫) સત્યરૂપી પરમતત્ત્વની સમીપે જવા બાપુ પાસે પ્રાર્થના હતી,નિત્ય પ્રભુપ્રાર્થના એમની પ્રયોગશીલ જિંદગીમાં એકમય હતી. ગાંધીજીએ જીવનપર્યંત એક જ મંત્ર જપેલો 'સત્યમેવ જયતે ' સત્ય જ પરમેશ્વર એ મંત્ર એમની રગેરગમાં વહેતો હતો. બાપુએ કહેલું કે,

'સત્ય જે પારસમણિરૂપ છે, જે કામધેનુંરૂપ છે તે કેમ જડે ? તેનો જવાબ ભગવાને આપ્યો છે; અભ્યાસ અને વૈરાગ્યથી. સત્યરૂપી પરમેશ્વર મારે સારુ રત્નચિંતામણિ નીવડેલ છે. બધાને સારુ નીવડો.'

(૨૬) એમનું જીવન પારદર્શક હતું. ગાંધી જીવતાં તે કહેતા અને કહેતા તે જીવનમાં દેખાતું, સહજ જીવન જીવતાં. જે કાંઈ પ્રયોગો કરતાં તે દુનિયાને ખબર હોય જ.

(૨૭) પોતાનાથી થયેલ ભૂલ કબૂલ કરવી એ એમને ગમતું. એ ભૂલ ફરી વખત ના થાય એની સભાનતા રાખતા.ગાંધીજીવનનું એક અગત્યનું પરિમાણ એટલે પોતાના દોષ જાતે જોવા,પોતાની મર્યાદાઓને જાણવી અને સુધારવી, ભીતર જે સર્જનાત્મક,સત્ત્વશીલ બીજ હોય એ અંકુરિત થાય અને નકારાત્મકતાનું ધોવાણ કરીએ તો સારપ,માણસાઈ મહોરે એ જીવની એટલે મોહનદાસ ગાંધી.

(૨૮) તા. ૨૨-૨૩/૧૦/૧૯૩૭ માં મહાત્મા ગાંધીજીના પ્રમુખપણા હેઠળ મળેલ દેશના દિગ્ગજ શિક્ષણવિદ્દના સંમેલનમાં વર્ધા મુકામે ગાંધીજીએ બુનિયાદી શિક્ષણનો શુભ વિચાર નઈ તાલીમ સ્વરૂપે માંજીને મૂકી-સમજાવી આપેલ હતો. નઈ-તાલીમની કેળવણી એટલે ગાંધીજીવનનો જીવંત ધબકાર. યુવાનોને સ્વનિર્ભર, સ્વાવલંબી, સ્વાશ્રયી, સમસંવેદનશીલ, પ્રકૃતિરાગી બનાવવાની પિયૂષ પ્યાલીઓ.

અંતમાં

(૨૯) ગાંધીજીવનની સાધના ત્રણ પગથિયાં જોઈએ:

(૧) પ્રથમ પગથિયું:- સાવ સાધારણ વિદ્યાર્થી તરીકે એમની જિંદગી શરૂ થઈ અને પ્રારંભના છાત્રકાળથી જ આંતર-ભીતરને તપાસવાની શરૂઆત કરી, શું સારું અને ખરાબ કહેવાય તેના પૃથક્કરણનું પ્રથમ પગલું.

(૨) બીજું પગથિયું:- એટલે તદ્દન કાચા અને નિષ્ફળ વકીલ તરીકે આરંભ કરીને તેઓ હિન્દી કોમના સફળ અને હોનહાર વકીલની અવસ્થા સુધી પહોંચી ગયા હતા.આ વકીલાતના કેન્દ્રમાં સત્ય શ્વસતું હતું.

(૩) ત્રીજા ચરણમાં સાધક તરીકે વ્યવસ્થિત શુભારંભ કરી બાપુ સત્યને સેવી, સત્ય એ જ પરમેશ્વર સુધી જઈ શકયા. પ્રથમ સોપાનમાં મહત્ત્વનું પ્રેરકતત્ત્વ જિજ્ઞાસા છે. બીજામાં પ્રયોગનું માહાત્મ્ય છે, અને ત્રીજામાં ચેતોવિસ્તારની ઊધ્વમૂલયાત્રા બાપુએ આરંભી હતી.

આપણે બાપુના વિચારોને આજથી જ આપણી હૃદયભૂમિમાં રોપીએ તો કેવું સારુ?

મો.૯૯૭૯૧૮૭૫૮૭

## ૦૯ ગાંધી તો જ જીવે ને?

**ડો. બળવંતભાઈ તેજાણી**

---

ગાંધીજી વિષે તો જેટલું મેળવીએ-જાણીએ એટલું ઓછું જ પડે. આ દુનિયા ઉપર જીવી જનારા મહાપુરુષોની યાદી કરીએ તો ગાંધીજીનાં જીવનવર્ષની તુલનાએ-એમની સમાંતરે, એમના જેટલું કામ કરી જનારા કેટલા નીકળે? કદાચ કોઈ નહીં...! ખરેખર ગજબની વ્યક્તિ હતા મોહનદાસ ગાંધી. સમય બાબતે જેટલાં ચોકસાઈ અને ચોખ્ખાઈભર્યાં આયોજન પોતે કરે એવો જ આગ્રહ એમના સંપર્કીઓ પાસે પણ રાખે અને રખાવે. એક જન્મમાં એ બે અવતારનું કામ કરી ગયા! વળી, એમણે કોઈ ચોક્કસ કામને જ હાથમાં લીધેલાં એમ નહીં, જે કામો સામે કોઈ ન જુએ એ તમામ કામો એમનાં. સમાજની શારીરિક અને માનસિક તન્દુરસ્તી માટે જરૂરી બધાં કામોનો જાણે એમણે કોન્ટ્રાક્ટ ન રાખ્યો હોય...! કોઈ વિષય એવો ન મળે કે જેમાં તેઓ ન પડ્યા હોય અને ઊંડા ઉતર્યા ન હોય ! અરે, માત્ર વિચારથી જ નહીં પોતાનાં મન અને તન બંનેની પાસેથી એમણે પૂરેપૂરું વળતર લીધું. એક માણસથી આ બધું થયું હતું એવું વરસો પછી કોઈને કહેવા માટે, પહેલાં એના પુરાવા હાથવગા રાખવા પડશે. એવું ગઝબનું તેઓ ઝૂર્યા અને ઝઝૂમ્યા કે એના ઘડનારાએ પણ આટલી અપેક્ષા નહીં રાખી હોય ! વળી, જતનથી ઓઢેલી પોતાની બેદાગ ચાદર કબીરસાહેબ કહે છે એમ,

'જ્યોં કી ત્યોં ધરી દિની ચદરિયાં.'

સાવ જ આકસ્મિક સૌને રામ રામ કહીને નીકળી ગયા. સફેદ કપડાના આ સંતની જાતે વણેલી ચાદર એટલી મોટી છે કે એનો છેડો કોઈને હાથ લાગે એવું નથી. ગમે તેટલું, ગમે ત્યાંથી ભેગું કરીએ તો પણ એનાં કામનો પૂરેપૂરો હિસાબ કોઈથી મળે એવો નથી. હાથી ઉપર ગમે એટલા આંટા કીડી મારે, પણ હાથીનો તાળો કંઈ મેળવી શકે? જરાય અતિશયોક્તિ વિના એમ કહેવું પડે કે અરે, ખુદ ગાંધીજી પોતાનાં કામનો હિસાબ માંડવા આવે તો એનાથીય હવે એ કામનો તાળો તો ન જ મળે !

અહીં આ લેખમાં એમના જીવનની ઉપલક બાબતોનું વિહંગાવલોકન તો કરીએ જ, પણ પછી આગળના પગથિયે એના આચાર અને વિચારને જાણવા થોડાં પુસ્તકો સુધી આપણે પહોંચીએ એવી શુભ શ્રદ્ધા છે.

● **એમણે શરૂ કરેલાં સામયિકો :** નવજીવન (હિન્દી-ગુજરાતી), યંગ ઈન્ડિયા (અંગ્રેજી), હરિજનબંધુ (ગુજરાતી), હરિજન (અંગ્રેજી), હરિજનસેવક (હિન્દી), ઇ.૧૯૨૦થી ૧૯૫૦નો સમયગાળો ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગ તરીકે ઓળખાય છે.

● **એમના પ્રવાસો :** અભ્યાસ માટે ઈંગ્લેન્ડ, વ્યવસાય માટે દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, બર્મા ભારત આવ્યા પછી ગોળમેજી પરિષદમાં માત્ર એક જ વખત ચાર મહિના ઈંગ્લેન્ડ ગયા. દેશમાં ઉત્તરમાં ખૈબરઘાટ સુધી, દક્ષિણમાં કન્યાકુમારી સુધી, પૂર્વમાં દિબ્રુગઢ સુધી અને પશ્ચિમમાં કરાંચી સુધી ભારતમાં બે વાર ફર્યા હતા. પ્રવાસમાં વિમાન સિવાયનાં બધાં જ વાહનો- રેલગાડી, મોટર, ઘોડાગાડી, બળદગાડી, ઘોડો, આગબોટ અને પગપાળા ફર્યા હતા.

● **એમના સ્થાપેલા આશ્રમો :**

ફિનિક્સ આશ્રમ. ઈ. ૧૯૦૪ (ડર્બન, દક્ષિણ આફ્રિકા.) ટોલ્સ્ટોય ફાર્મ, ઈ. ૧૯૧૦ (જોહાનિસબર્ગ, દક્ષિણ આફ્રિકા.) સત્યાગ્રહ આશ્રમ, મે-૧૯૧૫

(અમદાવાદ, ગુજરાત.) સાબરમતી આશ્રમ, ઓક્ટોબર -૧૯૧૭ (અમદાવાદ, ગુજરાત.) સેવાગ્રામ આશ્રમ, (વર્ધા, મહારાષ્ટ્ર.)

**● જુદા સ્થળે ગાળેલો સમય :**

- જીવનના પ્રારંભમાં ભારતમાં -૧૯ વર્ષ આશરે
- ઈંગ્લેન્ડમાં અભ્યાસ માટે - ૩ વર્ષ આશરે
- ભારતમાં વકીલાત માટે - ૨ વર્ષ આશરે
- દક્ષિણ આફ્રિકામાં - ૨૨ વર્ષ આશરે
- કોચરબ અને સાબરમતી આશ્રમમાં - ૫ વર્ષ ૧૧ માસ આશરે
- સેવાગ્રામ-વર્ધા આશ્રમમાં ૭ વર્ષ આશરે
- વિવિધ જેલમાં - ૫ વર્ષ ૧૦ માસ આશરે
- દેશના પ્રવાસમાં- ૧૪ વર્ષ આશરે
- ઈ. ૧૯૧૫માં ભારત આગમન પછી- ૩૩ વર્ષ
- કુલ જીવન આયુષ્ય -૭૮ વર્ષ અને ૦૪ માસ

**● એમના ઉપવાસ અને જેલવાસ :** ભારતમાં આવ્યા પછી અલગ અલગ સમયે કુલ વીસેક વખત આશરે ૧૫૨ દિવસ ઉપવાસ કર્યા હોય એવી નોંધ મળે છે. દક્ષિણ આફ્રિકામાં ત્રણેક વખત કુલ ૨૪૯ દિવસ માટે અને ભારતમાં સાતેક વખત કુલ ૨૦૮૯ દિવસ માટે એમણે જેલવાસ ભોગવ્યો હતો.

**● એમના ઉદગારો :**

- શરીરને બચાવવા માટે ઘણો ઉદ્યમ કરું છું. આત્માને ઓળખવા એટલો કરું છું ખરો? (૭/૪/૪૫)

- ભાગ્ય અને પુરુષાર્થનો ઝઘડો રોજ ચાલ્યા કરે છે. આપણે પુરુષાર્થ કર્યા કરીએ અને પરિણામ ઈશ્વર પર છોડીએ. (૧૬/૩/૪૫)

- બધું ભાગ્ય પર ન છોડી દઈએ અને પુરુષાર્થનો ફાંકો પણ ન રાખીએ. ભાગ્ય ચાલ્યા કરશે. આપણે જોવાનું એ છે કે તેને આપણે કેટલું વાળી શકીએ છીએ. એમ કરવાની આપણી ફરજ છે, પરિણામ ભલે ગમે તે આવે. (૧૭/૩/૪૫)

- સ્વજન પર ગુસ્સો ચડે તે રોકવામાં જય છે. પારકા પર આવતો ગુસ્સો તો આપણે લાચારીથી રોકીએ છીએ, તેમાં જય શાનો? (૧૬/૨/૪૫)

- ઈશ્વરનો કોલ છે : હું આજે છું, કાલે હતો, ભવિષ્યમાં હોઈશ; હું સર્વ ઠેકાણે છું, સર્વમાં છું. આટલું જાણતાં છતાં પણ આપણે ઈશ્વરથી દૂર ભાગીએ છીએ અને જે નાશવંત ને અપૂર્ણ છે તેનો આશ્રય શોધીએ છીએ ને દુઃખી થઈએ છીએ. આથી મોટું આશ્ચર્ય બીજું કયું? (૮/૦૩/૪૫)

- અપરિગ્રહનો અર્થ એ છે કે, આપણને જેની આજે જરૂર નથી તેવી કોઈ ચીજનો આપણે સંગ્રહ ન કરીએ. (૨૫/૧૧/૪૪)

- અભયમાં બધા પ્રકારના ડરનો અભાવ હોવો જોઈએ. મોતનો ડર, મારપીટનો ડર, ભૂખનો ડર, અપમાનનો ડર, લોકલાજનો ડર, ભૂતપ્રેતનો ડર, કોઈના ક્રોધનો ડર - આ બધા અને એવા ડરથી મુક્તિ તે અભય. (૨૬/૧૧/૪૪)

- મારી શાંતિ અને વિનોદનું રહસ્ય ઈશ્વર એટલે કે સત્ય પરની મારી અચળ શ્રદ્ધામાં છે. હું કંઈ જ કરવાને સમર્થ નથી એનું મને ભાન છે. પરંતુ ઈશ્વર મારામાં વસે છે અને તે મારી પાસે સર્વ કંઈ કરાવે છે. પછી મારે દુઃખ કેવું? વળી મારી પાસે તે જે કંઈ કરાવે છે તે મારા ભલાને માટે જ છે એ પણ હું જાણું છું. આ ભાનથી પણ મારે પ્રસન્ન રહેવું જોઈએ. (૨૧/૭/૪૪)

- હું મારા સાઠ વરસના અંગત અનુભવથી તમને જણાવું છું કે, સત્યનો રસ્તો છોડી દેવો, એ જ ખરું દુઃખ છે. તેથી તમે સૌ ઈશ્વરને પ્રાર્થના કરો કે, હે ઈશ્વર અમને એવું બળ આપ, જેથી સત્યને રસ્તે ચાલતાં ગમે તે મુસીબતો આવે, તેને અમે હસતે મોંએ સહન કરીએ. ('હરિજનબંધુ' ૨૮/૭/૧૯૪૬)

- હું માનું છું કે, સત્યનો ઉપદેશ જગતના સઘળા ધર્મપ્રવર્તકો એ આપ્યો છે. મારી નિંદા કરનારાઓ સામે હું કદી પણ રોષની લાગણી ન અનુભવું, અને ખૂનીની ગોળીથી વીંધાઈને પડું તોયે રામનામ રટતો પ્રાણત્યાગ કરું, એવી સદા પ્રાર્થના કરતો રહું છું. છેલ્લી ક્ષણે હું મારા ખૂની સામે ક્રોધ અથવા ઠપકાનો એક શબ્દ પણ ઉચ્ચારું તો મને પાખંડી ગણવામાં આવે તેની હું ફરિયાદ નહીં કરું.

- હું પુનર્જન્મ માગતો નથી. પણ હું આવતે જન્મે જન્મું તો અંત્યજ જ જન્મું અને તેમને પડતાં દુઃખો અનુભવું. હું બ્રાહ્મણ, વૈશ્ય કે શૂદ્ર પણ નહીં, અતિશૂદ્ર જ જન્મવા ઈચ્છું છું.

- મારામાં એ વીરની અહિંસા છે ખરી? એ એકમાત્ર મારું મૃત્યુ પુરવાર કરી આપશે. કોઈ મને મારી નાખે અને હું ખૂનીને માટે પ્રાર્થના કરતો કરતો તથા રામનું નામ રટતો રટતો તેમ જ તે મારા હૃદયમંદિરમાં વિરાજે છે એવા ભાન સાથે પ્રાણત્યાગ કરું તો જ, મારામાં વીરની અહિંસા હતી એમ કહી શકાશે.

- હું જો જીર્ણ માંદગીને કારણે મરણ પામું, અરે,. એક ફોલ્લી કે ચાંદાથી મરણ પામું,. તો લોકો તમારા પર ક્રોધ ભરાય એ જોખમ વહોરીને પણ, દુનિયા આગળ જાહેર કરવાની તમારી ફરજ છે કે, ગાંધી જેનો દાવો કરતો હતો એવો ખુદાનો બંદો તે નહોતો. તમે એમ કરશો તો એથી મારા આત્માને શાંતિ મળશે. આ પણ નોંધી રાખજો : હમણાં જ એક દિવસ કોઈકે બોમ્બ વતી કરવા ધાર્યું હતું તેમ કોઈ મને ગોળીથી ઠાર કરીને મારા જીવનનો અંત લાવવાનો પ્રયત્ન કરે અને હું તેની ગોળી દુઃખના એક પણ પોકાર વિના ઝીલી લઉં અને રામનું નામ રટતો-રટતો પ્રાણત્યાગ કરું તો જ મારો એ દાવો સાચો ઠરશે. (આ શબ્દો ગાંધીજીએ ૧૯૪૮ના જાન્યુઆરીની ૨૯મી તારીખે, તેમના પર જીવલેણ ગોળી છોડવામાં આવી તેના વીસ કરતાંયે ઓછા કલાક અગાઉ ઉચ્ચાર્યા હતા.)

- મારા મરણ બાદ કોઈ મારા દેહને સરઘસમાં લઈ જવાનો પ્રયત્ન કરે તો હું ખસૂસ તેમને કહું કે મારું મડદું બોલી શકે તો - ભલા, મને એમાંથી છોડો અને હું મર્યો હતો ત્યાં જ મને બાળી મૂકો.

- મારા મરણ પછી કોઈ એક જ વ્યક્તિ સંપૂર્ણપણે મારો પ્રતિનિધિ નહીં બની શકે. પરંતુ મારો સ્વલ્પ અંશ તમારા પૈકી ઘણાના જીવનમાં જીવતો રહેશે. દરેક જણ ધ્યેયને પ્રથમ સ્થાન આપે અને પોતાની જાતને છેલ્લી મૂકશે તો પોલાણ ઘણે અંશે ભરાઈ જશે.

- મારા મૃત્યુ પછી મારાં લખાણોને પણ મારા દેહની સાથે બાળી મૂકવાં જોઈએ. મેં જે કંઈ કહ્યું છે અને લખ્યું છે તે નહીં, પણ પરંતુ જીવનમાં જે કંઈ કર્યું છે તે કાયમને માટે ટકી રહેશે.

● ગાંધીજીના સમાધિસ્થળ રાજઘાટ પર સાત સામાજિક પાપ લખેલાં છેઃ

૧. પુરુષાર્થ વિહોણી સંપત્તિ
૨. અંતરાત્માના અવાજને દબાવીને મેળવેલો આનંદ
૩, ચારિત્ર્ય વિનાનું જ્ઞાન
૪. નીતિ વિનાનો વેપાર
૫. માણસાઈ વિનાનું વિજ્ઞાન
૬. આત્મસમર્પણ વિનાની ભક્તિ
૭. સિદ્ધાંત વગરનું રાજકારણ

બાપુનો જન્મદિવસ 'રેંટિયાબારસ' અને નિર્વાણ દિવસ 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' તરીકે ઉજવાય છે. ઈ. ૧૯૮૨માં રિચર્ડ એટનબરો દ્વારા 'ગાંધી' ફિલ્મ બનાવવામાં આવી છે. જેને આજ સુધીમાં દસ જેટલા ખ્યાતિપ્રાપ્ત એવોર્ડ મળી ચૂક્યા છે. જેમાં ગાંધીની ભૂમિકામાં 'બેન કિંગ્સલે' છે. આજ સુધીમાં વિશ્વના ૧૩૩ દેશોએ ગાંધીજીની ટપાલ ટિકિટ બહાર પાડી છે.

(મોબાઈલ ૯૪૨૮૮૧૦૬૮૨)

## ૧૦ ખાદી વિશે વિચારીએ, આચરણ કરીએ...

**પિનાકિન મકવાણા**

---

આજે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ અતિશય ઝડપથી દોડી રહ્યું છે, જે માણસનો કાંકરો કાઢી નાખશે. માણસને કામ ધંધા વિનાનો બનાવી દેશે. એમ દુનિયાના વિચારકો કહે છે. એવું જ મોટા ઉદ્યોગોએ ગૃહઉદ્યોગો અને ગ્રામઉદ્યોગનો લગભગ નાશ કરી નાખ્યો છે. આજથી ત્રણસો વર્ષ પહેલાં દુનિયા આખીમાં ગૃહઉદ્યોગો અને ગ્રામઉદ્યોગ જ ચાલતા હતા. એ ગૃહઉદ્યોગોના કારીગરો આજે રખડતા ભટકતા થઈ ગયા છે, મોટા ઉદ્યોગપતિઓની ગુલામી કરતા થઈ ગયા છે. ગાંધીજીએ ઉદ્યોગીકરણની સામે ઇલાજ તરીકે 'સત્યના પ્રયોગો' આત્મકથામાં ખંડ પાંચ-૩૯ અને ૪૦ માં પ્રકરણમાં ખાદીની શરૂઆત કેવી રીતે થઈ તે વિગતે લખ્યું છે. ખાદીનો જન્મ વિશે આ પ્રકરણો વાંચશો તો ખાદી અંગે આંખ ઉઘડશે.

મને પેન્શન મળે છે. મારા પત્નીને પેન્શન મળે છે. કાંઈ ભેગું કરવાની ગણતરી ન હતી. તેથી વિદ્યાર્થીઓને ખાદીની ખરીદીમાં ૫૦% વળતર આપવાનું ચાલુ કર્યું. સાગરમાં બિંદુ જેટલું આ કામ ચાલે છે. ૧૫, ૨૦ શાળા કૉલેજોમાં આ કામ ચાલ્યું. આજે ૨૫% વળતર આપું છું. દેશની સ્વતંત્રતાની લડત દરમિયાન ગાંધીજીએ ખાદીનું કામ પણ પૂરજોશમાં ચલાવ્યું હતું. તેથી તેનો વિકાસ વધતો ગયો હતો, પણ સ્વતંત્રતા મળ્યા પછી થોડા વર્ષમાં ખાદીના વળતા પાણી થયા. તેથી ખાદીનું કામ કરનારાઓએ, ખાદી વિશે નવા પ્રયોગો શરૂ કર્યા. શાળમાં સુધારા કર્યા, અંબર ચરખો શોધાયો. છતાં ખાદી પાછી પડતી ગઈ. તેથી સિદ્ધાંતોને નેવે મૂકી પોલીવસ્ત્ર શોધ્યું. અંબર ચરખા પર વીજળીથી, સૂર્યશક્તિથી કાંતણ કામ ચાલુ થયું. તે વખતે લલ્લુભાઈ શેઠ, અમુલખભાઈ ખીમાણી વગેરે ખંભા પર ખાદીના તાકા લઈ ગામડે ગામડે ખાદીનો પ્રચાર અને વેચાણ કરતા હતા. ખાદીના સંચાલકો આમાંથી ઘડો લેશે ખરા !!

પૂનામાં હસમુખભાઈ થાણેવાલા એક વૃદ્ધ મહાનુભાવને હું શુદ્ધ ખાદી જ શા માટે? પત્રિકા મોકલતો હતો. બે ત્રણ અંકો તેમને મળ્યા પછી તેમણે મારી ઉપર પત્ર લખ્યો કે, તમારી પત્રિકાથી મને નવું જાણવા મળ્યું છે. મને ગાંધીજીએ ખાદી પહેરવાનું અને કાંતવાનું કહ્યું એટલે હું ખાદી પહેરતો અને કાતતો પણ ગુજરાતી સાહિત્યકાર ર. વ. દેસાઈનો એક લેખ 'મેં ખાદી કેમ છોડી દીધી છે?' મેં વાંચ્યો તેમાં એક ખાદી સંચાલકના ભ્રષ્ટાચારની વાત વિગતે લખી હતી, તે મને પણ સાચું લાગ્યું તેથી મેં પણ ખાદી છોડી દીધી. મેં તેમને લખ્યું કે આ તો પાડાને વાંકે પખાલીને ડામ જેવું થયું. ખાદીથી લાખો કાંતનારને રોજી,રોટી મળે છે. કોઈ ભ્રષ્ટાચારી સંચાલક હોય તો ત્યાંથી ખાદી ન લેવી. પછી હસમુખભાઈએ ખાદી પહેરવાનું કાંતવાનું અને ખાદીના કપડાં લઈને વેચવાનું ચાલુ કરી દીધું.

હું ખાદી ૭૦ વર્ષથી પહેરું છું. ૨૫ વર્ષથી ખાદીનો પ્રચાર કરું છું. પ્રચાર દરમિયાન મને એવા દાખલા મળ્યા કે જેમના બાળતીયા ખાદીના હોય અને ૫૦ કે ૬૦ વર્ષ જેમણે ખાદી જ પહેરી હોય, પછી તેમણે ખાદી છોડી દીધી હોય. દુઃખ એ વાતનું છે કે, ખાદી વિશેના જાણકાર હોય તેથી તેઓ જાણતા હોય કે ખાદી કામ કરનારો, ખાદી કાંતનાર કે વણનાર મહિને આઠથી દસ હજાર માંડ કમાતો હોય છે, તેનો ધંધો ટકાવી રાખવા માટે ખાદી પહેરવી જોઈએ. પણ લોકો પહેરતા નથી. વૈશ્વિક તાપમાનના દિવસોમાં ખાદી વસ્ત્ર આપણા શરીરને શીતળતા આપે છે. આ વાત લોકો સમજતા નથી. ખાદી એક વિચાર છે. એ વિચારને જીવવો પડશે.

મો. ૯૯૭૪૪૦૪૦૯૩

## ૧૧ આપણા કામોની પ્રાથમિકતા કેવી રીતે નક્કી કરવી?

મુની દવે

---

પુસ્તક ‘FIRST THINGS FIRST’ પર આધારિતઃ લેખક સ્ટિફન કોવે (૧૯૩૨-૨૦૧૨)

સ્ટિફન કોવે અમેરિકન શિક્ષણશાસ્ત્રી, લેખક, વક્તા, ઔદ્યોગિક કંપનીઓમાં સલાહકાર અને વ્યવસાયિક હતા. તેમનું સૌથી વધુ પ્રસિદ્ધ પુસ્તક છે 7 Habits of Highly Effective People. તેમના અન્ય પુસ્તકોઃ Principle Centered Leadership: 1989, First Things First: 1994, The 8th Habit: 2004, The Leader In ME.: 2008

‘FIRST THINGS FIRST’ પુસ્તકનો મુખ્ય મુદ્દો એ છે કે આપણને બધાને સુખી થવું છે, પણ આપણા સુખની વ્યાખ્યા ઉંમર વધવાની સાથે બદલાતી સમજણ મુજબ બદલાયા કરે છે. તે ઈચ્છે છે કે સુખી જીવનની સમજ આપણી ઘડાયેલી વિચારધારા દ્વારા નક્કી થાય. તેમાં આપણને મળેલા સંસ્કાર, આપણું ભણતર, આપણને થયેલા અનુભવો, આપણે વાંચેલાં પુસ્તકો, આપણી આસપાસના સમાજની માન્યતાઓ, તેના આધારે આપણી ઊભી થતી પસંદગીઓ અને આગ્રહો, વગેરે ભાગ ભજવે. તો પહેલા તો એ નક્કી કરીએ કે જો સુખ જોઈતું હોય તો કયાં કામો કરવાં? આપણામાંના કેટલાકનાં જીવનમાં કેટલાક મુશ્કેલ પ્રશ્નોનો છે, જેના જવાબો નથી મળતા. જેવા કેઃ

- આપણી પાસે કોઈ સપનાં કે મૂલ્યો છે?
- આપણા હેતુઓને પાર પાડવાનું કોઈ આયોજન છે?
- કોઈ મુખ્ય બાબતો સાથેનું આપણું જોડાણ છે?
- શું આપણને ખબર છે કે આપણે ખોટી શૈલી અપનાવીને જીવીએ છીએ?
- આપણે કયું વિશેષ કૌશલ્ય વિકસાવ્યું છે?
- આપણે શેમાં વિશ્વાસ કરીએ છીએ?
- શું આપણું જીવન સુગ્રથિત, સંગઠિત છે?

આપણે અને આપણી આસપાસના લોકો, જેને આપણે રોજ મળીએ છીએ તે બધા નિરાશ લાગે છે અને અપરાધભાવ ધરાવતા જણાય છે. તેમને અપરાધ એ લાગે છે કે તેમને જીવનનો આનંદ લેવો છે પણ એ માટે તેમની પાસે સમય નથી. તેમનું કુટુંબ તેમની પાસે વધુ સમય માંગે છે પણ તેમને સમજાતું નથી કે એ સમય કેવી રીતે આપવો. તેમના જીવનમાં કાયમી કટોકટી રહે છે. તેમના વ્યક્તિગત જીવન અને વ્યવસાયિક જીવન વચ્ચે કોઈ તાલમેલ નથી. આને કારણે તેઓ સતત તાણમાં જીવે છે. કેટલાક આ તાલમેલ ન હોવાથી ભારે દુખી છે. તેઓ જેવું વિચારે છે તેવું જીવી શકતા નથી. લાગે છે કે તેઓ સ્વતંત્ર નથી, બંધાઈ ગયેલા છે. જાણે કે તેઓ અન્ય લોકોથી કે પરિસ્થિતિથી નિયંત્રિત થાય છે. તેઓ સતત નવી નવી કટોકટી સામે લડ્યા કરે છે. સમજાતું નથી કે આમાંથી બહાર કેમ આવવું.

તેમને ન સમજાતું અસુખ ઘેરી વળે છે. તેમને જે કરવું ગમે છે તે કરવા નથી મળતું, પોતાને ગમે તેવું અનુભવવા નથી મળતું, તે નક્કી નથી કરી શકતા કે એ માટે શું કરવું. તેમને એ અપરાધભાવ કોરી ખાય છે કે જેમાં તેમને આનંદ મળે તેવું કશું નથી કરતા. તેઓ અંદરથી ખાલી છે. તેમણે પોતાના સુખની વ્યાખ્યા વ્યવસાયિક કે આર્થિક સફળતામાં સિમિત કરી દીધી છે. તેમને હતું કે સફળતા સુખ આપશે. પણ એવું બનતું નથી. તેઓ ભારે મહેનત કરીને સફળતાની સીડીનું એક એક પગથિયું ચડ્યા છે. પણ છેલ્લે પગથિયે

પહોંચ્યા પછી ખબર પડે છે કે તેમણે ખોટી દીવાલ પર સીડી ટેકવી છે. જેની ટોચ પર પહોંચવું હતું તે દીવાલ આ નથી.

તેઓ સખત ગૂંચવાયેલા છે. તેમને ખબર નથી પડતી કે પહેલાં એવું કયું કામ કરવું, જે સુખ આપે. તેઓ એક કામથી બીજા કામે આપોઆપ, જાણ બહાર જાય છે. તેમનું જીવન યાંત્રિક થઈ ગયું છે. હવે કોઈ નવો અખતરો કરવાની હિંમત નથી. નવા રસ્તે જવાની આકરી કિંમત ચૂકવવાની તૈયારી નથી અને આથી આ અસમતોલ જીવન જીવ્યે જાય છે. આ રીતે આપણે વ્યક્તિગત જીવનને ભારે ગૂંચવી નાખ્યું છે. એ ત્યારે સમજાય છે, જ્યારે આપણી પત્ની કે પતિ અચાનક અવસાન પામે છે, અથવા ખબર પડે છે કે દીકરો કે દીકરી અસામાજિક પ્રવૃત્તિમાં સામેલ થઈ ગયાં છે, અથવા ડોક્ટર કહે છે કે તમારી પાસે જીવવા માટે હવે બે-ચાર મહિના જ બચ્યા છે. અથવા નોકરીમાંથી અચાનક છૂટા કરવામાં આવે છે. આવી કોઈ કટોકટી એ સમજાવે છે કે આપણે સમયને કેટલી બેફિકરાઈથી લીધો છે અને મહત્ત્વનાં કેટલાં કામોને પાછળ ઠેલ્યાં કર્યાં છે.

આપણે બધાં વ્યક્તિગત અને વ્યવસાયિક જીવનમાં અલગ અલગ પાઠ ભજવ્યા કરીએ છીએ. આપણે જુદાં સમયે-સ્થળે જુદાં હોઈએ છીએ. ધીમે ધીમે આપણે આપણું મૂળ સ્વરૂપ ગુમાવી દઈએ છીએ. આવા વિવિધ પાઠ આપણને અસમતોલ, ગૂંચવાયેલા અને ચીડિયા બનાવી દે છે. આપણને મોટાભાગનાને એ સ્પષ્ટતા નથી કે આપણે કેવું જીવન જીવવા માંગીએ છીએ, બસ વહેતા પ્રવાહમાં વહેતા જઈએ છીએ.

આપણે એન્જિનિયર, તબીબ,વિદ્યાર્થી, શિક્ષક કે સંસ્થાના વડા હોઈએ કે કર્મચારી, ઉપર જણાવેલાં સવાલ સહુના, તેના ઉકેલ માટે, કયું કામ પહેલાં કરવું અને કયું કામ ન કરવું તે નક્કી કરવા આપણે એક એક પગથિયું સમજીએ. જીવનમાં સુખ મેળવવા માટે જાતને તૈયાર કરવામાં કેટલાક પરિબળો કામ કરે છે, જેવાં કે: આપણે શું બનવા માંગીએ છીએ, કઈ દિશામાં જવું છે અને આપણું જીવનલક્ષ્ય કયું છે તેની સ્પષ્ટતાઓ, આપણને મળેલા સમયનો ઉપયોગ, સ્પષ્ટ વિચારણા, માણસમાત્રની મૂળભૂત જરૂરિયાતો, કુદરતના કાયદાઓ, માની લીધેલાં મૂલ્યો અને સિદ્ધાંતો, આપણે ભજવતા વિવિધ પાઠો, એ પાઠો વચ્ચેની સમતુલા, આપણી જવાબદારીઓ, વિશ્વસનીયતા, પરસ્પરાવલંબન, સશક્તિકરણ અને આપણા જીવનના આપણે લીડર છીએ કે નહીં ? ... વગેરે. તો હવે એ બાબતોને સમજવા પ્રયાસ કરીએ.

પહેલી વાત તો એ કે આપણે શું અને કેવા બનવા માગીએ છીએ? અથવા આપણે કેવી સંસ્થા બનાવવા માગીએ છીએ? તે માટે આપણે વ્યક્તિગત સ્તરે કે સંસ્થાના વડા તરીકે એ નક્કી કરવું પડે કે આપણું લાંબાગાળાનું સપનું (વિઝન)શું છે અને તેના સંદર્ભે આપણું કે સંસ્થાનું લક્ષ્ય શું છે. એ નક્કી થાય તો તેના આધારે આપણા સિદ્ધાંતો અને મૂલ્યો નક્કી થઈ શકે. આ સ્થિતિમાં આપણને બે મહત્ત્વનાં સાધનો મદદ કરી શકે. એ સાધનો છે કંપાસ અને ઘડિયાળ. કંપાસ તમને તમારું સ્વપ્ન, જીવનલક્ષ્ય (mission), મૂલ્યો, સિદ્ધાંતો, સમજણ, દિશા વગેરે બતાવે છે, જેને આપણે અગત્યનાં માન્યાં છે. જ્યારે ઘડિયાળ તમારી કાર્યસૂચિ, પ્રતિબદ્ધતા, રોકાણો દર્શાવે છે, તમે શેમાં કેટલો સમય આપ્યો તે નોંધે છે.

સપનું (vision)ચરિતાર્થ કરવાની ધગશ.વિઝન એટલે સપનું, ભવિષ્યની દિશા. તેને કારણે જીવનલક્ષ્ય નક્કી થાય, જેને આધારે કયાં મહત્ત્વનાં કામો કરવાનાં છે તે નક્કી થાય. સ્પષ્ટ સપના સાથે સંસ્થા અને તેના વિભાગના સર્વે લોકો તેના વિષેની સ્પષ્ટ સમજ સાથે જે મહત્ત્વનાં કાર્યો કરવાના છે તે માટે કટિબધ્ધ થાય. કોઈપણ સંસ્કૃતિની સફળતા માટે પાયાની બાબત એ છે જેમાં સહિયારા સપના સાથે લોકો તેને પામવા એકજૂટ થાય. ભવિષ્યની દિશાની સમજ રચનાત્મક કલ્પનાઓનું ઉત્તમ

પ્રગટીકરણ કરી શકે છે અને તે માનવોનાં કાર્યોનું પ્રાથમિક ચાલક બળ બને છે. તે આજની વાસ્તવિકતાથી પર થઈને ભવિષ્યની દૃષ્ટિ આપે છે અને એવું કંઈક સર્જન કરે છે, જે આજે નથી. તે આપણને સ્મૃતિની મદદથી નહીં પણ કલ્પનાશક્તિના આધારે જીવવાની ક્ષમતા આપે છે. સપનું તેની અસરો પેદા કરે છે. અન્ય કોઈ બાબતો કરતાં તે આપણી પસંદગીઓને અને આપણે જેમાં સમય વ્યતિત કરીએ છીએ તેને અસર કરે છે.

સપનું આપણું રૂપાંતર કરે છે અને આપણી સઘળી નબળાઈઓ છતાં આપણને ઉપર ઉઠાવે છે. દા.ત. ગાંધી. ગાંધીએ પોતાના અંતિમ વર્ષોમાં એવું કહ્યું હતું કેઃ 'હું એક સામાન્ય માણસ છું અને સામાન્ય માણસની સરેરાશ કરતાંય ઓછી ક્ષમતા ધરાવતો માણસ છું. મેં જે કર્યું છે તે કોઈપણ સામાન્ય માનવી કરી શકે તેમ છે.' ગાંધીનું વિઝન હતું લોકો સાથે રહેવાનું, તેમને પ્રેમ કરવાનું અને તેમની સેવા કરવાનું. તેમની સૌથી મહત્ત્વની ઈચ્છા હતી કે દેશને બ્રિટિશરોના કબજામાંથી છોડાવવા માટે લોકોને મદદ કરવી. તેમનાં વિઝન અને હેતુએ તેમના વ્યક્તિત્વનું ઘડતર કર્યું અને તેમનો વિકાસ કર્યો.

પણ સપનું નક્કી કરતા પહેલાં આટલી બાબતોનું ધ્યાન રાખો.

- તમારું વિઝન મર્યાદિત ન હોઈ શકે. (કેટલાક મહિના કે વર્ષોનું, કંઈક બનવાનું કે ક્યાંક પહોંચવાનું ન હોય)
- તમારું વિઝન તમારી ભ્રમણા આધારિત ન હોઈ શકે. (જે અચળતા સાથે મેળમાં ન હોય)
- તમારું વિઝન અરધું-પરધું ન હોઈ શકે. (સામાજિક કે આર્થિક જરૂરિયાત કેંદ્રિત નહિ)
- તમારું વિઝન સામાજિક પ્રતિબિંબ પાડતું ન હોઈ શકે. (અન્યોની અપેક્ષાઓ કે તમે તબીબ કે એન્જિનિયર જ બનો)

હવે નક્કી એ કરવાનું છે કે તમે તમારો ધ્રુવનો તારો- (True North) અચળ સિદ્ધાંતો (જે સમગ્ર જગતમાં, બધા સમાજોને લાગુ પડે) શોધી લીધો છે? તેને ધ્યાનમાં રાખીને તમે ભાવિ દિશા (વિઝન) અને તમારું જીવનલક્ષ્ય (mission) નક્કી કર્યાં છે? અને તેના મેળમાં તમારાં સિદ્ધાંતો અને મૂલ્યો છે? આ એવાં હોય, જે સામાજિક રૂઢિઓ અનુસાર ન હોય કે સાંકડા સ્વાર્થ આધારિત ન હોય.

આ અચળતા સાથેનો મેળ (alignment) તમને સંદર્ભ અને અર્થ બતાવે છે, કે

- તમે ક્યાં છો;
- તમારે ક્યાં જવું છે? અને
- ત્યાં સુધી કેવી રીતે પહોંચવું.

આ બાબત તમને બતાવે છે કે જીવનમાં ગુણવત્તા લાવવા માટે તમારે કેટલીક ક્ષમતાઓ પેદા કરવાની છે. આ ક્ષમતાઓ વધારે તો માનસિક - સ્પષ્ટ વિચારધારાની છે. તમારી મૂળભૂત જરૂરિયાતો પૂરી કરતી વખતે તેનાથી તમે આંતરિક અને બાહ્ય વાસ્તવિકતાઓને ઓળખીને એ અચળતા સાથે મેળ બેસાડી શકો. ભૌતિક જગતમાં જેટલો ધ્રુવ તારો વાસ્તવિક છે તેટલા જ વાસ્તવિક 'કારણો અને અસરો' (cause & effect) ના સમયાતીત કાયદાઓ છે, જે આ જગતમાં વ્યક્તિગત અસરકારકતા અને માનવીય સંબંધોમાં લાગુ પડે છે.

આપણને એ બરાબર ખબર છે કે પાક જોઈતો હોય તો યોગ્ય સમયે યોગ્ય રીતે જમીનને તૈયાર કરવી પડે, તેમાં ખાતર અને પાણી નાખવા પડે, યોગ્ય બિયારણ વાપરવું પડે, તો જ તેના સમયે તે બી ઊગશે અને પાક મેળવીશું.

ક્રમશઃ

મોબાઈલ-૯૮૨૪૦૧૦૩૧૮

## ૧૨ ગાંધીનો ધબકારઃ નોખી માટી, નોખા માનવી...

**સોનલ પરીખ**

---

'આજ હૈ દો અક્તૂબર કા દિન, આજ કા દિન હૈ બડા મહાન, આજ કે દિન દો ફૂલ ખિલે, જિનસે મહકા હિંદુસ્તાન, એક કા નામ થા બાપુ ગાંધી, ઔર એક લાલબહાદુર હૈ, એક કા નારા અમન, એક કા જય જવાન જય કિસાન' ૧૯૬૭ની ફિલ્મ 'પરિવાર' માટે ગુલશન બાવરાએ લખેલું અને કલ્યાણજી-આણંદજીએ સંગીતબદ્ધ કરેલું આ ગીત ૨ ઑક્ટોબરે જન્મેલા દીકરા માટે મા ગાય છે. કહે છે, 'મેરે મુન્ને દો અક્તૂબર કે શુભ દિન હી તૂ જન્મા, મેરી યહી દુઆએં હૈં કિ ઉન જૈસા હી તૂ બનના, ઔર જો ઉન જૈસા ના બન પાયે તો ફિર ઈતના કરના, કમ સે કમ ઉનકે બતલાયે રાસ્તે પર હી તૂ ચલના, વિશ્વશાંતિ કે હિત મેં દેખોં ઉન વીરોં ને દિયે હૈં પ્રાણ...'

આ ગીત રચાયાને અડધી સદી જેટલો સમય થઈ ગયો છે, પણ આજે પણ શાળાઓમાં ગાંધીજયંતીના કાર્યક્રમમાં કોઈ શિક્ષક ગાંધીજી સાથે શાસ્ત્રીજીને યાદ કરતાં આ ગીત ગાય અને બાળકો તેને ઝીલે ત્યારે વાતાવરણમાં એક ઊર્જા પ્રસરી જાય છે.

મહાત્મા ગાંધીનો જન્મદિન ૧૮૬૯માં અને અને શાસ્ત્રીજીનો ૧૯૦૪માં. બંનેની ઉંમરમાં અડધી સદી જેટલું અંતર. મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે શાસ્ત્રીજી શાળામાં ભણતા વિદ્યાર્થી હતા. લોકમાન્ય તિલકને સાંભળી તેમની નસોમાં એ કૂણી ઉંમરે પણ દેશભક્તિ વહેવા લાગી. ૧૯૧૫માં ૧૧-૧૨ વર્ષની ઉંમરે તેમણે મહાત્મા ગાંધીનું પ્રવચન સાંભળ્યું. ત્યારથી તેઓ ગાંધીજીના ભક્ત બની ગયા. કાશીથી થોડાં જ કિલોમીટર દૂર આવેલા મુગલસરાઈમાં જન્મેલા લાલબહાદુરની અટક શ્રીવાસ્તવ હતી, પણ એ કાયસ્થ જ્ઞાતિ સૂચવતી હતી તેથી તેમણે એ અટક ત્યાગી દીધી હતી.

૧૯૨૧માં ગાંધીએ ઉપાડેલી અસહકારની લડત પૂરજોશમાં હતી. એમાં ભાગ લઈ શાસ્ત્રીજી જેલમાં ગયા. તેમણે વિવિધ સત્યાગ્રહોમાં ભાગ લઈ કુલ નવ વર્ષનો જેલવાસ ભોગવ્યો હતો, જ્યારે ગાંધીજીએ કુલ છ વર્ષ જેલમાં ગાળ્યા હતા. ગાંધીજીએ ભારતમાં આવી ચંપારણ અને ખેડાના ખેડૂતો માટે સત્યાગ્રહો કર્યા હતા. શાસ્ત્રીજીએ સૂત્ર આપ્યું હતું, 'જય જવાન, જય કિસાન'.

૧૯૨૬માં બનારસમાં સ્થપાયેલી કાશી વિદ્યાપીઠમાં ફિલોસોફી અને નીતિશાસ્ત્ર લઈ તેઓ સ્નાતક થયા અને ત્યારથી શાસ્ત્રી કહેવાયા. આ કાશી વિદ્યાપીઠનું ઉદ્‌ઘાટન ૧૯૧૬માં તાજા તાજા દક્ષિણ આફ્રિકાથી આવેલા મહાત્મા ગાંધીએ કર્યું હતું. ૧૯૨૭માં લલિતાદેવી સાથે લગ્ન થયાં ત્યારે લાલબહાદુર ગાંધીરંગે પૂરા રંગાઈ ચૂક્યા હતા. તેમણે સસરા પાસેથી રેંટિયો અને થોડી ખાદી એટલી જ ભેટ સ્વીકારી હતી. ગાંધીજીના આશ્રમમાં લગ્ન થતાં ત્યારે ગાંધીજી શરત મૂકતા કે વિધિ, ફૂલ વગેરેનું ખર્ચ ચાર આનાથી વધારે ન થવું જોઈએ. વરવધૂ હાથે કાંતેલી ખાદીની આંટી વરમાળા તરીકે એકબીજાને પહેરાવે. આશ્રમના જ કોઈ વરવધૂને પ્રતિજ્ઞાઓ લેવડાવી દે.

ગાંધીજી અને શાસ્ત્રીજી બંનેએ કોઈ અંગત લાભ લીધા વિના દેશસેવા કરી. દેશસેવાનો તેમનો માપદંડ હતો દૃઢ નિષ્ઠા અને સખત પરિશ્રમ. પદ કે પ્રતિષ્ઠાનો કોઈ ફાયદો ન પોતે લીધો, ન સંતાનોને આપ્યો. દેશના અદના સેવકો તરીકે બંને જીવ્યા અને મર્યા. ૧૯૪૮માં ગાંધીજીનું મૃત્યુ થયું ત્યારે તેમની સંપત્તિમાં ચંપલ, ચશ્મા, ઘડિયાળ વગેરે દસબાર વસ્તુઓ જ હતી. શાસ્ત્રીજી મૃત્યુ પામ્યા ત્યારે તેઓ

જે જૂની કાર વાપરતા હતા તેના હપ્તા ભરવાના બાકી હતા. બેમાંથી કોઈ પાસે કોઈ મિલકત ન હતી. બેંકમાં ખાતું પણ નહોતું. પોતાનાં જીવન અને કાર્યોથી બંનેએ બતાવ્યું કે રાજકારણ જેવા વગોવાયેલા ક્ષેત્રમાં પણ સિદ્ધાંત, સાદગી અને સજ્જનતાને સ્થાન છે.

સત્યાગ્રહની લડતમાં કંઈક પણ ચૂક થાય તો ગાંધીજી એની જવાબદારી પોતે લેતા. શાસ્ત્રીજી રેલવેપ્રધાન હતા એ વખતે એક મોટો અકસ્માત થયો ત્યારે શાસ્ત્રીજીએ તેની જવાબદારી પોતે લઈને રાજીનામું આપ્યું હતું. એક પ્રધાને આવો નિર્ણય લીધો હોય તેવું દેશમાં કદી બન્યું નથી. મરણોપરાંત ભારતરત્ન મેળવનારા શાસ્ત્રીજી પહેલા હતા.

ગાંધીજી પશ્ચિમના વિરોધી હતા એવી છાપ છે. પણ ગાંધીજીના ઘડતરમાં પશ્ચિમના અમુક મૂલ્યોનો બહુ મોટો ફાળો હતો. ચોકસાઈ, નિયમિતતા, સ્વચ્છતા, કરુણા, સમાનતા, બંધુત્વ - આ બધું જે રીતે એમના અસ્તિત્વમાં વણાઈ ગયું હતું તે આપણી આધ્યાત્મિક પરંપરા કરતાં પશ્ચિમની વિભાવનાઓને વધારે મળતું આવતું હતું. શાસ્ત્રીજીમાં આ ગુણો ભરપૂર પ્રમાણમાં હતા. શાસ્ત્રીજી નરમ હતા, પણ વખત આવે સિંહની જેમ ગર્જી ઊઠતા. ગાંધીજીની જેમ તેમની અહિંસા પણ વીરની અહિંસા હતી. મહાત્મા ગાંધીએ સવિનય કાનૂનભંગ અને સત્યાગ્રહ દ્વારા ગુલામ અને કચડાયેલી પ્રજામાં આત્મવિશ્વાસ અને નિર્ભયતાનો પ્રાણ પૂર્યો.

શાસ્ત્રીજી વડાપ્રધાન થયા ત્યારે એક ક્ષિતિજ પર તાજી પૂરી થયેલી ચીનની લડાઈના ધુમાડા ઊઠતા હતા, બીજી ક્ષિતિજ પર પાકિસ્તાનની લડાઈ ગાજતી હતી. અદ્‌ભુત કાબેલિયત અને હિંમતથી તેમણે પરિસ્થિતિ સંભાળી. લડાઈ રોકવાના પૂરા પ્રયત્ન કર્યા, પણ લડવાનું આવ્યું ત્યારે હાકલ કરી, 'માતૃભૂમિની સ્વતંત્રતાનો સોદો નહીં થવા દઈએ.' અને દેશ પોતાનાં દુઃખો ભૂલીને જુસ્સામાં આવી ગયો.

ગાંધીજી અને શાસ્ત્રીજી બંને કોઈ વાત કહેતા પહેલા પોતે તેને અમલમાં મૂકતા. ગાંધીજીને સાંભળી લોકો ખાદીધારી બનતા, ગામડામાં જઈ સેવાના ભેખધારી બનતા કારણકે ગાંધીજીએ પોતાનો દરેક શબ્દ ઉચ્ચારમાં મૂકતા પહેલા આચારમાં મૂક્યો હતો. શાસ્ત્રીજી વડાપ્રધાન હતા તે વખતે દેશમાં અનાજની તંગી હતી. અમેરિકાએ સડેલા ઘઉં મોકલ્યા ત્યારે શાસ્ત્રીજીએ કહ્યું કે આવું સડેલું અનાજ ખાવા કરતા દરેક નાગરિક અઠવાડિયામાં એક ટંક ન ખાય તો અનાજની તંગીનો પ્રશ્ન ઉકલી જાય. કરોડો લોકોએ આ 'શાસ્ત્રીવ્રત' પાળવા માંડ્યું કારણકે આ વાત કહેતા પહેલા શાસ્ત્રીજીએ પોતાના ઘરનું રસોડું પણ એક ટંક માટે બંધ કરાવ્યું હતું.

ગાંધીજી અને શાસ્ત્રીજી બંને દેખાવમાં સાવ સામાન્ય. પ્રભાવશાળી બિલકુલ નહીં. બંને સ્વેચ્છાએ અપનાવેલી ગરીબીમાં જીવ્યા. તેમના કુટુંબોએ તેમના આદર્શો અપનાવ્યા અને મૂંગા મોઢે બલિદાનો આપ્યાં. કસ્તૂરબાનું મૃત્યુ જેલમાં થયું, શાસ્ત્રીજી જેલમાં હતા ત્યારે તેમની પુત્રી સારવારના અભાવે મૃત્યુ પામી.

એવી નોખી માટી, એવા નોખા માનવીઓ હવે આ દેશ ઉત્પન્ન નહીં કરતો હોય શું?

મો: ૯૮૩૩૭૦૮૪૯૪

અહિંસા આપણને બીજા ધર્મો પ્રત્યે સમભાવ શીખવે છે. બીજા ધર્મો પ્રત્યે સમભાવ રાખવાના મૂળમાં પોતાના ધર્મની અપૂર્ણતાનો સ્વીકાર આવી જ જાય છે. આપણે સત્ય, અહિંસાને માત્ર વ્યકિતના આચરણને લગતી જ બાબતો નહીં પણ જનસમૂહો, કોમો અને રાષ્ટ્રોના આચરણ લાયક બનાવવી છે.એ સ્વપ્નને સિદ્ધ કરવા પ્રયત્ન કરતાં કરતાં જ હું જીવીશ અને મરીશ. અહિંસાનું પાલન કરતાં કરતાં મારા જેવા હજારો મરી જાય તેથી કાંઈ તે સિદ્ધાંત મરવાનો નથી.

- ગાંધીજી

## ૧૩ એકોક્તિઃ વાલ્મિકી

**વિશાલ જોષી**

---

એય, આ તંબુરો લઈને ક્યાં જાય છે?

શું છે તારી ઝોળીમાં ?

લાવ, જલ્દી આપ..... બાકી આ તલવાર તારી સગી નહીં થાય.

એક ઝાટકે બે કટકા....

લાવ, આપ...

શું....બોલે છો??

નારાયણ નારાયણ.....!?

હા ..હા..હા..

અહીં કોઈ તને નહીં બચાવે..... હું એકલો આ વનમાં,

લાવ, લાવ જલ્દી બધું જ મને સોંપી દે.

હે... !? નથી કંઈ... તો તારો જીવ આપી દે, પણ હું તને જવા તો નહીં જ દઉં.

હા... બોલ બોલ...

શું હું પાપ કરું છું એમ ? ના આ પાપ નથી હું તો મારા કુટુંબના ભરણપોષણ માટે આ બધું જ કરું છું.

હે શું ભાગીદાર ? હા હા, હોય જ ને....મારા કુટુંબીજનો પણ એટલા જ

ભાગીદાર હોય જ ને!?

શું કહ્યું પૂછી આવું એમ ?

લ્યો જાઉ.

હે શું.... તમે કોઈ મારા પાપના ભાગીદાર નથી...? ઓહ... હું તો આ ચોરી લૂંટફાટ આ બધું જ તમારા સૌ માટે કરું છું.

ના... ના... નહીં.

જ્યારે અસ્તિત્વ તમારી પાસે કશુંક નક્કર કરાવવા ઈચ્છે ત્યારે તમને સહી ન શકાય એવા આઘાતની ઊંડી ખાઈમાં ધક્કો મારે છે પણ હું અનુભવે કહું છું કે અસ્તિત્વની એ યોજનામાં તમે નિશંક બની વહેવા લાગો આ વહેણ તમને પરિશુદ્ધિના આકાશમાં વિહાર કરાવશે.

બસ એ ક્ષણ પછી થંભી ગઈ..... હું જાગ્યો.... મારી ગાઢ અજ્ઞાનની નિંદ્રામાંથી.... અચાનક બેઠો થયો. ચિત્તને ચાનક ચડી ગઈ.

છોડી બધું ગયો અરણ્યના શરણે.. ધૂણી ધખાવી મેં. મારા શરીર પર રાફડાના સ્તર જામવા લાગ્યા. ઉંદર, કીડી, સાપ, ઉધઈ.. જંતુઓનું આશ્રય સ્થાન ..વાલ્મિક (વાલ્મિક એટલે ઉધઈનો રાફડો )

એક દિવસ અચાનક નારદજી ત્યાં જંગલમાં આવ્યા મને નારાયણ નારાયણ એવો અવાજ ફરી સંભળાતા હું વાલ્મીકની અંદરથી બ્રાહ્મણ અવતારમાં બહાર આવ્યો. આ રૂપાંતરણમાંથી નવો જન્મ... વાલિયો લૂંટારો મટી હું વાલ્મિકી કહેવાયો.

એકવાર સાંજે સ્નાન માટે મારા શિષ્ય ભારદ્વાજની સાથે નદી કિનારે ગયો હતો અને ત્યાં જોયું કે બે સારસ પક્ષી પ્રેમમાં મગ્ન હતા. પ્રેમાલીન સારસને પારધીના તીરે વીંધ્યું પણ.. એ વાગ્યું મને, હજુ તો આ પીડાને હું સમજુ ત્યાં જ આક્રંદથી સારસીએ પણ દેહ છોડ્યો. એકની હત્યા થઈ અને બીજાની આત્મહત્યા. મોતનો આ ખેલ મેં એટલો નજીકથી જોયો કે સમજી ના શકાય, જોઈ ના શકાય, એવા

ગુઢ ખૂણેથી આંતરનાદ ગુજ્યો.

**मा निषाद पतिष्ठां त्वमगमः शाश्वतीः समाः।**
**यत्कोञ्चमिथुनादेकं अवधीः काममोदितम।।**

હે દુષ્ટ તે પ્રેમમાં મગ્ન એવા બે સારસ પક્ષીમાંથી એક ને માર્યું છે, તને અનંતકાળ સુધી શાંતિ ન મળે. આ જ ઘટનાના કારણે મારી કલમ દ્વારા વિયોગનું મહાકાવ્ય રામાયણ અવતર્યું જેના પ્રત્યેક કાંડમાં વિયોગની ગાથા અનુષ્ટુપ છંદમાં ગૂથાઈ છે.

મારુ મન વ્યાકુળ થઈ ઉઠ્યું, હું આખી રાત સુઈ ના શક્યો. મારી પીડા મને પરમેશ્વરની નજીક લઈ ગઈ. આ અર્થમાં પીડા કેવી પરોપકારી છે નહિ ? એક સમયનો ફરિયાદી વાલિયો પીડાના પ્રતાપે કૃતજ્ઞ અને આભારી આદિ કવિ અને ઋષિ વાલ્મિકી બન્યો.

આપણા જીવનમાં આવતા દુઃખો અને પીડા અસ્તિત્વએ આપેલો રૂપાંતરણનો અમૂલ્ય મોકો છે. તો ચાલો આપણે સૌ પરમેશ્વર તરફ લઈ જતી પીડાને નમ્રતાથી ઉજવીએ.

જય સિયારામ !

મોબાઇલઃ ૯૪૨૬૯૨૦૨૫૧

**પાંચ વર્ષનું કોડિયું લવાજમ રૂપિયા ૧૦૦૦ મળેલ છે.**

(૧) શ્રી ધીરુભાઈ દેસાઈ------સોનગઢ
(૨) શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા- લોકભારતી સણોસરા
(૩) શ્રી મકવાણા પરશોત્તમભાઈ----મોટી જાગધાર
(૪) શ્રી ડૉ.નરેશભાઈ ભંડેરી
(૫) શ્રી કોકિલાબહેન-વાલોડ
(૬) શ્રી વિશાલભાઈ જોશી--લોકભારતી

**એક વર્ષનું કોડિયું લવાજમ રૂપિયા ૨૦૦ મળેલ છે.**

(૧) શ્રી વજુભાઈ સિંધવ--કેશોદ
(૨) શ્રી રેખાબહેન વ્યાસ-- લોકભારતી સણોસરા
(૩) શ્રી જીવણભાઈ જોગરાણા--લોકભારતી સણોસરા
(૪) શ્રી જયેશભાઈ કોઠારી---સોનગઢ
(૫) શ્રી ભરતભાઈ શાહ---સોનગઢ
(૬) શ્રી ડૉ.નાથાલાલ ગોહિલ-કેશોદ
(૭) શ્રી વીરાભાઈ ચાવડા-અમરેલી

**બે વર્ષનું કોડિયું લવાજમ રૂપિયા ૪૦૦ મળેલ છે.**

(૧) શ્રી અમિતભાઈ સાસાણી- લોકભારતી

## ૧૪ કથા આશા અને વિકાસની : સમાજ જીવનનો પહેલો પાઠ

**બિંદુ-પાર્થેશ**

---

આશા અને વિકાસ આજે તેના ઘરે નાંખેલા હીંચકા પર ઝુલા ખાતા બેઠાં છે. આજે રાજપુરમાં તેઓ ચાર વર્ષ જૂના થયાં છે અને પરસ્પરના જીવનની છઠ્ઠી વર્ષગાંઠ હમણાં જ ગઈ છે. બંનેની વાતનો વિષય છે લગ્નના એ પ્રથમ બે વર્ષ. આમ તો બંને સાવ અલગ. એક ફક્કડ ગિરધારી. ગામડું હોય કે શહેર, નાની ઝૂંપડી હોય કે મોટો મહેલ બધુ એક સરખું. જ્યારે બીજાને મન ગામડું એટલે જીવન. શહેરમાં મન ગોઠે નહીં. પણ બંનેની એક સામ્યતા. કશુંક કરવું. વિકાસને સપનાઓ આવે ને આશા તેને સીંચે. વિકાસને ન આંખ કે ન પાંખ. જ્યારે આશા તો આંખેથી ભાળે પણ ખરી ને પાંખેથી ઊડે પણ ખરી.

એક દિવસ વિકાસે સાંજે આવીને કહ્યું, ચાલોને આપણે અહીં ગાંધીનગરમાં આપણી સોસાયટીમાં એક પુસ્તકાલય કરીએ? હજુ તો લગ્નને ૩ માસ માંડ થયાં હશે. અજાણી સોસાયટી. લોકો પણ અજાણ્યા. કોઈ ઓળખે નહીં. ઘરમાં પુસ્તકો તો શું ચાર ભીંત સિવાય બહુ જાજી ઘવખરી પણ નહોતી. પણ વિકાસના સપનાઓને આશાની પાંખ મળે તો ઉડે પણ ખરાં અને ઊગે પણ ખરા.

બાજુમાં હિરલબેન અને ગૌરાંગભાઈ રહે. ચારેય જણાએ બેસીને વિચાર્યું કે પુસ્તકો ક્યાંથી આવશે? કેટલાંક પુસ્તકો તો હતા. બીજા કેટલાંક પુસ્તકો ગાંધીનગરમાં મિત્રો પાસેથી મળી શકે. આવાં મિત્રોની યાદી કરી. તેના ઘરેથી પુસ્તકો લાવવામાં આવ્યાં. વળી એમ પણ વિચાર્યું કે જે બાળકો વાંચવા આવે તેને કહીશું કે તેના ઘરે પણ કોઈ પુસ્તકો હોય તો તે પણ લાવે. આશા અને હિરલબેને નક્કી કર્યું કે તે સોસાયટીમાં દરેકના ઘરે જઈને પુસ્તકાલયની વાત કરશે. અઠવાડિયામાં તૈયારી થઈ ગઈ. સોસાયટી માટે વાત તો નવી હતી. થોડાં છોકરાંઓ આવ્યાં. કોઈ પુસ્તક વાંચે, કોઈ ટીવી જોવે ને કોઈ રમે. ઘર ભર્યું ભર્યું રહેવાં લાગ્યું. આશા નિશાળેથી અપ-ડાઉન કરીને ઘરે આવે ને ઘરે છોકરાંઓના ધામા હોય. ઘરને તાળું મારવાનું બંધ કર્યું. જે આજે પણ એવું જ છે. એક વાત સ્પષ્ટ કરી કે આપણે સાચી દિશામાં જઈ રહ્યાં છીએ. કારણ કે છોકરાંઓને વાંચવામાં રસ ઓછો છે એવું નથી પણ કદાચ આપણે યોગ્ય રીતે અને યોગ્ય વસ્તુઓ સામે મૂકી શકીએ તો તેનું પરિણામ મળે. અને આ જ વાત લગભગ આઠેક વર્ષ પછી પુસ્તકાલયના એક (અ)ભૂતપૂર્વ વિદ્યાર્થીએ કહેલી. એક વખત ગાંધીનગરમાં શાક ખરીદતી વખતે એક યુવાન સામે મળ્યો. ઊભો રહી પગે લગીને કહે, ‘કાકા ઓળખ્યો? હું ઉમંગ! પુસ્તકાલયમાં આવતો હતો. આજે એન્જિનિયર થઈ ગયો છું.’ યાદ આવ્યો એ તોફાની બાળક. પણ આજે તો જુવાન થઈ ગયો.

એવામાં ૨૦૦૧ નો ભૂકંપ આવ્યો. કચ્છની હાલત ઘણી ખરાબ. બંનેએ નક્કી કર્યું કે આપણે ત્યાં જઈશું. પણ અહીંથી આપણે શું કરી શકીએ. બે વાત નક્કી કરી. એક બંને ત્યાં જશે. બીજું અહીંથી જે મદદ થાય તે માટે સોસાયટીમાં કહેવું. સોસાયટીમાં એક ઓળખાણ હતી. અને તે બાળકો. જે અત્યાર સુધીમાં ગાંધીનગરમાં જમા થયેલી મૂડી હતી. હિરલબેન અને આશા ઘરે ઘરે ઉપાડ્યા. અડધાં દિવસમાં એક નાનો ટ્રક ભરાય એટલાં ગોદડાં અને કપડાં ભેગા થઈ ગયા. બાળકો ધારે તો શું ન કરી શકે !

૨૦૦૨, ફેબ્રુઆરી માસ. ગુજરાત આખું તોફાનોમાં અટવાયેલું. આશા અને વિકાસ પણ બેચેન, શું થશે. તોફાનના બીજા જ દિવસે સામેના એસટીડી પીસીઓમાં

એક ભાઈ ફોનમાં કોઈ સાથે વાત કરતાં હતા. વાત કરતાં કરતાં રડી રહ્યાં હતા. આશા કહે, 'વિકાસ, જોતો પેલા ભાઈ કોઈ મુશ્કેલીમાં લાગે છે.' વિકાસ તરત જ પીસીઓમાં ગયો. પેલાં ભાઈએ ફોન પૂરો કર્યો. વિકાસે પૂછ્યું, 'શું થયું?' રડતાં રડતાં પેલા ભાઈએ કહ્યું કે તેઓ બીએસએફમાં નોકરી કરે છે. તેના પરિવારમાં તેના કોઈ અંગત સંબંધીની તબિયત એકદમ નાજુક છે. તેઓ સુરેન્દ્રનગરના છે. ત્યાં જવું પડે તેમ છે. પણ તોફાનમાં જવું કેમ? વિકાસ કહે, 'બસ એટલી જ વાત છે?' એક કામ કરો. 'તમે મારુ સ્કૂટર લઈ જાઓ. જયારે પાછા આવો ત્યારે આપી જજો.' પેલાં ભાઈ જોતાં જ રહ્યાં. તેણે કહ્યું કે, 'તમારી પાસે હું કઈ મૂકતો જાઉ?' વિકાસે કહ્યું, 'ના રે ભાઈ, તમે જાઓ. બસ તોફાન છે તેનું ધ્યાન રાખજો.'

ઘરે આવીને કહ્યું તો સૌથી રાજી આશા થઈ. જ્યારે ઘરે આવેલાં એક મિત્રને નવાઈ લાગી. તેણે પૂછ્યું પણ ખરું, 'આમ સ્કૂટર કોઈના ભરોસે આપી દેવાય?' વિકાસે કહ્યું, 'ભરોસો કોને કહેવાય તે હું લોકભારતીથી શીખેલો. અરુણભાઈ અમેરિકાથી ડિજિટલ ડાયરી લાવેલાં. ત્યારે હું ત્યાં ભણતો હતો. મને કહેલું કે, 'આ કેમ ઓપરેટ થાય તે તું મને સમજવીશ? આપણને એમ કે આપણે અરુણભાઈને શિખવીશું ! એમ વિચારીને પહેલાં ડાયરી હાથમાં લીધી. પણ કોઈ ગમ ન પડી. એટલે છાત્રાલયે જઈ શીખીને કહીશ એમ કહ્યું. ડિજિટલ ડાયરી છાત્રાલયે લાવ્યો. ત્યાં રાત્રે શીખી તો લીધું. પણ સવારે જોયું તો ડાયરી ક્યાંક ગાયબ. હવે શું કરવું? શોધે તો જડે જ નહીં. અંતે થોડા દિવસો પછી અરુણભાઈને કહ્યું. ત્યારે તેણે કહ્યું થાય. એમાં શું !! કેટલો ભરોસો.'

આ તોફાન દરમિયાન ૧ માર્ચ શુક્રવારનો એ દિવસ. બપોરનો સમય. ઘરની બહારથી અવાજો આવે 'જય શ્રીરામ' બારીમાંથી જોયું તો લગભગ ૧૦૦-૨૦૦ મણસોનું ટોળું નીકળેલું. નારા બાજી ચાલુ હતી. ક્યાંક ધૂમાડાંઓ દેખાતાં હતા. આશાથી રહેવાયું નહીં. તેણે કહ્યું કે વિકાસ, આપણે પોલીસને જાણ કરવી જોઈએ. ક્યાંક આગ લાગી હોય તેવું લાગે છે. સામે જ એસટીડી પીસીઓ હતું. પણ ટોળાના કારણે તે તો બંધ થયેલું. ગૌરાંગભાઈના ઘરે લેન્ડલાઇન ટેલિફોન હતો. બંને ત્યાં ઉપડ્યાં, ત્યાંથી પોલીસને ફોન કર્યો. ત્યાં તો ટોળું બંનેના ઘરની પાછળ આવેલાં એક ઘરને તોડવા લાગ્યાં. હવે આશા આવેશમાં હતી. તેણે કહ્યું, વિકાસ આપણે હોઈએ ત્યાં આવું ન થવું જોઈએ. બંનેએ એકબીજાના હાથ પકડીને દોડ્યાં. સીધાં ટોળાની વચ્ચે. છેક એ અજાણ્યા ઘરના દરવાજા સુધી. અને વિકાસે જોરથી ત્રાડ નાખી, 'આ મારા રામની સંસ્કૃતિ નથી' ટોળામાંથી કોઈ બોલ્યું 'અરે આને તો દાઢી છે. મારો!'

'ના, ના, પાછળ જો ચોટલી પણ છે' બીજાએ પોતાનું અવલોકન કહ્યું. ત્યાં તો કોઈએ એક ઢેફું ઉપાડ્યું અને ફેંક્યું. સીધું વિકાસના માથે. બીજો એક કુહાડી લઈને સીધી જ વિકાસના ગળે ધરી ને કહ્યું, 'ખસી જા!' હજુ પરિસ્થિતિ વધુ ગંભીર બને તે પહેલાં ટોળામાંથી કોઈએ બૂમ પાડી 'પોલીસ' અને ટોળું ભાગ્યું. રામે બચાવ્યાં!

ઝુલા પર બેઠેલાં બંનેના હાથ જાણે હજુ આ ઘટના અત્યારે જ બની હોય તેમ વધુ મજબૂત રીતે ઝકડાયેલાં હતા. બંને સામું જોઈ હસી પડ્યાં.

મોઃ૯૮૨૫૪૧૨૮૪૧

માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર ઇ.સ.૧૯૫૯માં ભારત આવ્યા ત્યારે એક પત્રકારે એમની મુલાકાતમાં પૂછ્યું હતુંઃ

'મિ.કિંગ, આપ ભારતમાં પ્રવાસે આવ્યા છો, અહીં આવીને,ભારતભૂમિ વિશે તમે શું કહેશો? '

માર્ટિન લ્યૂથર કિંગઃ 'બીજા દેશોમાં હું એક પ્રવાસીની જેમ જઈ શકું છું, પરંતુ ભારતમાં હું તીર્થયાત્રી છું કારણ કે ભારતની ભૂમિએ મહાત્મા ગાંધી જગતને આપ્યા છે.'

## ૧૫ ગાંધીદર્શન 'સંપ્રદાય' તો નથી બની ગયોને?

**વિશાલ ભાદાણી**

નદી અને સરોવરમાં પાયાનો તફાવત પરિવર્તનશીલતા અને સ્થિરતાનો છે. દર્શન અને વિચારધારાનું પણ એવું જ છે. દર્શન એ વ્યાપક, વધુ સમાવેશી અને ગતિશીલ છે જ્યારે વિચારધારા માર્યાદિત અન વધુ જડ હોય છે. દર્શન માનવકલ્યાણ માટે મથે છે અને વિચારધારા કોઈ સ્થાપિત હિતને સાચવવા. અનેક આયામો ધરાવતાં બ્રહ્માંડમાં કોઈપણ એક 'કંઠી' બાંધવાનો અર્થ અસ્તિત્વની સમગ્રતાને નકારવા બરાબર છે. એમાં અહંકાર અને મૂર્ખામી બંને છે. દર્શન એટલે કે જે છે એને એમ જ જોવું. વિચારધારા એટલે આપણને અમૂક જૂથના લોકો અથવા એમણે નક્કી કરેલા પુસ્તકો/ ઉપદેશો જેમ દેખાડે એમ જોવું. ઘણીવાર એવું બને કે કોઈ વિચાર એ દર્શનનો અમુક અંશ જ દેખાતો હોય અને એને જ અંતિમ સત્ય માનીને જડતાથી વળગી રહેતા હોઈએ છીએ. જેમ હાથીની પૂંછડી હાથી નથી એમ જ દર્શનનો એક અંશ દર્શન નથી.

કોઈ દાર્શનિકે જે દેખાયું હોય એનું વર્ણન કર્યું હોય, ત્યાર બાદ લોકો સમજી શકે એ ભાષામાં રજૂ કરવાનો પ્રયાસ કર્યો હોય અને લોકોમાં જેમ જેમ તેની સ્વીકૃતિ વધતી જાય એમ એમ એના પ્રચારકો અને અનુયાયીઓ વધતા જાય. ધીમે ધીમે અનુયાયીઓ જે તે દાર્શનિકને એટલા મહાન, પવિત્ર અને પૂજનીય બનાવી દે કે પછી એની છબી કે મૂર્તિને જ 'દર્શન' માની લે છે. દાર્શનિક એટલે કે બારી અને દર્શન એટલે એમાંથી દેખાતું આકાશ. આપણે આકાશને જોવાનું છે, બારીની પૂજા નથી કરવાની ! મૂળ દાર્શનિકના પુસ્તકો કે વ્યાખ્યાનોમાંથી સગવડિયા અર્થગ્રહણ કરીને એને જ અંતિમ સત્ય સાબિત કરવાની કોશિશ બારીને આકાશ સાબિત કરવાની કોશિશ છે. ત્યાર બાદ કોણ બારીની કેવી મહાન પૂજા કરે છે એવી હરીફાઈ શરુ થાય છે. પછી એક હાસ્યાસ્પદ તબક્કો એવો આવે કે જેમાં કોઈ આકાશની વાત કરે તો એને 'વિરોધી' અથવા 'મૂર્ખ' સમજવામાં આવે!

અલબત, દરેક વ્યક્તિને પોતે જેને સત્ય માને છે એ માનવાનો અધિકાર છે, અર્થાત, કોઈ પૂછડીને હાથી માને તો ભલેને માને ! પણ એમ કરવા જતાં બીજાને અને દર્શનને નુકશાન ન જાય એ જોવું રહ્યું. કોઈપણ સંપ્રદાય એના મૂળ દર્શનથી જેટલો દૂર જાય એટલો એ વધુ અપ્રસ્તુત બનતો જાય છે અને અપ્રસ્તુતતા એટલે મૃત્યુ! ઈતિહાસમાં ઘણાં દર્શનો આવ્યા અને પછી વિચારધારાઓ અને સંપ્રદાયોમાં રૂપાંતરિત થઈ સ્થિર બનીને ભૂંસાઈ ગયા ! ગાંધી નામની બારીમાંથી શું દેખાય છે એ જોવાની પ્રામાણિક કોશિશ કરીએ તો કેવું? ગાંધીમર્મને ક્યાં મૂકીશું? દર્શનમાં, વિચારધારામાં કે સંપ્રદાયમાં?

**શ્રદ્ધાંજલિ**

● પૂ.મોરારિબાપુના મોટાબહેન ભાગ્યશ્રીબહેન ગોંડલિયાનું ૯૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

● જે.સી. કુમારપ્પા ગ્રામવિદ્યાપીઠના કાર્યકારી આચાર્ય અને લોકભારતીના ભૂ.પૂ.વિદ્યાર્થી શ્રી લાલજીભાઈ સરવૈયાનું હાર્ટએટેકથી તા. ૧૪-૦૯-૨૪ના રોજ ૫૭ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

● લોકભારતીના પ્રારંભકાળના નિષ્ઠાવાન, કર્મઠ કાર્યકરશ્રી દુર્ગાશંકરભાઈ ભટ્ટના ધર્મપત્ની શ્રી ડાહીબહેનનું તા. ૧૪-૦૯-૨૪ના રોજ ૯૫ વર્ષની વયે ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

● લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને દક્ષિણામૂર્તિ, ભાવનગરના પૂર્વ કાર્યકરશ્રી મૂળજીભાઈ ભલાણીના ધર્મપત્ની શ્રી મંજૂલાબહેનનું તા. ૨૯-૦૯-૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૧૬ કેળવણીયુક્ત શિક્ષણઃ અનિષ્ટોનું અમોઘ ઔષધ

**રેખાબા સરવૈયા**

---

સ્વામી વિવેકાનંદ દ્રઢપણે એવું માનતા કે સાચી રીતે લીધેલું શિક્ષણ સમાજમાં પ્રવર્તી રહેલા દરેક અનિષ્ટોને મૂળમાંથી મટાડી દેવાનું અમોઘ ઔષધ છે. આજની આધુનિક શિક્ષણવ્યવસ્થામાં આપણે બાળકો કે યુવાનો દ્વારા જે શિક્ષણ પ્રાપ્ત કરી રહયા છીએ. તેમાંય અમુક તત્ત્વો તો સારા છે, પણ એનાંથી એટલા બધા ગેરફાયદા થાય છે કે, આ સારા તત્ત્વો એથી નહિવત જ બની રહે છે. પહેલું તો એ કે આ શિક્ષણથી માનવ ઘડાતો નથી એતો કેવળ નકારાત્મક છે ને આવુ નકારાત્મક શિક્ષણ તો મૃત્યુ કરતા પણ ખરાબ હોય છે. સાચું શિક્ષણ તો વ્યકિતત્વ વિકાસની દિશામાં ચાલીને સમગ્ર સમાજનાં અનિષ્ટો સામે બાથ ભીડે એવું હોવું જોઈએ.

બાલ્યકાળથી જ આપણે આ પ્રકારનું નકારાત્મક શિક્ષણ પામતા આવ્યા છીએ. પોતાની જાતને નગણ્ય માનીએ છીએ એટલું જ આપણે શીખ્યા છીએ. આ દેશમાં પણ કદીક મહાન વિભૂતિઓ જન્મી હતી એવું તો આપણને ભાગ્યે જ શીખવવામાં આવે છે. કશું પણ સંગીન સ્વરૂપનું આપણને કદીય શીખવવામાં આવતું નથી. આપણે કેવળ આપણી નિર્બળતાઓનું જ જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ.

જો કોઈ એક માણસ અમુક પરીક્ષામાં ઉતીર્ણ થાય અને વ્યાખ્યાનો આપી શકે તો જ તે શિક્ષિત છે એમ તમે માનો છો? જીવન માટેનાં સંઘર્ષમાં ટકી રહેવા પૂરતી સાધનસામગ્રી સામાન્ય જનસમૂહને પ્રાપ્ત કરી આપવામાં જે શિક્ષણ મદદ નથી કશી શકતુ, ચારિત્ર્યને દ્રઢતા નથી આપી શકતું, પરોપકારની ભાવના અને સિંહના જેવી હિંમત ખીલવી નથી શકતુ તે શિક્ષણનાં નામને પણ લાયક છે ખરૂ?

શાળાઓમાં અને કૉલેજોમાં હાલમાં જે શિક્ષણ અપાય છે તે તો અજીર્ણથી પીડાતા રોગીઓ જ બનાવી મૂકે છે. માણસ કેવળ યંત્રની જેમ કાર્ય કર્યે જાય છે. અને કૂવામાંનાં દેડકા જેવું જીવન જીવી રહે છે. તો પછી સાચું શિક્ષણ એટલું શું ?— આ સવાલનો જવાબ સ્વામી વિવેકાનંદ આપે છે કે : ‘શિક્ષણ એટલે ડિગ્રીઓનું પ્રમાણપત્ર? ના. પુસ્તકાભ્યાસ? ના. અનેકવિધ જ્ઞાન ? એ પણ નહી. જે કેળવણીથી ઈચ્છાશકિતનો પ્રવાહ અને આવિષ્કાર સંપતિ બનીને ફળદાયી બની શકે તેનું નામ શિક્ષણ.’ સાચા શિક્ષણને એક પ્રકારની વિશિષ્ટ શકિત અથવા તો સમર્થ અને શુભ સંકલ્પો કરતાં શીખવવાની કેળવણી તરીકે વર્ણવી શકાય. શિક્ષણ એટલે કેવળ શબ્દોનો મેળો નહી.

માનવનું ઘડતર એ જ દરેક સાચા શિક્ષણનું ધ્યેય હોવું જોઈએ. શિક્ષણ એટલે તમારા મગજમાં એકઠો થઈને આત્માસાત બન્યા વિના જીવનભર ઉત્પાત મચાવ્યા કરનારો માહિતીઓનો ઢગલો નહી. જીવન ઘડનારા, સાચા માનવીનું નિર્માણ કરનારા, ચારિત્ર્ય વિકસાવનારા વિચારોને આત્મસાત કરવાની આપણને ઘણી જરૂર છે. જો તમે કેવળ પાંચ જ વિચારોને આત્મસાત કરી તમારા જીવન સાથે, સ્વભાવ સાથે એકરૂપ કરી શકયા હો, તો એક પુસ્તકાલયના ગ્રંથોને કંઠસ્થ કરનારનાં કરતાં તમારામાં વિશેષ જ્ઞાન છે એટલું જરૂર માનજો.

‘ચંદનકાષ્ઠનો ભારો લઈ જનાર ગધેડો લાકડાના ભારને જ જાણે છે, ચંદનની સૌરભને ઓળખતો નથી.’

આજનાં મોટા ભાગનાં વિદ્યાર્થીઓ આવા નથી શું ? જો માહિતીનાં સંચયનું નામ જ શિક્ષણ હોય તો પુસ્તકાલયોને મહર્ષિઓ કહેવા જોઈએ. અને જ્ઞાનકોષને ઋષિઓ તરીકે ઓળખવા જોઈએ.

સ્વામીજીએ શિક્ષણ અને કેળવણીને નોંખા તારવ્યા છે એમણે કેળવણીની વ્યાખ્યા અદભૂત કરી છે : 'માણસમાં ગૂઢરૂપે રહેલી પૂર્ણતાનો આવિષ્કાર સાધી આપે તેનું નામ જ કેળવણી.' ધર્મને હું શિક્ષણનું હાર્દ લેખું છું. પણ એટલું ધ્યાનમાં રાખજો કે અહી ધર્મ એટલે કે મારા કે બીજા કોઈનાં ધર્મ વિશેના વિચારો એવો અર્થ નથી, ધર્મ મુખ્ય વસ્તુ છે, બીજુ બધું ગૌણ છે. પણ આપણને તો બધાની જ જરૂર છે. 'ધારયતે...ઈતિ ધર્મ.' ધર્મ ધારણ કરીને અમલમાં મૂકવાની વિચારધારા છે.

શિખવાની આદર્શ પદ્ધતિ એટલે કે ચિતની એકાગ્રતા અને અનાસકિત આપણી પાસે તો જ્ઞાન પ્રાપ્ત કરવાની જ એક પદ્ધતિ છે. ક્ષુદ્રમાં ક્ષુદ્ર માણસથી માંડીને તે મહાન યોગી સુધી બધાને એ જ પદ્ધતિનો ઉપયોગ કરવાનો રહે છે. એનું નામ ચિતની એકાગ્રતા દ્વારા જ્ઞાનપ્રાપ્તિ.

આ સામર્થ્ય, અંતરાયને પ્રહારથી છેદી નાંખવાની શકિત ચિતની એકાગ્રતામાંથી જ ઉદભવે છે. માનવમનના સામર્થ્યને કશી મર્યાદા નથી. જેમ તમે એને વધારે એકાગ્ર કરશો તેમ એ વધારે કાર્યસાધક બનશે. પદ્ધતિનું રહસ્ય આટલું જ છે. મારે મન તો શિક્ષણનું સાચુ સત્ત્વ તે આ ચિતને એકાગ્ર કરવાની શકિત જ છે. હકીકતોનો ઢગલો એકઠો કરવો તે શિક્ષણ નથી. જો મારે મારૂ શિક્ષણ ફરી પ્રાપ્ત કરવાનું હોય ને જો એમાં મારૂ કઈ ચાલી શકે એમ હોય તો હું આ માહિતીઓનો ઢગ એકઠો કરવાની પંચાતમાં પડવાનું જરા પણ પસંદ નહી કરૂ. મને ચિતને એકાગ્ર કરવાની અને અનાસકત રહેવાની શકિતઓને વિકસાવવાનું જ વધારે ગમશે. એ રીતે ગ્રહણ કરનારૂ સાધન વધારે કાર્યક્ષમ બન્યું હોય પછી હકીકતોનો સંગ્રહ કરતાં શી વાર લાગવાની હતી? એટલે બાળકમાં એકી સાથે બે શકિતઓનો વિકાસ કરતા રહેવું જોઈએ.

વિદ્યાર્થીઓ સાથે એકાત્મતા કેળવીને તેમની રૂચિ મુજબનાં વિષયોનું જ્ઞાન આપે એ સાચો શિક્ષક છે. સાચા વિદ્યાર્થીની અંદર પણ કંઈક નવું શિખવાની તીવ્રતમ જિજ્ઞાસા, જ્ઞાન પ્રાપ્તિની ઉત્કટ પિપાસા, શુચિતા અને અણથક કામ કરવાની ઉત્સાહી ઉદ્યમશીલતાનાં ગુણો સમગ્ર જીવનને કેળવવા માટે આવશ્યક છે. અને આ ગુણોને ઉજાગર કરે તે જ સાચુ શિક્ષણ. પેલું ઉદાહરણ તો ખબર છે ને, પથ્થરમાં પ્રથમથી જ સુંદર મૂર્તિ વિદ્યમાન હોય છે, બસ...મૂર્તિકારે તેની આસપાસનો નકામો પથ્થરનો મેદ છીણી, ટાંકણું અને હથોડી વડે દૂર કરીને મૂર્તિને દ્રશ્યમાન ઘાટ આપવાનો છે. બસ... આવું જ કામ એક કેળવાયેલાં શિક્ષકે પોતાનાં વિદ્યાર્થી માંહેની અંતરનિહિત શકિતઓને કેળવણી થકી ઉજાગર કરવાની છે.

(મો. ૯૯૨૫૦ ૧૭૫૮૪)

---

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આવી ગયાને આશ્રમનો આરંભ કર્યો ત્યારે કાકાસાહેબ કાલેલકર બાપુને મળી કહેલું:

'અહિંસાના માધ્યમથી આઝાદી મળી શકે છે એ વિચારમાં મને વિશ્વાસ બેસતો નથી.'

ગાંધીજીએ કહેલું: 'તમે આશ્રમમાં આવો, મારી સાથે કામ કરો, મારી દિનચર્યા જુઓ, કાર્યને નાણો પછી તમને વિશ્વાસ બેસે તો આશ્રમમાં રહેજો, નહીં તો તમે જઈ શકશો '

કાલેલકર સાહેબ કહે છે કે: 'અહિંસા તરફ મને આદર છે પણ મેં એને આચરણમાં મૂકી નથી.'

સાંભળી ગાંધીજીએ કહ્યું હતું : ' આજે તો ભારતમાં તમારા જેવા લોકોની બહુમતિ દેખાય છે. તમારા જેવાનો અસ્વીકાર કરું તો મને સાથીઓ અને દેશપ્રેમીઓ કેમ મળશે ? તમે અહીં આવો પછી અહિંસાની ઊર્જા વિશે તમારામાં શ્રદ્ધા જગાડવી એ જ મારું કામ છે.'

## ૧૭ અટકી જાઓ

**ડો. બાલુભાઈ શેલડિયા**

પૂજ્ય સૂફી ફકીરો ધ્યાનનો એક અભ્યાસ કરે છે અને કરાવે છે. પશ્ચિમમાં જાર્જ ગુરજિએફે પણ તે ધ્યાનનો પ્રયોગ બહુજ પ્રચલિત કર્યો છે. સૂફી ફકીરો તે પ્રયોગને કહે છે, ધ એક્સરસાઈજ ઓફ હોલ્ટ. અને ગુરજિએફે તેને કહેલ છે, સ્ટોપ એક્સરસાઈજ - અટકી જવાનો પ્રયોગ અથવા અટકી જવાની કસરત. સૂફી ફકીર કહે છે જો એક ક્ષણ પણ જો કોઈ પૂર્ણતાથી અટકી જાય, તો તે પૂર્ણતાથી અટકેલ ક્ષણમાં, તે અગતિમાં, તેને નિશ્ચયનો અનુભવ થઈ જશે.

ગુરજિએફ તે પ્રયોગકરી રહ્યા હતા, તિફલિસ, રશિયામાં એક નાના નગરમાં. એક નહેરની પાસે તંબૂ નાખીને પોતાના સાધકોની સાથે રહ્યા હતા. તંબૂની અંદર જ સવારે બેઠા હતા અને નજીકમાં જ એક નહેર હતી. પરંતુ નહેર બંધ હતી, તેમાં પાણી નહોતું. અચાનક ગુરજિએફે તંબૂની અંદરથી બૂમ પાડીને કહ્યું, ' સ્ટોપ, અટકી જાઓ.' અને ત્યારે અચાનક કોઈકે નહેર ખોલી નાખી. પાણી આવી ગયું.

પાણીને જોઈને એક સાધકે વિચાર્યું કે ગુરજિએફ તો તંબૂની અંદર છે, તેને ક્યાં ખબર છે કે અમે ક્યાં ફસાઈ ગયા છીએ! જો હું અટક્યો, તો જાનનો ખતરો છે. પરંતુ તેમ છતાં તે જ્યાં સુધી ગળા સુધી પાણી આવ્યું, ત્યાં સુધી અટકી રહ્યો. ગળાથી ઉપર પાણી જવા લાગ્યું, તે કૂદકો મારીને બહાર નીકળી ગયો. બીજા સાધકે વિચાર્યું કે હજુ થોડા વધારે વખત અટકું; કદાચ ગુરજિએફ આજ્ઞા આપી દે. પરંતુ જ્યારે નાક પાણીમાં ડૂબવા લાગ્યું, તો તેણે વિચાર્યું કે હવે અટકવું એ પાગલપણું છે. અમે અહીં ધ્યાન શીખવા આવ્યા છીએ, કંઈ જીવ ખોવા આવ્યા નથી. અને તે પાગલ અંદર બેઠા છે, કદાચ તેને ખબર પણ નથી કે બહાર અમે નહેરમાં ફસાઈ ગયા છીએ. તે પણ કૂદકો મારીને બહાર નીકળી ગયો. પરંતુ ત્રીજા સાધકે વિચાર્યું કે જ્યારે નિર્ણય જ કરી લીધો છે, તો હવે કોઈ નિર્ણય બદલવો નથી. તેના મસ્તક ઉપરથી પાણી વહેવા લાગ્યું.

ગુરજિએફ ભાગીને તંબૂની બહાર આવ્યા, કૂદકો મારીને નહેરમાં કૂદ્યા. તે ત્રીજા બેહોશ સાધકને નહેરમાંથી બહાર કાઢ્યો. બેહોશ, બહારથી. શરીરમાં પાણી ભરાઈ ગયું; શરીરમાંથી પાણી કાઢવામાં આવ્યું. પરંતુ જેવું તેનું શરીર હોશમાં આવ્યું, તે સાધકે ગુરજિએફના ચરણોમાં મસ્તક રાખી દીધું; અને તેણે કહ્યું, હવે મારે શીખવાનું કંઈજ બાકી ન રહ્યું, મે જાણી લીધું. ગુરજિએફે કહ્યું કે, 'આ બધા બાકીનાઓને તું કહી દે કે તું શું શીખ્યો.' તેણે કહ્યું કે, 'જે ક્ષણે હું જીવને ખોવા તૈયાર થયો. તે ક્ષણે મે જાણ્યું કે મારું મન પણ ખોવાઈ ગયું. જ્યાં સુધી મારા મનમાં થોડો એવો દ્વન્દ્વ હતો કે નહેરમાંથી બહાર નીકળી જાઉં કે નહેરમાં જ અટકી રહું, ત્યાં સુધી મન હતું; ત્યારે અંદર કોઈ ચીજ ચાલી રહી હતી; ગતિ હતી, વિચાર હતો, હલન-ચલન હતું. પરંતુ જેવો મે નિર્ણય લીધો કે બરોબર છે, જીવ બચે કે જાય, પરંતુ અહીંથી ખસવું નથી, તરત જ મારા વિચારો ખોવાઈ ગયા. પાણી તો મારી અંદર ભરાઈ ગયું, પરંતુ હું અંદર પહેલી વખત વિચારોથી ખાલી થઈ ગયો. બહારથી તો મારા પ્રાણ સંકટમાં પડી ગયા, પરંતુ પહેલી વખત મે અંદર તેના દર્શન કરી લીધા, જેના પર ક્યારેય કોઈ સંકટ પડી શક્તું નથી. હું મરી પણ જાત, તો પણ હવે મને કોઈ મુશ્કેલી નહોતી. કારણ કે મે તેની ઝલક પામી લીધી, જે ક્યારેય મરતું નથી.'

નિશ્ચયનો અર્થ છે, એવી અવસ્થા, જ્યાં મનનું કોઈ કંપન ન હોય. તેથી શ્રીકૃષ્ણ કહે છે, નિશ્ચય હું છું.

## ૧૮ મોતીભાઈ એટલે શિક્ષકોના શિક્ષક

**ડો. મહેશ સી. વાઘેલા**

શામળાજીની પૂર્વે ૨૦ કિલોમીટર દૂર મેઘરજ તાલુકાના ઈસરી ગામે ખેડૂત, આંજણા ચૌધરી પરિવારને ખોરડે પિતા મનોરભાઈ અને માતા નાથીબહેનને આંગણે ૧૬ મે ૧૯૩૭ માં પહેલા સંતાન તરીકે મોતીભાઈનો જન્મ. પિતા મનોરભાઈની આર્થિક દશા સામાન્ય. પરંતુ આબરુ સારી. માતા નાથીબહેન ઈસરી ગામના જમીનદારની દીકરી. મોતીભાઈનું બાળપણ મોસાળની જાહોજલાલીમાં વીત્યુ. ધોરણ ૧ થી ૭ નો પ્રાથમિક અભ્યાસ ઈસરી ગામમાં કર્યો. ૧૩ વર્ષની ઉંમરે શાળાંત પરીક્ષા પાસ કરી. ઈસરી ગામની આજુ બાજુ ૩૦ કિલોમિટર વિસ્તારમાં માધ્યમિકશાળા ન હોવાથી માધ્યમિક અભ્યાસની જીવનમાં તક ન મળી. ૨ વર્ષ પિતાજી સાથે ખેતીકામ, ઘંટીએ લોટ દળવો, વ્યાપારીને ત્યાં વાણોતર તરીકે કામ કર્યું. ઈસરીમાં મામાને ઘેર મામા સાથે ઘરના નળિયા ચાળતા હતા ત્યારે મામાએ કહેલુ, ‘જો જે ભાણા, તારી લાઈન સીધી રાખજે નહીતર જીવનમાં નિષ્ફળ જઈશ.’ આ વાતને મોતીભાઈએ ગાંઠે વાળી લીધી. ૧૯૫૨-માં આદિવાસી સેવા સમિતિ શામળાજી સંચાલિત ગ્રાન્ટેડ શાળા નવાગામમાં અવેજી શિક્ષક તરીકે કામ કરવાની તક મળી. હનુમાનજીમંદિરની ધર્મશાળામાં રહીને શિક્ષક તરીકે કામગીરી શરૂ કરી. પોતાની ઉંમરનાં બાળકોને ભણાવતા પોતે જે શીખવાનું હતું શીખતા ગયા. બીજા વર્ષ વતનથી દૂર દૂર આદિવાસી વિસ્તારમાં નવી શાળામાં ? ૩૦ ના પગારથી અને ગ્રામજનો બે સમયનું ભોજન માટેનું કાચુ સીધું સામાન આપશે તે શરતે ઓર્ડર આપ્યો. આદિવાસી સમુદાયની જુદી જુદી ટેકરીઓમાંથી બાળકોને ભેગા કરી બિનવારસી ટેકરી પર માટી અને થાપડાવાળા ઘરમાં શાળા શરૂ કરી. રસોઈ, આદિવાસી બોલી શીખી ગયા વેકેશનમાં કોંગ્રેસ સેવાદળની એક માસની તાલીમ લઈ આવ્યા. નવી શાળા, નવા બાળકોને શિક્ષણ આપવા ખૂબ મહેનત કરી. ત્રીજા વર્ષ સારી કામગીરીને લઈને રાજસ્થાનની સરહદે ગોધાવાડા-વાઘપુરની શાળામાં બદલી થાય છે.

મોતીભાઈની કામગીરી, ઉત્સાહ અને સમર્પણ ભાવથી પ્રભાવિત થઈને, નૃસિહભાઈ ભાવસાર શિક્ષક તરીકે કાયમી કરવા માટે બોચાસણ ખાતે શિક્ષક તાલીમ કેન્દ્રમાં ત્રણ માસની તાલીમ માટે મોકલે છે. શી.ગો. પટેલ, રવિશંકર મહારાજનો પરિચય પામે છે. દક્ષિણ ગુજરાતનું નઈ તાલીમનું થાણું એટલે સ્વરાજ આશ્રમ વેડછીમાં શિક્ષક થવા માટેની પૂર્ણ લાયકાત પી.ટી.સી.ના અભ્યાસ માટે જાય છે. જુગતરામ દવે, ચીમનભાઈ ભટ્ટ અને હર્ષકાંતવોરા સાથે રહીને નઈ તાલીમનું ભાથું બાંધે છે. વાંચનની દ્રષ્ટિ પામે છે. સમગ્ર ગુજરાતના અધ્યાપનમંદિરોમાં પ્રથમ નંબરે પાસ થાય છે. શામળાજીની શાળામાં આચાર્યની કામગીરી સાથે ઘેર બેઠા અભ્યાસ કરી ને એસ. એસ. સી. પાસ કર્યું. સ્નાતકના અભ્યાસ માટે નોકરી છોડીને ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ તરફ પગલાં માંડ્યા. ગૂજરાત વિદ્યાપીઠમાં કરકસર અને સખત મહેનતથી ડિગ્રી મેળવે છે. આ સમયે પોતાની હોશિયારીથી ગૂજરાત વિદ્યાપીઠમાં મહાદેવ દેસાઈ શિષ્યવૃત્તિ માટે લાયક બને છે. છાપાં વેચવા, વિનયમંદિરમાં ૧ વર્ષ ક્લાર્ક તરીકે કામગીરી વગેરેથી આત્મનિર્ભર અને સ્વાવલંબનથી અભ્યાસ કરે છે. ૧૯૨૦ થી ૧૯૬૨ સુધીમાં ગૂજરાત વિદ્યાપીઠમાં માત્ર ત્રણ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગ મેળવવામાં સફળ રહેલા જેમાં મોતીભાઈ પટેલ પણ ખરાજ. તકલી કતાઈ, રેંટીયો કતાઈ અને વણાટકામમાં સદાય અગ્રેસર રહેતા. રાજપીપળા ખાતે જીબીટીસીના અભ્યાસ માટે જાય છે. જીબીટીસીના અભ્યાસમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબર

મેળવે છે. મોતીભાઈ પટેલની શિક્ષણદક્ષતા એવી ધારદાર રહી છે કે જ્યાં અભ્યાસ કર્યો ત્યા પ્રથમ હરોળનું પરિણામ મેળવ્યું.

સી.એન.વિદ્યાલય અમદાવાદ ખાતે પી.ટી.સી. અને જી.બી.ટી.સી.માં અધ્યાપક તરીકે કામ કર્યું. આ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એડ.નો અભ્યાસ પૂર્ણ કરે છે. મોતીભાઈ અમદાવાદ જેવા શહેર અને સી.એન. વિદ્યાલય જેવા નામાંકિત શૈક્ષણિકગૃહમાં કામ છે પરંતુ પોતાનું ખરું કામ અરવલ્લીની ગિરિમાળાઓમાં વસતાં આદિવાસી માટે છે એ સમજને સ્વીકારી  વતન નજીક ડોડીસરા ગામમાં આદર્શ વનવાસી વિદ્યાવિહાર નામે નિવાસીશાળા શરૂ કરી. ૩ વર્ષ આચાર્ય તરીકે કામગીરી નિભાવે છે. ૩ વર્ષ દરમિયાન પોતાની શક્તિ સમય અને સામર્થ્ય થકી પોતાના સપનાઓ પુરા કરવા મહેનત કરે છે. પોતાના કામને જોવા જાણવા અને માર્ગદર્શન મેળવવા ઉમાશંકર જોશીને ડોડીસરા આમંત્રિત કરે, આગલા દિવસે વાવાઝોડા સાથે વરસાદ ખાબકે છે. તો ઉમાશંકર જોશીને પોતાના ખભા પર બેસાડીને શાળામાં લઈ આવીને પોતાનુ કામ દેખાડે છે. પોતાના કામ પ્રત્યે કેટલું મોટું સમર્પણ અને પ્રેમ કે જરૂર પડે તો એક કવિને એક શિક્ષક પોતાનું કામ જોવા જાણવા ખભે બેસાડી શકે છે. ડોડીસરમાં ૩ વર્ષના કામને અંતે સાથીઓ સાથે મતભેદનો અણસાર આવતા જ તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપીને ખંભાતની બીએડ. કૉલેજમાં જોડાયા. ખંભાતમાં માંડ હજુ વર્ષ થયું હતું ત્યારે જ કૉલેજના આચાર્યએ આગ્રહપૂર્વક પ્રેમથી શારદાપીઠ દ્વારકા ખાતે શિક્ષણ વિભાગના વડા અને બીએડ. વિભાગમાં આચાર્ય તરીકે મોકલ્યા. મોતીભાઈ પોતાના જીવનમાં સૌથી વધુ કામગીરી ૧૫ વર્ષ દ્વારકામાં કરે છે. દ્વારકા શહેર અને ગ્રામીણ વિસ્તારમાં શિક્ષણ, સાહિત્ય,માનવ ઘડતરની  પ્રવૃત્તિથી નવો સંચાર પેદા કર્યો. 'પારેવડું', 'સાંપ્રત' અને 'સમણું' સામયિકનો આવિષ્કાર દ્વારકાથી આરંભાયો. મોતીભાઈ 'સટરપટર'-થી શિક્ષણ અને સાહિત્યની દુનિયામાં સમગ્ર ગુજરાતમાં પોંખાયા. સુરેન્દ્રનગર શહેરની મૈત્રી વિદ્યાપીઠ-મહિલા બીએડ. કૉલેજના શુભારંભથી કૉલેજના આચાર્ય તરીકે જોડાય છે. ખાદી, નઈ તાલીમ, સેમિનારો, અધ્યાપકોને પીએચ.ડી માટે પ્રોત્સાહન વગેરે અનેક શૈક્ષણિક પ્રવૃત્તિઓથી મૈત્રી વિદ્યાપીઠ મહિલા બીએડ. કૉલેજને ગુજરાતની બીએડ. કૉલેજોમાં અગ્ર હરોળમાં સ્થાને પહોચાડી.  મૈત્રી વિદ્યાપીઠ મહિલા બીએડ. કૉલેજમાંથી સરકારી નિયમોનુસાર નિવૃત્ત થઈને 'વૃંદાવન' માં નિવૃત્તિનો અનેકવિધ પ્રવૃત્તિઓ થકી પ્રારંભ કરે છે.

મોતીભાઈ પોતાના જીવન દરમિયાન વાચન, લેખન અને પ્રવાસ થકી આગવી ઓળખ ઊભી કરી હતી. ગુજરાતના નામાંકિત સામાયિકોમાં ૫૦૦ કરતા વધુ લેખો લખ્યા. અનેક સભા, સંમેલનો, પરિસંવાદ, શિબિરોમાં વ્યાખ્યાનો આપ્યાં. ૫૦ કરતા વધુ પુસ્તકોનું સર્જન કર્યું. સમાચાર પત્રોમાં કટારલેખન કર્યુ છે. વિચારક ગુણવંત શાહના વાંચનશિબિર, માતૃભાષા અભિયાન વગેરે કામમાં મજબૂત ટેકેદાર, અડિખમ સહયોગી રહ્યા. મોતીભાઈએ પોતાના જીવનકાળ દરમિયાન અનેક શિક્ષકો તૈયાર કર્યા, અનેકને વાચતા અને લખતા કર્યા. મોતીભાઈના  કામની નોંધ લઈને સરદાર પટેલ યુનિવર્સિટીનો હરિઓમ આશ્રમ પ્રેરિત 'ઇંટર યુનિવર્સિટી એવોર્ડ' અને 'નટુભાઈ ઠક્કર એવોર્ડ' થી પોખાયા. જે શાળા અને સંસ્થામાં પોતે શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરી હતી, આદિવાસી સેવા સમિતિ શામળાજીના પ્રમુખ તરીકે કાર્ય કરવાની તક મળી હતી. મોતીભાઈ એટલે શિક્ષકોના શિક્ષક. સદાયને માટે હસમુખો ચહેરો, શબ્દોમાં આત્મવિશ્વાસનો રણકાર, મળનારને પોતાનો કરી લેવાની આવડત, કોઈ સભા સંમેલનમાં પોતાની હાજરીથી તે જગ્યામાં જીવન્તતા બક્ષનાર મોતીભાઈ પટેલ ૮૬ વર્ષનું આયખું પામીને અનંતયાત્રાએ નિકળી  ગયા. તેમના કામ અને તેમના વ્યક્તિત્વને ગુજરાત સદાયને માટે યાદ કરતુ રહેશે. આવા વિદ્યાપુરુષના ચરણોમાં કોટિ કોટિ વંદન.

મો.૯૪૨૭૬૬૫૦૨૧

## ૧૯ સંસ્થા સમાચાર (સપ્ટેમ્બર, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- તા.૦૪થી ૦૬ દરમિયાન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની વાર્ષિક કાર્યશાળા યોજાઈ હતી. જે અંતર્ગત શ્રી નિગમભાઈ શુકલ દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો.
- તા.૫ના અધ્યાપનમંદિરમાં શિક્ષકદિન પ્રસંગે તાલીમાર્થીઓએ આચાર્ય, ઉપાચાર્ય, અધ્યાપક, ગૃહપતિ, ગૃહમાતા અને સેવક તરીકેની ભૂમિકા ભજવી અનુભવ મેળવ્યો.
- તા. ૦૬ અને ૦૭ દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયમાં નેક પિયર ટીમ મૂલ્યાંકન અર્થે ત્રણ સભ્યો આવેલ જેમાં (૧) ડૉ. વિજય વિર સિંઘ (નેક ચેર પર્સન) વાઇસ ચાન્સેલર Apeejay saty university. (૨) ડૉ. મંઝુર અલી પી. MEES Mapad autonomous college.(૩) ડૉ. કે. પી સિંહ - ડિપાર્ટમેન્ટ ઓફ લાઈબ્રેરી એન્ડ ઇનફોર્મેશન સાયન્સ દિલ્હી યુનિવર્સિટી. મુલાકાત દરમિયાન તેઓએ સંસ્થાના મેનેજમેન્ટ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, પ્રાધ્યાપકો, તથા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ ભૂતિયા ગામે ખેડૂતો સાથે બેઠક કરી હતી. તેઓએ મુલાકાત અંતે પ્રાર્થના દરમિયાન ભાગ લેતા લોકભારતીની શિક્ષણ અને ઘડતરની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.
- તા.૭ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં પૂર્વ તાલીમાર્થીઓ શ્રી જીતુભાઈ ચુડાસમા અને શ્રી ભરતભાઈ વાળાએ લોકભારતીના તાલીમ દરમ્યાનના અનુભવો રજૂ કર્યા.
- તા. ૧૦ના રોજ શ્રી રામ મોરીની એક જાણીતી વાર્તા ‘માતાજીએ લાજ રાખી’નું વાચિકમ ખુદ લેખકના સ્વમુખેથી કરવાનો કાર્યક્રમ રાત્રે ૦૮-૧૫ કલાકે સારસ્વતભવનમાં યોજાયો, જે સમગ્ર લોકભારતી પરિવારે માણ્યો.
- અનિવાર્ય સંજોગોને કારણે આ વખતની સ્વ.પૂ. મૂળશંકરભાઈ મો.ભટ્ટ વ્યાખ્યાનમાળા તારીખ પાંચ સપ્ટેમ્બરને બદલે તા.૧૧મી સપ્ટેમ્બરના રોજ રાખવામાં આવી. આ વ્યાખ્યાનમાળાના અઢારમાં મણકાનું વ્યાખ્યાન જાણીતા ગુજરાતી વાર્તાકાર, પટકથા લેખક અને નાટ્યકાર શ્રી રામ મોરીએ ‘લોકજીવનમાંથી મળતાં કથા અને કિરદારો’ વિષય પર રસપ્રદ રીતે રજૂ કર્યું. વક્તાશ્રીને શાલ અર્પણ કરીને આભારદર્શન શ્રી વિક્રમભાઈ ભટ્ટે કર્યું. અંતમાં શ્રી દર્શનાબહેન ભટ્ટે સુમધુર કંઠે ભજન રજૂ કર્યું. આ કાર્યક્રમમાં સાથી સંસ્થાઓના કાર્યકરો અને લોકભારતી પરિવારજનો ઉપસ્થિત રહ્યા.
- પ્રાચીન ભજન પરંપરાના ભજન આરાધક અને સરકારમાં વર્ષો સુધી માહિતી નિયામક તરીકે સેવાઓ આપી નિવૃત્તિમાં પણ સતત સક્રિય તેવા શ્રી દલપતભાઈ પઢિયારનો ‘પ્રાચીન ભજન પરંપરા’ અંગેનો એક કાર્યક્રમ તા.૧૧મીની રાત્રે ૦૮-૩૦ કલાકે સારસ્વતભવનમાં રાખવામાં આવ્યો.
- તા. ૧૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયને NAAC cycle-02માં ‘B’ ગ્રેડ પ્રાપ્ત થયેલ છે.
- લોકભારતીના શુભેચ્છક એવા શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ તા.૧૪ના રોજ લોકભારતીની મુલાકાતે આવી ગયા. તેઓ ગોશાળાના એક પ્રોજેક્ટ અર્થે આવ્યા હતા.

- તા.૧૪ના રોજ અધ્યાપનમંદિરમાં યોજાયેલ ભાષા સજ્જતા સેમિનારમાં મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા સુરતના શિક્ષક અને માતૃભાષા ગૌરવ અને સંવર્ધન માટે કામ કરતા શ્રી રાજેશભાઈ ધામેલિયાએ સાચી જોડણી કેવી રીતે લખવી તે અંગે માર્ગદર્શન આપ્યું.
- NSS વિભાગ દ્વારા તા. ૧૪ના રોજ લોકસેવા મહાવિદ્યાલયનાસંમેલન દરમિયાન કૉલેજ કક્ષાની 'વક્તૃત્વ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓ તથા કાર્યકર જોડાયા હતા.
- તા.૧૬મીના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વ્યવસ્થાપક મંડળની એક બેઠક મળી ગઈ.
- તા.૧૭ના રોજ શ્રી અરુણભાઈ દવે પૂ. મોરારિબાપુની મુલાકાતે તલગાજરડા જઈ આવ્યા.
- તા.૧૭ના રોજ નવી દિલ્હી ખાતે દેશના વિવિધ રાજ્યોના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના પ્રતિનિધિઓ માટે યોજાયેલ બેઠકમાં શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી નિગમભાઈ શુકલએ ભાગ લીધો.
- તા. ૧૭ના રોજલોકસેવાના ૦૩ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કક્ષાએ ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- જિલ્લા ગ્રામવિકાસ એજન્સી-ભાવનગર આયોજિત સફાઈ મિશન અંતર્ગત ત્રણેક જિલ્લાના કાર્યકરોનો એક ત્રિદિવસીય તાલીમી કાર્યક્રમ તા.૧૯થી ૨૧ દરમિયાન લોકભારતીમાં યોજાઈ ગયો.
- તા.૧૯ રોજ બાયેફ-જામનગરના સ્વસહાય જૂથની બહેનોનો લોકભારતી પરિચયનો એક દિવસીય પ્રવાસ આવી ગયો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૯ના રોજ ૪૨ દિવસ માટે પ્રમોશન મેળવેલ મુખ્ય સેવિકા વર્ગ પ્રારંભ થયો, તા.૨૧ ના રોજ વર્ગ પ્રારંભે શ્રી હસમુખભાઈ દેવમુરારિ ઉપસ્થિત રહી અભિમુખતા પ્રવચનઆપેલ.
- લોકસેવા મહાવિદ્યાલય ટી. વાય.ના વિદ્યાર્થી લુણી ધવલભાઈ તા. ૨૨નાં રોજ રાજ્યકક્ષાની એકપાત્રીય એકોકતિમાં ભાગ લેવા અમદાવાદ જઈ આવ્યા.
- દેશમાં કૃષિ વિજ્ઞાનકેન્દ્રની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થવાના ઉપક્રમે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સહિત દેશભરના ૫૦૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં તા. ૨૩થી ૨૭ દરમિયાન 'કૃષક સ્વર્ણ સમૃદ્ધિ સપ્તાહ' ઉજવવામાં આવ્યું. જેમાં જિલ્લાના વિવિધ ગામોમાં ાર્યકરો દ્વારા 'કૃષક સ્વર્ણ રથ' દ્વારા કૃષિની અદ્યતન તકનિકો વિશે ચર્ચા કરી ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું. સપ્તાહ દરમિયાન તા. ૨૬ના રોજ લોકભારતી ખાતે કિસાન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૨૫૦ કરતા વધુ ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- તા.૨૬ના રોજ અધ્યાપનમંદિરમાં શ્રી દિનુભાઈ ચુડાસમાએ 'વર્તમાન સમયમાં ગાંધીમૂલ્યોની આવશ્યકતા' વિષય પર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું.
- લોકસેવા બીજા વર્ષ- વિસ્તરણના સૌ છાત્રો શ્રી મનોજભાઈ અગ્રાવતના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કૃષક સ્વર્ણ સમૃદ્ધિ સપ્તાહમાં તા. ૨૩થી ૨૭ દરમિયાન સઘન રીતે જોડાયા.
- તા.૨૫ના શ્રી રામચંદ્રભાઈ પંચોળી 'સ્વતંત્રતા અને પરતંત્રતા' વિષય પર લોકસેવા મહાવિદ્યાલયનાવિદ્યાર્થી સાથે સંમેલનમાં વાત કરી.
- પંચાયતીરાજ તાલીમકેન્દ્રમાં તા.૨૬ ના રોજ શ્રી દિનુભાઈ ચુડાસમાએ 'સહજ શાંતિ, સરળ સુખ' વિશે અનુભૂતિજન્ય વાર્તાલાપ આપ્યો.
- તા.૩૦ના રોજ શ્રી જગદીશભાઈ ગોસાઈએ 'બાળકોમાં બાલવાર્તા અને બાલગીતોનું મહત્ત્વ' વિશે વ્યાખ્યાન આપેલ.
- જામનગરની પ્રસિદ્ધ આણદાબાવા સંસ્થાના

શિક્ષણની જવાબદારી સંભાળતા શ્રી હેમાંગભાઈ પારેખને લઈને દક્ષિણામૂર્તિ-ભાવનગરના નિયામકશ્રી દિલીપભાઈ વ્યાસ તા.૨૭મીએ લોકભારતી પરિચય મુલાકાતે આવી ગયા અને સાયં પ્રાર્થનામાં પણ જોડાયા.

- તા.૩૦ના રોજ અધ્યાપન મંદિરમાં પાલીતાણા ખાતેની TSG કચેરીના અધિકારી શ્રી લાલજીભાઈ જોગરાણાએ કારકિર્દી ઘડતર અંગે પ્રેરણાત્મક વાતો કરી.

**આંબલા સમાચાર**

- તા.૦૩.ના રોજ ભાદરવી અમાસ નિમિત્તે વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને તિરુપતિ મંદિર ખાતે મેળામાં ભાગ લઈ આવ્યા.
- તા. ૦૫.ના રોજ સ્વયંશિક્ષણદિનની વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ઉજવણી કરી.
- તા. ૦૫.ના રોજ ભૂતપૂર્વ કાર્યકરશ્રી રઘુભાઈ તેમજ શ્રી અરુણાબહેન સંસ્થા મુલાકાતે આવી ગયાં.
- તા. ૦૯થી ૧૧ દરમિયાન ત્રણ દિવસની પર્યાવરણ વિભાગ ગાંધીનગર તરફથી પર્યાવરણ અંગેના કાર્યક્રમનું આયોજન થયું હતું.
- તા. ૧૧ના રોજ લોકશાળા તથા મોજીલી પ્રાથમિક શાળાના બાળકો દ્વારા આનંદ બજારનું આયોજન સુપેરે સંપન્ન કરાયું.
- તા. ૧૬ના રોજ સમત્વ સ્કૂલ ભાવનગરના શ્રી કેતનભાઈ ટાંક તેમજ શ્રી મનોજભાઈ પરમાર તેમની ટીમ સાથે સંસ્થા મુલાકાતે આવી ગયેલ.
- તા. ૧૮ના રોજ મોટી પાણીયાળી સંસ્થાના વિદ્યાર્થીઓ તથા કાર્યકર પરિવાર સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા. ૧૮ના રોજ સોનગઢ મુકામે ક્યુસીડી કલાકુંભમાં વિદ્યાર્થીઓને લઈને સંગીત શિક્ષક શ્રી ભરતભાઈ દવે જઈ આવ્યા. જેમાં ગાયનમાં શાસ્ત્રીય સંગીતમાં માધ્યમિક વિભાગમાંથી જોશી પ્રાચી સતીશભાઈએ અને ઉચ્ચ-માધ્યમિક વિભાગમાંથી ગુજરીયા ઋત્વિક કનુભાઈએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.
- તા. ૧૮ના રોજ આંબલા ગામમાં કરેલ સફાઈ આયોજનમાં સમગ્ર વિદ્યાર્થીઓ તથા કાર્યકરો જોડાયા હતા.
- તા. ૨૦ના રોજ શ્રી વીરજીભાઈ જસાણી સંસ્થા મુલાકાતે આવેલ અને પ્રાર્થનાના અનુસંધાને વિદ્યાર્થીઓને ડ્રીપ અંગે માહિતી આપેલ.
- તા. ૨૩ના રોજ ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ૧૦૦ વિદ્યાર્થીઓ તથા શ્રી મહેન્દ્રસિંહજી પરમાર અને લોકભારતીના કાર્યકરશ્રી નીતિનભાઈ ભીંગરાડિયા સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૨૫ના રોજ સંસ્થામાં ઝોનકક્ષાના કલા ઉત્સવનું આયોજન થયેલું હતું. અંદાજિત ૧૫ શાળાના ૪૦ જેટલા વિદ્યાર્થીઓ સહભાગી થયેલ.
- તા. ૨૫ના રોજ ધો. ૦૯ વિદ્યાર્થીઓનો બે દિવસનો 'આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ' વર્કશોપ યોજવામાં આવેલ. વિદ્યાર્થીઓએ જુદા જુદા મોડેલ બનાવવાની તાલીમ લઈ જાણકારી મેળવી.
- તા. ૩૦ના રોજ ઘરશાળા સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી મોજીલી પ્રાથમિક શાળાને વોટર કુલર ભેટ આપવામાં આવ્યું.
- તા. ૩૦ના રોજ લોકભારતીના બી.એડ.ના ભૂતપૂર્વ આચાર્ય શ્રી ગોવિંદભાઈ સરવૈયા સંસ્થા મુલાકાતે આવી ગયા.

**મણાર સમાચાર**

- NSS યુનિટ અને શાળાના ધોરણ ૯ થી ૧૨ના સમગ્ર વિદ્યાર્થીઓ, સ્ટાફગણ સહિત વર્ષ-૨૦૨૪-૨૫ની 'સ્વચ્છતા પખવાડાની' હોંશભેર ઉજવણી કરવામાં આવી.
- તા. ૫મી સપ્ટેમ્બર-શાળામાં સ્વયં શિક્ષણદિનની ઉજવણી કરવામાં આવી.
- આ દિવસે DEO કચેરી ભાવનગરના પરિપત્ર મુજબ શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ શિક્ષકદિન

નિમિત્તે રૂ.૪૦૦૧/- રકમનું ફંડ એકત્ર કરી અર્પણ કર્યું.

- શ્રી ડાયાભાઈ ડાંગર, શ્રી મનસુખભાઈ અને શ્રી લાલજીભાઈ તળાજાની સરકારી શાળાના વિજ્ઞાનભવનના ભૂમિપૂજનના કાર્યક્રમમાં જઈ આવ્યા.
- રાષ્ટ્રીય અંધજનમંડળ ભાવનગર જિલ્લા શાખા આયોજિત 'નેશનલ ફ્લેગ ડે-૨૦૨૩' માં એન.એસ.એસ. યુનિટ દ્વારા શ્રેષ્ઠફંડ એકત્રિત કરનાર સંસ્થાઓના અભિવાદન સમારોહમાં શ્રી ડાહ્યાભાઈ ડાંગર અને શ્રી કંચનબેન થડોદા, શ્રી અંકુરભાઈ શાહ તથા ત્રણ પ્રતિનિધિ વિદ્યાર્થિની બહેનો ઉપસ્થિત રહ્યા. અંધ ઉદ્યોગ શાળા ભાવનગર માટે રૂપિયા ૧,૩૬,૦૬૧(એક લાખ છત્રીસ હાજર એકસઠ રૂપિયા) જેવી માતબર રકમ એકત્ર કરી જમા કરાવવા બદલ ભારત સરકાર અને આપણા સાંસદ(ભાવનગર-બોટાદ લોકસભા) અને કેન્દ્રીય મંત્રીશ્રી નિમુબહેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને અને તેમના વરદ્ હસ્તે શ્રેષ્ઠફંડની ટ્રોફી એનાયત કરવામાં આવી.
- તા. ૧૧ના રોજ લોકશાળા મણારમાં બહેનોએ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતો- દિવસ 'સાડી ડે'ની ઉજવણી કરી.
- તા. ૧૨ના રોજ સથરા QDC કક્ષાની 'કળા ઉત્સવ'સ્પર્ધામાં શ્રી સત્યનારાયણ વિદ્યાલય સથરા મુકામે તળાજા તાલુકા લોકશાળા મણારના માધ્યમિક વિભાગમાં-ગાયન સ્પર્ધામાં દિહોર પૂર્વા પ્રથમક્રમે ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં બારૈયા ઋષિતા પ્રથમક્રમે,વદનમાં માધ્યમિક વિભાગમાં દિહોરા કેયુર અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં મકવાણા નયન પ્રથમક્રમે રહયા.બાળકવિતા વિભાગમાં ગોહિલ નિશાબા ચોથા ક્રમે તથા ચિત્રસ્પર્ધામાં શિયાળ માયાબહેન પાંચમાં ક્રમે રહયા.
- તા. ૧૪ના રોજ શ્રી ત્રિવેણી તીર્થ ઉત્તર બુનિયાદી વિદ્યાલય,કળસાર સંસ્થા ખાતે શિક્ષણ તાલીમ અને સાહિત્ય નિર્માણની કાર્યશાળામાં શ્રી ડાંગરભાઈ, શ્રી વિનોદભાઈ અને શ્રી પૃથ્વીભાઈએ લાભ લીધો.
- તા. ૧૭ના દિવસે લોકશાળા મણારના NCC યુનિટની પરેડ યોજાઈ.
- ધો. ૯થી ૧૦ વિવિધ વિષયના એમ.ટી.તાલીમમાં તા.૧૮થી ૨૦ દરમિયાન શ્રી વિનોદભાઈ અને શ્રી પૃથ્વીભાઈ જઈ આવ્યા.
- તા. ૨૦ના રોજ શાળામાં મણાર આરોગ્ય કેન્દ્રની સમગ્ર ટીમ દ્વારા ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓનું 'મેડીકલ ચેકઅપ' કરવામાં આવ્યું.કિશોરો અને તરૂણીઓને મુંઝવતા પ્રશ્નોનોનું માર્ગદર્શન પણ તબીબોની ટીમ દ્વારા આપવામાં આવ્યું.
- 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૪'અંતર્ગત તા. ૧૮/૦૯/૨૦૨૪થી ૦૧/૧૦/૨૦૨૪ સુધીમાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે 'સ્વચ્છતા રેલી' ચિત્ર,રંગોળી, નિબંધ, ક્વીઝ સ્પર્ધાઓ, 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ તથા 'વેસ્ટ માંથી બેસ્ટ' (આર્ટ)જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.
- તા. ૨૧ના રોજ ધો. ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ કાર્યકરો અલંગ શીપ બ્રેકીંગ યાર્ડના દરિયાકાઠે 'સાગર સ્વચ્છતા' કાર્યક્રમ યોજાયો. 'સ્વચ્છતા પખવાડા' અને 'રાષ્ટ્રીય પોષણ સપ્તાહ' અંતર્ગત આ માસ અનેક પ્રવૃત્તિઓ સભર બની રહયો.
- તા. ૨૩થી ૨૫ દરમિયાન ધો. ૯થી ૧૦ અધ્યયન નિષ્કર્ષ આધારિત શિક્ષક તાલીમમાં શ્રી પૃથ્વીરાજસિંહ ગોહિલ જઈ આવ્યા.
- 'માતૃભાષા' વિષય ઉપર આધારિત રેલીની મિટિંગમાં શ્રી વિનોદભાઈ વાઘેલા માલપર મુકામે જઈ આવ્યા.
- તા. ૨૧ના રોજ જિલ્લાકક્ષાની સમૂહગાન સ્પર્ધામાં બહેનો પ્રથમ ક્રમે આવી.
- તા. ૨૫ના રોજ S.V.S. ની કલા ઉત્સવ સ્પર્ધા

ગર્લ્સ સ્કૂલ તળાજા ખાતે યોજાઈ, જેમાં કલા ઉત્સવ તાલુકા કક્ષાએ ગાયનમાં પ્રથમ અને ઉ.મા.ગાયનમાં બીજો ક્રમ તથા વાદનમાં મા.અને ઉ.મા. વિભાગમાં બન્નેએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે.

- ભાવનગર (ગ્રામ્ય) જિલ્લાકક્ષા યુવા ઉત્સવ સ્પર્ધામાં લોકશાળા મણારને સમૂહગીતમાં પ્રથમ નંબર પ્રાપ્ત થયેલ છે.
- તા. ૨૪ના રોજ શાળામાં 'એન.એસ.એસ.ડે' ની ઉજવણી કરવામાં આવી.
- પ્રીમેટ્રિક અને પોસ્ટમેટ્રિક શિષ્યવૃતિ માટે વિદ્યાર્થીઓનું E-KYCની કામગીરી કરવામાં આવી.
- તા. ૨૮-૦૯ થી ૦૨-૧૦ સુધી શ્રી મનસુખભાઈ ગુજરીયા 'તુલા-સંજય' દ્વારા આયોજિત ગાંધીવિચાર શિબિરમાં વિશ્વગ્રામ સંસ્થા (મહેસાણા) જઈ આવ્યા.

**માઈધાર સમાચાર**

- તા.૫નારોજ શ્રી ભરતભાઈ દવેએ ભારતમાં ચોમાસું કેવી રીતે બેસે છે અને આગાહી કેવી રીતે કરવામાં આવે છે તે વિષે વિસ્તૃત જાણકારી આપી.
- તા.૧૧નારોજ લોકભારતી ખાતે યોજાયેલ સ્વ. પૂ. મૂળશંકરભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળામાં કાર્યકરો જઈ આવ્યા.
- આ મહિનામાં ગણેશ ચતુર્થી ઉજવણી કાર્યક્રમ વિદ્યાર્થીઓ દ્વારા ઉજવવામાં આવ્યો. તા. ૧૨થી ગાંધી ગુંજન કાર્યક્રમ અંતર્ગત ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથાનું વાંચન કરી વિદ્યાર્થીઓ દ્વારા સ્વાધ્યાય અભિવ્યક્તિ રજૂઆત કરવામાં આવી. જેમાં ગાંધી જીવનના પ્રસંગો દ્વારા મૂકનાટકો, વ્યસન મુક્તિ, વિડીયો ક્લિપ, પ્રોજેક્ટ વર્ક, પ્રશ્નોતરી દ્વારા ગાંધીવિચારનો પરિચય વિદ્યાર્થીઓએ કર્યો.
- તા. ૧૩ અને ૧૪ બે દિવસ શ્રી અરુણભાઈ દવેએ માઈધાર કેન્દ્રમાં હિસાબો અને નવી યોજનાઓ સંદર્ભે માર્ગદર્શન આપ્યું. સાંજની પ્રાર્થનામાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ - પ્રશ્નોત્તરી કરી.
- તા.૧૪ અને ૧૫ બે દિવસ શિક્ષણ ગુણવત્તા અને સંવર્ધન કેન્દ્ર, લોકભારતીના કાર્યક્રમ અંતર્ગત કળસાર મુકામે બે દિવસની તાલીમમાં માઈધાર કેન્દ્રમાંથી ચાર કાર્યકરો જઈ આવ્યા.
- તા.૨૧ના રોજ મોજીલું શિક્ષણ મોડ્યુલ નિર્માણ બાબતે એક બેઠક યોજાઈ ગઈ.
- તા.૨૨ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ પરિવાર અને મિત્રો સાથે માઈધાર કેન્દ્રની પ્રવૃતિઓ જોવા, સમજવા માટે આવી ગયા.
- તા. ૨૫ના રોજ ગાંધી ગુંજન કાર્યક્રમ અંતર્ગત શ્રી હસમુખભાઈ દેવમુરારિએ 'ગાંધી અને કૃષ્ણ' - બે મોહનની ઉદાહરણ દ્વારા વિસ્તૃત વાતો કરી.
- તા.૨૬ના રોજ હનુંમત હોસ્પિટલની ટીમ દ્વારા આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો. ૨૮૧ વિદ્યાર્થીઓએ તપાસ કરાવી. ડૉ. પાર્થભાઈએ વિદ્યાર્થીઓને આરોગ્ય અંગે વાતો કરી જ્યારે ડૉ. પરેશભાઈ જાનીએ વ્યસન મુક્તિ અંગે માર્ગદર્શન આપ્યું.
- તા. ૨૮ના રોજ ગાંધી ગુંજન કાર્યક્રમ અંતર્ગત શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ દેશ-વિદેશમાં ગાંધી વિચારથી પ્રેરાઈને બીજા લોકોએ કેવા કામો કર્યા તેની વાતો કરી. શ્રી દિનુભાઈ ચુડાસમાએ 'સત્ય, પ્રેમ, કરુણા અને ગાંધીજી' વિશે જીવનમાં આચરણ કરી શકાય એવી વાતો વિદ્યાર્થીઓ સમક્ષ રસપ્રદ શૈલીમાં રજૂ કરી હતી.
- તા.૩૦ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણીએ જૂથ ચર્ચામાં "ગાંધીજીનું દવાખાનું" શીર્ષક અંતર્ગત વિદ્યાર્થીઓને જૂથ કાર્ય કરાવ્યું. તેમના દ્વારા સ્વરચિત વાર્તાનો રસાસ્વાદ કરાવ્યો.
- ગ્રામભારતીથી બે ભાઈઓ અને લોકભારતીથી બે બહેનો ઇન્ટર્નશિપ અંતર્ગત રોકાઈ ગયા.

રાષ્ટ્રીય અંધજનમંડળ ભાવનગર દ્વારા 'નેશનલ ફ્લેગ ડે' પ્રસંગે
માનનીય સાંસદશ્રી નિમુબહેન બાંભણિયા દ્વારા
લોકદક્ષિણામૂર્તિ-મણાર સંસ્થાનું શ્રેષ્ઠફંડ એકત્રિત કરનાર સંસ્થા તરીકે થયેલું સન્માન..



પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર ખાતે 'ગાંધીગુંજન' અંતર્ગત યોજાયેલ વિવિધ કાર્યક્રમો












To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-